वर्ष : 13 ◆ અંક : 6
નવેમ્બર-ડિસેમ્બર 2023
સળંગ અંક : 78

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

જમાને-જમાને ધર્મો બદલાય છે. આ ધર્મોને જે સમાજ ઓળખીને અનુસરે છે તે જ જીવનપંથમાં આગળ વધે છે. કેળવણી એ આ જમાનાનું સૂત્ર છે. જે સમાજ બાળકોની કેળવણી માટે બેદરકાર રહે છે, તે ભાવિ પ્રજાની ઉન્નતિનો માર્ગ બંધ કરે છે અને જમાનાના કાર્યને પાછું ધકેલે છે. – છગનભા

✳

*'Libraries are not mere storehouses; they are rich springs from which knowledge flows out to irrigate the wide fields of education and culture'* – Dr. S. R. Ranganathan

✳

જ્યારે રાજ્ય રાજ્યવિહીન અવસ્થામાં હોય ત્યારે પ્રજાજનો સ્વાભાવિક રીતે જ આશાવિહીન સ્થિતિમાં હોય છે. આનું નામ જ લોકશાહીની પીડા..... – તુલા-સંજય

✳

ભારતની આઝાદીના અમૃતમહોત્સવની ઉજવણીના ટાણે ભારતીય લોકશાહીનાં બહુમૂલ્ય પ્રદાનો હોવા છતાં તે વિવિધ પ્રકારનાં ગંભીર જોખમો અને પડકારોનો સામનો કરી રહી છે. આપણે સાર્વત્રિક મતાધિકાર દ્વારા રાજકીય સમાનતા પ્રાપ્ત કરી છે. પણ, આર્થિક અને સામાજિક અસમાનતા દૂર કરી શક્યા નથી. પ્રવર્તમાન વ્યાપક આસમાનતાઓને કારણે લોકશાહીમાં દરેક નાગરિકને કાનૂનનું સમાન રક્ષણ મળે, દરેક સાથે ન્યાયી વર્તન કરવામાં આવે, કોઈને પણ જાતિ, લિંગ, ધર્મ, જાતીય અભિગમ અથવા અન્ય વ્યક્તિગત લાક્ષણિકતાઓના આધારે પ્રેફરન્શિયલ ટ્રીટમેન્ટ આપવામાં ન આવે તે ભાવનાનો ભંગ થાય છે. તેથી સૌ નાગરિકોને રાજકીય જીવનમાં ભાગ લેવાની સમાન તક નથી મળતી. સામુદાયિક તથા સહિયારી જવાબદારીની ભાવના ઘટે છે અને સમાજ વધુ સમાવિષ્ટ અને સુમેળભર્યો બનતો નથી. – પ્રવીણ જ. પટેલ



‘સર્વ નેતૃત્વ’ની ટીમ દ્વારા દિવાળી ભેટ પ્રાપ્તિ અંતર્ગત વિવિધ શાળા/કૉલેજોમાંથી
ઘર વપરાશમાં મેળવેલી ચીજવસ્તુઓ જરૂરતમંદોને વહેંચવામાં આવી હતી તેનાં દ્રશ્યો.









શ્રી જે. બી. પ્રાથમિક શાળા, એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ તથા
એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ દ્વારા આયોજિત વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં દ્રશ્યો.















માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ ૧૩: અંક ૬: નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૩: સળંગ અંક ૭૮

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : ગુજરાતી પ્રજા ઝંખે છે ગુજરાતી ભાષા સાહિત્યનું સ્વતંત્ર ગ્રંથાલય — મણિભાઈ પ્રજાપતિ 1

1. ઇતિહાસની અટારીએથી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર પાટીદાર કેળવણી મંડળ સમાચાર — છગનભા 8
2. (અંતર)નેટવર્ક બહારનો પ્રદેશ મણિપુર-બહારના લોકો મણિપુરી — તુલા-સંજય 11
3. આઝાદીના અમૃતકાળમાં ભારતની લોકશાહીનાં લેખાં-જોખાં: ઉપલબ્ધિઓ અને પડકારો — પ્રવીણ જ. પટેલ 14
4. સુપ્રીમ કૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ. હિદાયતુલ્લા — શરદભાઈ પી. શાહ 28
5. કાર્લોસ ફ્વેંટિસ: ૧૯૨૮ - ૨૦૧૨ (મેક્સિકો) — ડૉ. મનીષ વ્યાસ 38
6. ધૂમકેતુઓ (Comets) — વિઠ્ઠલભાઈ અં. પટેલ 42
7. પોતાની જાતનું મૂલ્યાંકન — ડૉ. ચંદ્રકાન્ત મહેતા 48
8. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ 50
9. સંસ્થા સમાચાર
   – યુનિવર્સિટી / કૉલેજ વિભાગ 52
   – શાળા વિભાગ 54


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-15 ગાંધીનગર-382016
Email : manibhaiprajapati@gmail.com
ફોન : (મો) ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

# ગુજરાતી પ્રજા ઝંખે છે ગુજરાતી ભાષા સાહિત્યનું સ્વતંત્ર ગ્રંથાલય

### ગ્રંથાલયની વિભાવના

ગ્રંથાલયો તો વિશ્વની સંસ્કૃતિઓનાં સંગમતીર્થો તેમજ સંવર્ધન અને સંરક્ષણ કેન્દ્રો છે. સ્વસ્થ, સમરસ અને જ્ઞાનસમૃદ્ધ સમાજનિર્માણ માટે વિવિધ પ્રકારનાં ગ્રંથાલયોની ભૂમિકા પાયાની ઈંટ સમાન અનિવાર્ય છે. ગ્રંથાલય એક એવું જ્ઞાનતીર્થ છે કે જેની દૃઢ સંકલ્પ સાથે ઉપાસના કરવામાં આવે તો વાચક ઈષ્ટસિદ્ધિ મેળવે જ. દેશ-વિદેશના શિક્ષણવિદો અને શિક્ષણપંચો વગેરે અનેકાનેકોએ પોતપોતાના ગ્રંથો/અહેવાલોમાં સાર્વજનિક ગ્રંથાલયોને **'જનસમાજનું વિશ્વવિદ્યાલય', "પાવરહાઉસ-શક્તિપ્રતિષ્ઠાન'** વગેરે તેમજ શૈક્ષણિક ગ્રંથાલયોને શિક્ષણ સંસ્થાઓનાં હૃદય સમાન ગણાવેલ છે. ડૉ. રંગનાથને પણ ગ્રંથાલયોની મહત્તા દર્શાવતા નોંધ્યું છે કે, 'Libraries are not mere storehouses; they are rich springs from which knowledge flows out to irrigate the wide fields of education and culture' અર્થાત્ ગ્રંથાલયો માત્ર ગ્રંથભંડારો નથી, પરંતુ તે તો ખળખળ વહેતાં સમૃદ્ર ઝરણાં છે કે જેમાંથી શિક્ષણ અને સંસ્કૃતિરૂપી વિશાળ ખેતરોને સિંચન કરવા જ્ઞાનગંગા સતત વહ્યા કરે છે'. ઈફ્લા / યુનેસ્કો દ્વારા સાર્વજનિક ગ્રંથાલયો માટે જાહેર કરવામાં આવેલા ઈ.સ.1994ના સંવર્ધિત ઢંઢેરામાં ગ્રંથાલયનો ભારે મહિમા ગાવામાં આવ્યો છે. 'Public library as a living force for education, culture and information, and as an

essential agent for the fostering of peace and spiritual welfare through the minds of men and women.' યુનેસ્કોના બંધારણમાં પણ નોંધ્યું છે કે યુદ્ધનો ઉદ્‌ભવ માણસના મનમાં પ્રથમ થતો હોય છે, તેથી તેને અટકાવવા જરૂરી દીવાલ માણસના મનમાં રચાવી જોઈએ. શાંતિનું રક્ષણ કરનારા કિલ્લાઓમાં મહત્ત્વનો કિલ્લો પુસ્તકોનો છે. પુસ્તકો જ શાંતિના કિલ્લાનો પર્યાય બની શકે છે, જે વાત ધ્યાને લેવી રહી. આમ, સમગ્ર દૃષ્ટિએ માનવજીવનના ઊર્ધ્વતર ઘડતર માટે અને રાષ્ટ્રના વિકાસ માટે ક્રિયાશીલ ગ્રંથાલયોનું અસ્તિત્વ અનિવાર્યપણે આવશ્યક બની રહે છે. સાર્વજનિક ગ્રંથાલયોની માફક વિશિષ્ટ આવશ્યક્તાઓની પૂર્તિ કરતાં ગ્રંથાલયો પણ તેટલાં જ અનિવાર્ય બની રહે છે. આવાં ગ્રંથાલયોનો અભાવ રાષ્ટ્રના વિકાસમાં રુકાવટનું નિમિત્ત બને છે.

## ગુજરાતી ભાષા-સાહિત્યનું સ્વતંત્ર ગ્રંથાલય શા માટે?

ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતાં વિવિધ પ્રકારનાં ગ્રંથાલયો ઉપર દૃષ્ટિપાત કરતાં ખરા અર્થમાં વિશિષ્ટ અને અત્યંત ઉપયોગી એવા માતૃભાષા ગુજરાતીના ગ્રંથાલયનો અભાવ જોવા મળ્યો છે અને તેના પરિણામે એક ગ્રંથાલયી તરીકે ભારે નિસાસો અનુભવું છું. સૂચિત ગ્રંથાલય શા માટે ? આ રહ્યાં ઠોસ કારણો :

- આજે, ગુજરાતમાં એક પણ ગ્રંથાલય અસ્તિત્વમાં નથી કે જ્યાં ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલું સઘળું સાહિત્ય ઉપલબ્ધ હોય. 1798માં ગુજરાતી લિપિમાં પ્રકાશિત થયેલ **પ્રથમ પુસ્તક 'મોબેદ બહેરામકૃત 'ખુરદે અવસ્તા'** (પૃ. 8 + 10 + 294)થી શરૂ કરીને અદ્યાવધિ પ્રગટ થયેલાં સઘળાં નહીં તો કમ સે કમ ઉચ્ચ ગુણવત્તાવાળાં બધાં જ પુસ્તકો ગુજરાતના કોઈ એક ગ્રંથાલયમાં સંગૃહીત છે ખરાં? ઉત્તર સ્પષ્ટ છે 'ના'. આમ છતાં કદાચ, કોઈ આંગળી ચીંધે કે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, મધ્યસ્થ ગ્રંથાલય (વડોદરા), એમ. જે. પુસ્તકાલય, હંસા મહેતા લાઇબ્રેરી (વડોદરા), ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ફાર્બસ ગુજરાતી સભા (મુંબઈ), ગુજરાતી સાહિત્ય પરિષદ, નૅશનલ લાઇબ્રેરી, કોલકતા, સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી વગેરે વગેરે ગ્રંથાલયો છે. હા, આ બધાં મહત્ત્વપૂર્ણ ગ્રંથાલયો ખરાં, પરંતુ આ બધાં જ ગ્રંથાલયોમાં સંગૃહીત ગુજરાતી ભાષાનાં પુસ્તકો અને તો અસંખ્ય ખૂટતી કડીઓ તરી આવે! હકીક્ત તો એ છે કે ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં પુસ્તકો પૈકી માત્ર ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં સંભવતઃ 60%-70% જેટલાં પુસ્તકો સંગૃહીત હશે, પરંતુ આ પૈકી અખંડ પુસ્તકો કેટલાં હશે ? બાકીનાં ગ્રંથાલયોમાં તેથી ઘણાં ઓછાં પુસ્તકો સંગૃહીત છે. વળી, આ બધા ગ્રંથાલયોના ઉદ્દેશો ભિન્ન-ભિન્ન છે અને ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં બધાં ઉત્તમ પુસ્તકો હોવાં જ જોઈએ કે વસાવવાં જોઈએ તેવી કોઈ ગ્રંથસંગ્રહ વિકાસનીતિ સુધ્ધાં ધરાવતાં નથી કે નથી તેમની પાસે પર્યાપ્ત બજેટ અને માનવબળ.
- આપણાં વિવિધ પ્રકારનાં ગ્રંથાલયો પૈકી આજે કોઈ એક ગ્રંથાલય દાવો કરી શકશે ખરું કે અમારી પાસે ઉદા. તરીકે ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, દર્શક, રઘુવીર ચૌધરી, ગુણવંત શાહ, કુમારપાળ દેસાઈ, ચંદ્રકાન્ત શેઠ વગેરે-વગેરે લબ્ધપ્રતિષ્ઠ લેખકોનાં અને તેમના સાહિત્ય વિશે પ્રકાશિત થયેલાં બધાં જ પુસ્તકો પ્રાપ્ય છે?
- કોઈ ગ્રંથાલય પાસે વર્તમાનકાલીન સર્જકોનાં બધાં જ પુસ્તકો ન હોય તો થોડાક દૂરના ભૂતકાળના સર્જકો જેમ કે ઠક્કુર નારાયણ વિસનજીની ઐતિહાસિક નવલકથાઓ, નારાયણ હેમચંદ્રનું વિપુલ સાહિત્ય, પારસીઓનું ગુજરાતી સાહિત્ય (પારસી ગ્રંથાલયો સિવાય સંગ્રહાયું છે ખરું ?), જૈનાચાર્યોની મૌલિક, સંપાદિત અને અનુવાદિત પ્રકાશિત કૃતિઓ (જૈન જ્ઞાનભંડારો સિવાય) જૂજ અપવાદો બાદ કરતાં કોઈ ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે ખરી ?
- એકથી અધિક આવૃત્તિવાળાં પુસ્તકો પૈકી કેટલાંક મહત્ત્વપૂર્ણ પુસ્તકોની પ્રથમ આવૃત્તિઓ અથવા જે-તે પુસ્તકની બધી જ આવૃત્તિઓ ક્યાંથી શોધીશું? ઉદા. તરીકે 'સરસ્વતીચંદ્ર'ની બધી જ આવૃત્તિઓ અને કૉપીરાઇટનો હક નાબૂદ થયા પછી વિવિધ પ્રકાશકો દ્વારા મુદ્રિત કરવામાં

આવેલાં સંસ્કરણો કોઈ એક ગ્રંથાલયમાં મળશે ખરાં?

- થિયોડોર હોપ કે જર્વિસ દ્વારા સંપાદિત પાઠ્યપુસ્તકો ક્યાંથી મળશે? ગુજરાતી ભાષામાં પ્રકાશિત ગણિત-વિજ્ઞાનનાં પુસ્તકો (પાઠ્યપુસ્તકો બાદ કરતાં) ક્યાં ઉપલબ્ધ થશે?
- ગુજરાતી પ્રિન્ટિંગ કળાના પ્રારંભથી આજદિન સુધી વખતોવખત પ્રગટ થતાં રહેલાં સામયિકો (વર્તમાનપત્રો, સાપ્તાહિકો, માસિકો વગેરે) પૈકી કમ સે કમ ગુજરાતી ભાષા-સાહિત્યની દૃષ્ટિએ કે અન્ય વિવિધ વિષયોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ એવાં સામયિકો ક્યાંય સંગૃહીત થયાં છે ખરાં?
- સ્થાનિક માહિતી માટે મહત્ત્વપૂર્ણ એવાં સ્થાનિક સમાચારપત્રો પૈકી મહત્ત્વપૂર્ણ સાપ્તાહિકો વગેરેની સાચવણી પણ આવશ્યક બની રહે છે, પરંતુ આ ક્ષેત્ર પ્રાયઃ ઉપેક્ષિત રહ્યું છે.
- ગુજરાતી ભાષા-સાહિત્યના સંશોધકો/અભ્યાસુઓ માટે બહુવિધ રીતે ઉપયોગી એવી ગુજરાતી ભાષા/સાહિત્યની સંપાદિત/પ્રકાશિત તમામ વાઙ્મયસૂચિઓ કોઈ એક યુનિવર્સિટીના કે કોઈ અન્ય ગ્રંથાલયમાં ઉપલબ્ધ થશે ખરી? આવી સૂચિઓ તૈયાર કરવાની કામગીરી સોંપવા માટે કોઈ પ્રાવધાન છે?
- સંશોધકો/અભ્યાસીઓ માટે આવશ્યક એવા પ્રકાશિત દ્વિભાષી શબ્દકોશો (ગુજરાતી ભાષા-અન્ય ભાષાઓ; અન્ય ભાષા-ગુજરાતી) કેટલાં યુનિવર્સિટી ગ્રંથાલયો/રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયમાં કાળજીપૂર્વક વસાવવામાં આવે છે?
- રાજ્ય/કેન્દ્ર સરકાર દ્વારા પ્રકાશિત કે તેમની એજન્સીઓ/સ્થાપિત સંસ્થાઓ દ્વારા ગુજરાતી ભાષામાં પ્રકાશિત સઘળું સાહિત્ય ગુજરાતના કોઈ એક ગ્રંથાલયમાં પણ સાચવવામાં આવે છે ખરું?
- ગુજરાતના વિવિધ ભૂભાગોમાં સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવામાં આવતા સાહિત્ય પૈકી પસંદગીનું સાહિત્ય કેટલા ગ્રંથાલયોમાં વસાવવામાં આવતું હશે? આ પૈકી જૈન સંસ્થાઓ દ્વારા પ્રકાશિત સાહિત્ય અણમોલ ધરોહર સમાન છે.
- ગુજરાતી ભાષામાં પ્રગટ થતા ગ્રે લિટરેચર માટે કયા ગ્રંથાલય પાસેથી આશા રાખી શકાશે ?
- યુનિવર્સિટી ગ્રંથાલયોમાં પોતાની યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત બધાં જ પુસ્તકો કે એનાયત કરવામાં આવેલી પીએચ.ડી. ડિગ્રીના બધા જ શોધપ્રબંધો ઉપલબ્ધ હશે ખરા?
- કોઈ યુનિવર્સિટી ગ્રંથાલય પોતાના અધ્યાપકો દ્વારા પ્રકાશિત ગ્રંથો પૈકી પસંદગીનું સાહિત્ય સંગૃહીત કરવા માટે કોઈ ચોક્કસ નીતિ ધરાવે છે ખરું? અથવા સંગૃહીત કરે છે ખરું ?

આ બધા પ્રશ્નોનો આપણી પાસે કોઈ જ ઉત્તર નથી અર્થાત્ એવું કોઈ ગ્રંથાલય અસ્તિત્વમાં નથી કે જે ગુજરાતી ભાષા-સાહિત્યના સંશોધકોની જરૂરિયાતો સંતોષી શકે.

માતૃભાષા ગુજરાતીના સંવર્ધન માટે **'ગુજરાતી ભાષા-સાહિત્યનું ગ્રંથાલય'** એક સ્વાયત્ત સંસ્થા તરીકે સ્થાપવું જોઈએ. જન સમાજના વાસ્તવિક વિશ્વવિદ્યાલય જેવા ગ્રંથાલયની સ્થાપના માટે રાજ્ય સરકારે અનુદાનિત યુનિવર્સિટીઓને ફાળવવામાં આવતા સરેરાશ એક યુનિવર્સિટીના બજેટથી એક રૂપિયો પણ વધુ ફાળવવાની જરૂરિયાત રહેશે નહીં. અરે ! તેની માળખાગત સુવિધાઓ પૂરી પાડવા બાદ 10% રકમ પણ પર્યાપ્ત થઈ પડશે. આ ગ્રંથાલય બહુવિધ રીતે ઉપયોગી પુરવાર થશે. સવાઈ યુનિવર્સિટીની ગરજ સારશે.

## સૂચિત ગ્રંથાલયનું સ્વરૂપ અને કાર્યો

### ગુજરાતી ભાષા-સાહિત્યના ગ્રંથાલયનું માળખું

**1.1 સાહિત્ય સંગ્રહ:**

- ઈ.સ. 1798થી શરૂ કરીને ગુજરાતી ભાષા-સાહિત્યમાં પ્રગટ થયેલ સઘળું સાહિત્ય-પુસ્તકો, સામયિકો, સાપ્તાહિકો, દૈનિકો, વાર્ષિકીઓ, અહેવાલો વગેરે ધ્યેયનિષ્ઠ શોધયાત્રા હાથ ધરીને પ્રાપ્ત કરવાં. દેશ-વિદેશનાં વ્યક્તિગત તથા સંસ્થાગત ગ્રંથાલયોમાં સંગૃહીત ગુજરાતી પુસ્તકો પૈકી અનુપલબ્ધ પુસ્તકોની ડિજિટલ નકલ મેળવવી.
- ઉપલબ્ધ તમામ આનુસંગિક સાહિત્યસૂચિઓ, જેમ કે, ગ્રાંટ, પીલ, બ્રિટિશ મ્યુઝિયમ વગરેની સૂચિઓની

સહાયથી તપાસ યાદી તૈયાર કરીને પદ્ધતિસર કાર્ય આરંભી શકાય. આ સંદર્ભે તાજેતરમાં પ્રગટ થયેલ પુસ્તક દીપક મહેતા કૃત 'ઓગણીસમી સદીના ગ્રંથ અને ગ્રંથકારો' (2015), મકાતી પિલાંજી કામાનો 'પારસી સાહિત્યનો ઇતિહાસ' (1919), પરિષદ દ્વારા પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' અને 'ગુજરાતી સાહિત્યકોશ', 'ગ્રંથ અને ગ્રંથકાર' વગેરે ગ્રંથો પ્રારંભિક સાહિત્યની ખોજ માટે ઉપયોગી પુરવાર થશે.

- ગ્રે લિટરેચરની પ્રાપ્તિ અને સંગ્રહ માટે ખાસ ધ્યાન આપવું.
- પીએચ.ડી.ની ડિગ્રી માટે ગુજરાતી ભાષા-સાહિત્યમાં કે ગુજરાતી ભાષા - સાહિત્ય વિશે અન્ય ભાષાઓમાં ગુજરાત કે દેશ-વિદેશની યુનિવર્સિટીઓમાં રજૂ થયેલા શોધપ્રબંધો એકઠા કરવા. ઉદા. તરીકે ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશ્યલ સાયન્સ રિસર્ચ, નવી દિલ્હી દ્વારા સમાજવિદ્યા વિષયમાં કોઈ પણ ભાષામાં રજૂ થયેલા શોધપ્રબંધો સંશોધકો પાસેથી સીધા જ ખરીદવામાં આવે છે. આ ઉપરાંત ઇંગ્લૅન્ડના લાઇબ્રેરી ઍસોસિયેશન દ્વારા ઇંગ્લૅન્ડની યુનિવર્સિટીઓમાં ગ્રંથાલય વિજ્ઞાનની માસ્ટર અને પીએચ.ડી.ની ડિગ્રી માટેના શોધપ્રબંધો વિદ્યાર્થીઓ પાસેથી સીધા જ ખરીદીને સંગ્રહવામાં આવે છે.
- ગુજરાત બહાર ભારતનાં અન્ય રાજ્યોમાં અને વિદેશોમાં ગુજરાતી ભાષા-સાહિત્યમાં કે ગુજરાતી ભાષા-સાહિત્ય વિશે અન્ય ભાષાઓમાં પ્રગટ થયેલું તથા પ્રગટ થતું સાહિત્ય ખાસ વ્યવસ્થાતંત્ર ગોઠવીને મેળવવું.
- અપ્રાપ્ય પુસ્તકોની પ્રાપ્તિ અર્થે વડોદરા રાજ્યનાં ગ્રામ્ય ગ્રંથાલયોનું સર્વેક્ષણ કરવામાં આવે તો ઘણાં પુસ્તકો મળવાની સંભાવના છે.
- અપ્રાપ્ય પુસ્તકોની જાહેર વિજ્ઞપ્તિ થકી અથવા રેર બુક્સ વિક્રેતાઓ પાસેથી ખરીદીને મેળવી શકાય.
- દેશ-વિદેશમાં ગ્રંથાલયો કે વ્યક્તિગત સંગ્રહોમાં સંગૃહીત ગુજરાતી ભાષા-સાહિત્યની તમામ હસ્તપ્રતોની ડિજિટલાઇઝડ નકલ પ્રાપ્ત કરવી.
- પ્રવર્તમાનકાલીન પસંદગીના સર્જકો કે પસંદગીની કૃતિઓની હસ્તપ્રતોનો સંગ્રહ કરવો જોઈએ.
- લબ્ધપ્રતિષ્ઠ સર્જકોના સ્વમુખે તેમની કૃતિઓના પાઠોનું દૃશ્ય-શ્રાવ્ય સ્વરૂપે ધ્વનિઅંકન કરી તેનો સંગ્રહ કરવો જોઈએ.
- ગુજરાતમાં બોલાતી બોલીઓનાં ધ્વનિઅંકન અને સંગ્રહ.
- કંઠસ્થ પરંપરામાં સચવાયેલા સાહિત્યનું ધ્વનિઅંકન અને સંગ્રહ.

### 1.2 ગુજરાતી ભાષા-સાહિત્ય અને ગુજરાતનો ઇતિહાસ અને સંસ્કૃતિ વિશે દેશ-વિદેશની ભાષાઓમાં પ્રકાશિત સાહિત્ય

- ગુજરાતી ભાષા-સાહિત્યનાં પુસ્તકો ઉપરાંત ગુજરાત અને ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિ વિષયક સમગ્ર વિશ્વની કોઈ પણ ભાષામાં પ્રગટ થયેલ સાહિત્ય મેળવવું

### 1.3 ભારતીય અને વિશ્વ સાહિત્યનો સંગ્રહ :

- વિશ્વસાહિત્યની પ્રશિષ્ટ (ઉત્તમ) કૃતિઓ મૂળ ભાષામાં તથા અંગ્રેજીમાં અનુવાદિત, જ્ઞાનકોશો અને શબ્દકોશો.
- ભારતીય ભાષા-સાહિત્યની પ્રશિષ્ટ (ઉત્તમ) કૃતિઓ મૂળ ભાષા ઉપરાંત અંગ્રેજી/હિંદી અનુવાદો સાથે.
- ભારતીય ભાષાઓના શબ્દકોશો અને વિશ્વકોશો.

### 1.4 અનુવાદિત સાહિત્ય :

- ગુજરાતી ભાષા-સાહિત્યની અન્ય ભાષામાં અને અન્ય ભાષા-સાહિત્યમાંથી ગુજરાતીમાં અનુવાદિત થયેલ કૃતિઓના સંગ્રહનો ખાસ વિભાગ ઊભો કરવો તેમજ આ ગ્રંથાલયના ઉપક્રમે ખાસ અનુવાદ વિભાગ ઊભો કરવો કે જેમાં ગુજરાતીની ઉત્તમ કૃતિઓના ભારતની અને વિશ્વની ભાષાઓમાં અનુવાદિત કરાવવાની કામગીરી કરવામાં આવે.

### 1.5 બાળવિભાગ :

- ગુજરાત સરકાર દ્વારા અનુદાનિત 91 બાળગ્રંથાલયો છે. આ ઉપરાંત બિનઅનુદાનિત ગ્રંથાલયો પણ મોટી સંખ્યામાં છે, પરંતુ આ બધાં ગ્રંથાલયોની સ્થિતિ દયનીય છે. કુલ પ્રકાશિત ગુજરાતી બાળસાહિત્યનાં ભાગ્યે જ 40% પુસ્તકો આ ગ્રંથાલયોમાં ઉપલબ્ધ હશે. ગુજરાતી બાળસાહિત્યના સંશોધકની જરૂરિયાતો સંતોષી

શકે તેવું કોઈ ગ્રંથાલય અસ્તિત્વમાં નથી, તેથી સૂચિત ગ્રંથાલય સાથે બાળવિભાગ શરૂ કરીને ગુજરાતી ભાષામાં પ્રકાશિત બધું જ બાળસાહિત્ય સંગૃહીત કરવું જોઈએ.

**2. વાઙમયસૂચિઓ :**

- સૂચિત ગ્રંથાલયની મુખ્ય જવાબદારી ગ્રંથસંગ્રહની સાથે સાથે તેની વૈવિધ્યસભર વાઙમયસૂચિઓ તૈયાર કરવાની રહેશે.
- ગુજરાતી ભાષા-સાહિત્યનાં આજ સુધીનાં પ્રકાશનોનું વાઙમયસૂચિગત નિયંત્રણ દર્શાવતો એક પણ સૂચિગ્રંથ ઉપલબ્ધ નથી. વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિ : અંતર્ગત સૂચિનિર્માણના પ્રયાસો ઉપરાંત મુખ્યતઃ શ્રી પ્રકાશ વેગડ, શ્રી કિરીટ ભાવસાર, શ્રી કનુભાઈ શાહ, શ્રી રમણ સોની, શ્રીમતી તોરલ પટેલ, શ્રી નવલસિંહ વાઘેલા, કિરીટ શુક્લ વગેરે દ્વારા ગુજરાતીસૂચિઓ તૈયાર કરવા થોડાક પ્રયાસો થયા છે. પરંતુ આ ક્ષેત્રે ઘણું કાર્ય કરવાનું બાકી છે. ઈ.સ. 1798થી આજ સુધીનાં પ્રકાશિત ગુજરાતી પુસ્તકોનો એક સળંગ શાસ્ત્રીય વાઙમયસૂચિગત રેકર્ડ તૈયાર કરવાની અનિવાર્ય આવશ્યકતા ઊભી રહે છે.
- શ્રી કિરીટ ભાવસાર - અચ્યુત યાજ્ઞિક દ્વારા સંપાદિત 'આદિમુદ્રિત ગ્રંથોની સૂચિ' (2004)માં વર્ષ 1808થી 1867 સુધી પ્રકાશિત થયેલાં પુસ્તકો પૈકી 1149 + 29 પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ આ સૂચિ પ્રત્યક્ષ પુસ્તકોના આધારે નહીં, પરંતુ પ્રાયઃ Secondary sourcesના આધારે તૈયાર કરવામાં આવી છે, તેથી અપેક્ષિત બધી જ વિગતોનો ચોકસાઈથી સમાવેશ થઈ શક્યો નથી. આજે આપણે જરૂર છે – આ સૂચિમાં સમાવિષ્ટ પુસ્તકો કયાં સંગૃહીત છે તે જાણવાની અને તેની ડિજિટલ પ્રતો મેળવવાની કે જેથી તેનો સંશોધકો ઉપયોગ કરી શકે. તેમજ આ સમયગાળા દરમિયાન આ સિવાય અન્ય કોઈ પુસ્તકો મુદ્રિત થયાં હતાં કે કેમ? તે પણ જાણવું જરૂરી બની રહે છે.
- આ વિભાગ દ્વારા વૈવિધ્યપૂર્ણ સૂચિઓ જેમ કે લેખસૂચિ (સામયિકો, પુસ્તકો, અભિનંદનગ્રંથો વગેરેમાં પ્રકાશિત લેખો), સામયિકસૂચિ, વિષયસૂચિઓ, અનુવાદિત સાહિત્યસૂચિ, અભિનંદનગ્રંથોની સૂચિ વગેરેનું સંપાદન—પ્રકાશનકાર્ય સતત ચાલુ રાખવું.
- આ સૂચિત ગ્રંથાલય દ્વારા ત્રિમાસિક અને વાર્ષિસૂચિ નિયમિત ધોરણે પ્રકાશિત કરવામાં આવે. હાલમાં એવી કોઈ વ્યવસ્થા નથી કે ગુજરાતી ભાષા-સાહિત્યમાં કોઈ એક વર્ષમાં કેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં તેની માહિતી પૂરી પાડે. આ માહિતીની અનેકવિધ પ્રસંગોએ આપણે જરૂરિયાત અનુભવીએ છીએ, છતાં કશું નક્કર કરી શક્તા નથી. આ સ્થિતિમાં આ પ્રકારની સૂચિની અનિવાર્ય આવશ્યક્તા બની રહે છે. અહીં નોંધવું રહ્યું કે સેન્ટ્રલ રેફરન્સ લાઈબ્રેરી, કોલકતા દ્વારા ભારતમાં પ્રગટ થતાં અને ડિલેવરી ઑફ બુક્સ ઍક્ટ અન્વયે પ્રાપ્ત થતાં પુસ્તકોની માસિક અને વાર્ષિક સૂચિઓ પ્રગટ કરવામાં આવે છે, પરંતુ ઘણા જ લાંબા સમયના અંતરાલ બાદ પ્રગટ કરવામાં આવે છે, પરિણામે તાકીદના કામે ખપ લાગતી નથી. આ સંદર્ભે નોંધપાત્ર બાબત એ છે કે આ રાષ્ટ્રીય વાઙમયસૂચિમાં જે-તે વર્ષમાં પ્રકાશિત થયેલાં પુસ્તકો પૈકી 60% જેટલાં પુસ્તકો સમાવિષ્ટ થતાં હશે કે કેમ? એટલે આ સૂચિ પણ અપૂર્ણ બની રહે છે.

**3. ડિજિટલાઇઝેશન/ યાંત્રિકીકરણ**

- ગ્રંથાલયમાં અદ્યતન ઇન્ફર્મેશન કૉમ્યુનિકેશન ટૅક્નૉલોજીનો સુચારુ રીતે વિનિયોગ કરીને સંગૃહીત તમામ સાહિત્યનું ડિજિટલાઇઝેશન કરીને સઘળી સેવાઓ ઑન-લાઇનથી સક્ષમ રીતે પૂરી પાડવા માટે વ્યવસ્થાતંત્ર ગોઠવવું.

**4. સંદર્ભ ગ્રંથાલયનું સ્વરૂપ અને સેવાઓ**

- ઘેર વાંચવા માટે પુસ્તકોનું આપ-લે કાર્ય ન કરતાં એક સંદર્ભ ગ્રંથાલય તરીકે વિકાસ કરવો.
- આ ગ્રંથાલય 24 X 7 ખુલ્લું રાખવું.
- ગ્રંથાલયના ઉપક્રમે અનેકવિધ સાહિત્યિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

**5. કર્મચારીઓ :**

- ગ્રંથાલયના ચૅરમૅન / ડાયરેક્ટર ગુજરાતી ભાષા-સાહિત્યના પ્રતિભાસંપન્ન વિદ્વાન હોવા જોઈએ.

વળી, તેમનો હોદ્દો યુનિવર્સિટીના કુલપતિ સમકક્ષ હોવો જોઈએ.

- મુખ્ય લાઇબ્રેરિયન / ડાયરેક્ટર ગ્રંથાલય વિજ્ઞાનમાં ઉચ્ચ પ્રશિક્ષિત હોવા ઉપરાંત સાહિત્ય અને સવિશેષતઃ ગુજરાતી ભાષા-સાહિત્યના વિદ્વાન હોવા જોઈએ અને તેનો હોદ્દો યુનિવર્સિટીના કોઈ વિષયના પ્રોફેસર અને અધ્યક્ષ સમકક્ષ હોવો જોઈએ.
- અન્ય વ્યવસાયિક કર્મચારીઓ વ્યવસાયિક લાયકાત ઉપરાંત ગુજરાતી ભાષા-સાહિત્યમાં વિશેષ રસ-રુચિ ધરાવતા હોવા જોઈએ અને યુનિવર્સિટીના અધ્યાપકો સમકક્ષ તેમનાં પગારધોરણો હોવાં જોઈએ.
- પુસ્તક પસંદગી અને વ્યવસ્થાપન માટે ગુજરાતી ભાષા-સાહિત્યના વિદ્વાનોના સલાહકારમંડળની રચના કરવી હિતાવહ બની રહેશે.

### 6. ગ્રંથાલયભવન અને રિસર્ચ હૉસ્ટેલ :

- રાજ્યના ભાષા-સાહિત્યના ગ્રંથાલયને શોભે તેવું શિલ્પ-સ્થાપત્યથી સુંદર વિશાળ ગ્રંથાલય-ભવન અને આ હેતુ નિમ્નતમ 10 એકર જમીનની ફાળવણી.
- અદ્યતન ટૅક્ નૉલૉજી અને સુયોગ્ય ફર્નિચરથી સજ્જ ભવન.
- સંશોધકોના નિવાસ માટે રિસર્ચ હૉસ્ટેલ

### 7. ગ્રંથાલયનું સ્થળ

- અમદાવાદ અને ગાંધીનગર, ગુજરાતના પ્રાયઃ મધ્યભાગમાં હોવાથી તેમજ વાહનવ્યવહારની દૃષ્ટિએ સૌથી વધુ અનુકૂળ હોવાથી સંશોધકો સરળતાથી અહીં આવી શકે તેથી આ બે પૈકી કોઈ એક સ્થળે ગ્રંથાલયની સ્થાપના કરવી જોઈએ.

### 8. ડિલિવરી ઑફ બુક્સ ઍક્ટ અને કૉપીરાઇટ

- ભારત સરકારના ઈ.સ.1954ના ડિલિવરી ઑફ બુક્સ ઍક્ટ અન્વયે પ્રકાશક / મુદ્રકે 1. નૅશનલ લાઇબ્રેરી (કોલકતા), 2. સૅન્ટ્રલ લાઇબ્રેરી (મુંબઈ), 3. કન્નિમારા પબ્લિક લાઇબ્રેરી (મદ્રાસ) અને 4. દિલ્હી પબ્લિક લાઇબ્રેરી (દિલ્હી) ને પોતાનાં પ્રકાશિત પુસ્તકોની 1-1 નકલ વિનામૂલ્યે ફરજિયાત મોકલવાની રહે છે. આ ઉપરાંત ગુજરાત સરકારના કૉપીરાઇટ ઍક્ટ અન્વયે ગુજરાતમાંથી પ્રગટ થતાં પુસ્તકોની 2 નકલો રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર, 1 નકલ મધ્યસ્થ ગ્રંથાલય, વડોદરા, 1 નકલ ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ અને 1 નકલ ગુજરાત રાજ્યના માહિતીખાતાને વિનામૂલ્યે મોકલવાની રહે છે. પ્રશ્ન એ છે કે આ અન્વયે પ્રાપ્ત થતાં પુસ્તકો માહિતીખાતું સાચવે છે ખરું ?
- કરુણતા એ છે કે આ બંને ઍક્ટ અસ્તિત્વમાં છે, પરંતુ તેનો ભાગ્યે જ 50% જેટલો અમલ થતો હશે અર્થાત્ મોટા ભાગના પ્રકાશકો/મુદ્રકો પોતાનાં પુસ્તકો વિનામૂલ્યે મોકલી આપતા નથી. પરિણામે રાષ્ટ્રીયસ્તરે કે રાજ્યસ્તરે પોતાનાં પ્રકાશનોનો સંગ્રહ થઈ શક્તો નથી અને તેનો રેકર્ડ પણ તૈયાર થઈ શકતો નથી. આજે જરૂર છે આ ઍક્ટને સુધારીને તેનો કડકાઈપૂર્વક અમલ કરાવવાની.
- સૂચિત ગ્રંથાલય માટે ગુજરાતમાં પ્રકાશિત થતાં પ્રકાશનોની 1-1 નકલ વિનામૂલ્યે મળી રહે તેવી ગુજરાત રાજ્યના કૉપીરાઇટ એક્ટમાં કાનૂની જોગવાઈ કરવી જોઈએ. આ શક્ય બનાવવામાં આવે તો ગુજરાતમાંથી પ્રકાશિત થતાં પુસ્તકો અહીં સંગૃહીત થાય અને તેના ઉપયોગ અર્થે સરળતાથી સુલભ થઈ શકે.
- આ સંદર્ભે એક કડવી વાસ્તવિક્તા એ છે કે ભારતમાં પ્રગટ થયેલાં પુસ્તકો પૈકી ઘણાં ખરાં પુસ્તકો નૅશનલ લાઇબ્રેરી, કોલકતામાં ઉપલબ્ધ નથી હોતાં, જ્યારે આ પુસ્તકો ભારતમાં પ્રગટ થયાના થોડાક જ માસમાં લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ, વૉશિંગ્ટનમાં પ્રાપ્ય બને છે.

### 9. નાણાકીય બાબત

- Indian National Trust for Art and Cultural Heritage, Indira Gandhi National Centre for Arts, National Mission for Manuscripts વગેરે જેવી સંસ્થાઓની સ્થાપના માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ તબક્કે જ કરોડો રૂપિયાનું સ્થાયી ભંડોળ આપવા ઉપરાંત પ્રતિવર્ષ ઉદારતાપૂર્વક આવશ્યક બજેટની ફાળવણી કરવામાં આવે છે. તે ધોરણે રાજ્ય સરકારે સૂચિત ગ્રંથાલય માટે નાણાંકીય વ્યવસ્થા કરવી આવશ્યક બની રહે છે.

**સમાપન** :

આજે, સમગ્ર દેશમાં અંગ્રેજી ભાષાના વધતા જતા પ્રભાવના કારણે ભારતીય ભાષાઓના અસ્તિત્વ સામે ખતરાની ઘંટડીનો રણકાર શરૂ થઈ ગયો છે તેવા સમયે **માતૃભાષાના સંવર્ધન માટે આજે આવશ્યક ગણી શકાય એવા માતૃભાષા ગુજરાતી ભાષા-સાહિત્યના ગ્રંથાલયનો અભાવ જોતાં તેની અનિવાર્ય આવશ્યકતા સામે નજરઅંદાજ કરે પાલવશે નહી. આ ગ્રંથાલય તેના ધ્યેયોની પરિપૂર્તિ અર્થે સુનિયોજિત રીતે સ્થાપવામાં આવશે તો તેની અનન્ય ઉપયોગિતા અને મહત્તા ઉપરાંત ગુજરાત સરકાર માટે યશકલગીરૂપ નીવડશે અને રોલ મોડલની ભૂમિકા અદા કરનાર ખરા અર્થમાં 'ગુજરાત મોડેલ' બની રહેશે.** અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે અમેરિકન સરકાર પોતાના સંસદના ગ્રંથાલય-લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ, વૉશિંગ્ટન – માટે વિશ્વમાં પ્રગટ થતું સઘળું ઉત્તમ સાહિત્ય જે-તે દેશમાં પ્રગટ થયાના ગણતરીના માસમાં ઉપલબ્ધ કરાવતી હોય તો આપણે આપણી માતૃભાષાનાં પુસ્તકોના સંગ્રહ માટે કેમ કૃતસંકલ્પ ન બની શકીએ? આજે જરૂર છે માત્ર પ્રતિબદ્ધત્તા – **(Commitment)ની. આ પડકાર અને તક સરકારે ઝિલવાં રહ્યા ! ભારતની સંસદ દ્વારા ખાસ ધારો પસાર કરીને એશિયાટિક સોસાયટી, કોલકતા, ખુદાબક્ષ ઑરિએન્ટલ પબ્લિક લાઇબ્રેરી, પટના વગેરે જેવી ઇન્સ્ટિટ્યૂટ ઑફ નેશનલ ઇમ્પોર્ટન્સ સ્થાપવામાં આવી છે તે જ ધોરણે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત વિધાનસભામાં ઠરાવ પસાર કરીને ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્ટેટ ઇમ્પોર્ટન્સ તરીકે આ સૂચિત ગ્રંથાલયની ખાસ દરજ્જા સાથે સ્થાપના કરવી જોઈએ.**

વિશેષ દુઃખ તો એ છે કે સુદૃઢ ગ્રંથાલય સેવાઓ માટે તેના ઉપયોગકર્તા વર્ગની સિવિશેષતઃ અધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીઓ વગેરેની અને સંબંધિત શાળા-કૉલેજોના આચાર્યો અને યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની કોઈ બુલંદ માંગની ગૂંજ કે આહટ પણ દૂર સુધી ઊઠતી સંભળાતી નથી. આ ઉપરાંત આપણા સર્જકો, કુલપતિશ્રીઓ, રાજદ્વારીઓ વગેરે અમેરિકા-યુરોપના પ્રવાસ દરમિયાન ત્યાંનાં ગ્રંથાલયોની મુલાકાત લઈ તેની સંગીન સેવાઓથી પ્રભાવિત થતાં પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા જોવા મળે છે, પરંતુ ઘરઆંગણે તેવી સેવાઓ ઊભી કરવા માટે સંબંધિત સત્તામંડળ સમક્ષ રજૂઆત કરવામાં કોઈ સક્રિયતા દાખવતા જોવા મળતા નથી. આ વેદના કોને કહેવી?

સમાપન કરતાં શબ્દાન્તરે પુનઃ નોંધવું રહ્યું કે **ગ્રંથાલય સેવા એ પ્રજાનો અધિકાર છે અને તેમાં પણ માતૃભાષાના ગ્રંથાલયનો વિશેષ અધિકાર બની રહે છે. આ એક એવું પવિત્ર અને આવશ્યક કાર્ય છે કે જે વિશ્વભરના સાહિત્યપ્રેમીઓ અને સવિશેષતઃ ગુજરાતી ભાષા-સાહિત્ય સાથે જેનો કોઈ પણ સ્વરૂપે નાતો રહ્યો છે તે સૌ કોઈ માટે આ ગ્રંથાલય ઉપયોગી છે. માતૃભાષાની ઐતિહાસિક-સાંસ્કૃતિક ધરોહરની જાળવણી કરતું અને અદ્યતન માહિતી પ્રત્યાયન ટેક્નૉલૉજીના વિનિયોગથી અપેક્ષિત સઘળી સેવાઓ પૂરી પાડતું ગ્રંથાલય સર્વાંશે અનિવાર્ય બની રહે છે. આજે ગુજરાતમાં છે કોઈ ગ્રંથાલય કે જેમાં ગુજરાતી ભાષાનાં આદિમુદ્રિત ગ્રંથોથી શરૂ કરી આજદિન સુધી મુદ્રિત થયેલાં તમામ પુસ્તકો અકબંધ સુલભ હોય ? આવશ્યક એવા આ ગ્રંથાલય માટે ગુજરાત સરકાર તથા તેના નીતિનિર્ધારકો અને ગુજરાતી ભાષી પ્રજાની – ગુજરાતના સારસ્વતોની જાગૃતિ અનિવાર્યપણે અપેક્ષિત બની રહે છે.** નર્મદના 'દીપે અરુણું પરભાત' કે ઉમાશંકરના 'ગૂજરાત મોરી મોરી'માં સૂર પુરાવવામાં ગૌરવ અનુભવવાની સાથે જ તેના ગૌરવમાં વધારો કરે તેવું **'ગુજરાતી ભાષા-સાહિત્ય'નું ગ્રંથાલય એક ખૂટતી કડી છે, તેની પૂર્તિ અનિવાર્ય છે.** સૂચિત ગ્રંથાલય એ પરંપરાગત ગ્રંથાલય ન બની રહેતાં **વિદ્યાપીઠ**નો પર્યાય બની રહેશે. ગુજરાતના એક ગૌરવ પ્રતિષ્ઠાન તરીકે ગણના પામશે.

**- મણિભાઈ પ્રજાપતિ**

**(સૌજન્ય :** કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પ્રકાશિત દ્વિમાસિક વૃત્તપત્ર 'સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત' વર્ષ 7, અંક 5, સપ્ટેમ્બર-ઑક્ટોબર, (2017) : 1-5માં 'સંપાદકીય' અંતર્ગત પ્રકાશિત લેખ અને એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરતના કૅમ્પસમાં આયોજિત 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના, 30મા જ્ઞાનસત્ર તા. 11 જાન્યુઆરી, 2019માં રજૂ કરેલ વક્તવ્યના આધારે સંવર્ધિત)

## ઇતિહાસની અટારીએથી
# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર
# પાટીદાર કેળવણી મંડળ સમાચાર
**છગનભા**

### તમે જાણો છો ?

આ સંસ્થાનો જન્મ કેવી રીતે કેવા સંજોગોમાં થયો છે ? જ્ઞાતિના સ્તંભરૂપ આ સંસ્થા કેવા તપનું અને કેવા ત્યાગનું ફળ છે ? આ સંસ્થા પાછળ તો પવિત્ર સંન્યાસીઓના શુભઆશિષોનું બળ રહ્યું છે.

આ સંસ્થા, જ્ઞાતિભાઈઓના અજ્ઞાન અને કુમાર્ગી જીવનવ્યવહાર તરફ પ્રેમ, દયા અને કરુણાનું જ્વલંત ચિહ્ન છે.

આ સંસ્થાનાં મૂળમાં જ્ઞાતિભાઈઓ માટે અનહદ પ્રેમ, તેમનાં દુઃખી, રિબાતા અને રંકજીવન માટે કરુણા અને તે જીવનને ઉચ્ચ ઉજ્જ્વલ બનાવવાના મનોરથો વસેલા છે.

**तपेन किं न सिध्यति ?** બ્રહ્મા તપ તપી વિવિધ વૈભવથી ભરેલા બ્રહ્માંડને રચી શકે છે. તપ, ભોગ અને યજ્ઞ એને આધારે તો આ સર્વ જીવનચક્ર ચાલી રહ્યું છે. અંતર્જ્યોતિના આદેશે આ સંસ્થા ઊભી છે, તે ચલાવે છે અને તે જ ચલાવશે. સોળ રૂપિયાની સિલકમાંથી જે મકાનના પાયા ખોદવાનો પ્રારંભ કરવામાં આવ્યો તે મકાનમાં આજે હજારો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે. લગભગ સિત્તેર ગામના મળી 150 વિદ્યાર્થીઓ વિદ્યા, કળા અને હુન્નરનો લાભ લઈ રહ્યા છે.

અને નાણાં ?

ન ધારેલી દિશાએથી મદદ મળે જાય છે.

શુભ પ્રયત્નને શું નથી આવી મળતું ?

પાટીદાર તેની ઉદારતા માટે તો પ્રખ્યાત છે. પરંતુ તે ઉદારતા કુમાર્ગે વળેલા વહેણને, બારમાં, બાળલગ્ન વગેરે સુપંથે દોરવાની જ જરૂર છે. આવી સમુદ્ર જેવડી જ્ઞાતિ શું ન કરી શકે ?

ધારે તે કરી શકે. ઘર દીઠ અકેક રૂપિયો દર વર્ષે સંસ્થાને મોકલો તોય અધધ થઈ જાય.

(**સૌજન્ય**: ‘કેળવણી’ વર્ષ 1લું, અંક-2, પોષ 1983, પૃ. 72)

### ઉઘરાણું

આદરજ તથા થોળ ગામે અનુક્રમે 46 અને 42 મણ ઇલાયચી, ડાંગર સંસ્થાના ઉઘરાણામાં કરી આપી છે. વીડજના પટેલ ગંગારામદાસે કેટલુંક સરપણ (બળતણ) ભેટ કર્યું છે. બોરિસણા ગામે પણ કેટલુંક ભેટ કર્યું છે. શ્રી ગંગારામદાસ નથુદાસે સંસ્થાના ઉઘરાણા માટે આઠ દિવસ ફરવા કહ્યું છે. ત્રણેક દિવસ ઉઘરાણા માટે ફરી આસપાસનાં ગામોમાંથી ઉઘરાણું કર્યું છે. જ્ઞાતિજનોને વિનંતી છે કે સંસ્થાને જાતે કંઈક મદદ કરે અને અન્ય ગૃહસ્થોને મદદ કરવા પ્રેરે. કેળવણીમાં રસ લેનાર દરેક કોમના બંધુઓને વિનંતી છે કે સંસ્થાની મુલાકાત લઈ સંસ્થામાં ચાલતા કાર્યનું નિરીક્ષણ કરી યોગ્ય વ્યવહારું સૂચનાઓ આપે.

(**સૌજન્ય**: ‘કેળવણી’ વર્ષ 1લું, અંક-2, પોષ 1983, પૃ. 73)

*

### જરા ધ્યાનમાં લેશો?

આ મંડળનું ખરું કાર્ય શરૂ થયે હજુ પાંચ જ વર્ષ થયાં છે. તેમાં ઉદ્યોગો શીખવવાની શરૂઆત હજુ બે વર્ષથી જ થઈ છે. છતાં અત્યારથી તેનું ભવિષ્ય ઊજળું દેખાઈ રહ્યું છે. વિદ્યાર્થીઓમાં પડી રહેલી કેટલીયે છૂપી શક્તિઓ અવકાશ નહિ મળવાથી, ગુંગળાઈ જાય છે અને ખોટે રસ્તે ચઢી જાય છે. આ શક્તિઓને બહાર લાવી, તેનો વિકાસ કરવાનું સાધન વિવિધ ઉદ્યોગોમાં રહેલું છે.

ઉદ્યોગો જેવી અનેક પ્રવૃત્તિઓ લઈ મંડળનું ખર્ચ દિનપ્રતિદિન વધતું જ જાય છે. આ ખર્ચને પહોંચી વળવા જ્ઞાતિના કેળવાયેલા, આગળ પડતા અને અનુભવી યુવકો અને વૃદ્ધો કંઈ વિચાર કરશે કે ? આપણી જ્ઞાતિ વિશાળ છે, ઠેર-ઠેર ફેલાયેલી છે. તેને જો આપણે સંગઠિત કરી શકીએ તો ઘણું કામ કર્યું કહેવાય. ઉત્સાહી કાર્યકર્તાઓ અને કેળવાયેલા

યુવકોની તાલુકે-તાલુકે સમિતિઓ સ્થાપવામાં આવે અને તે દ્વારા કેળવણીના કાર્ય માટે જોઈતાં નાણાં ઉઘરાવવાની વ્યવસ્થા કરવામાં આવે, ફરતા કાર્યકર્તાઓ સમિતિઓને જાગ્રત રાખતા રહે અને મંડળ પોતાનું કામ પ્રેમથી ઉત્સાહપૂર્વક આગળ ધપાવે જાય. તો મંડળને આટલી બધી નાણાની ટાંચ ન પડે. નાણાં તો ઘણાંએ પડ્યાં છે અને પાટીદાર એકેક રૂપિયો આપવામાં ક્યાં પાછો પડે તેમ છે?

ખોટ ફક્ત કામ કરનારાઓની છે. સેવાવૃત્તિથી કામ કરનારાઓ નીકળે તો, આવડી સમુદ્ર જેવી વિશાળ જ્ઞાતિમાંથી હજારો રૂપિયાનો ઘડીએકમાં ઢગ થઈ જાય. આ વિનંતી ધ્યાનમાં લઈ જ્ઞાતિભાઈઓ જ્ઞાતિઋણ ફેડવા તૈયાર થશે?

(**સૌજન્ય**: 'કેળવણી' વર્ષ 1-લું અંક 3-જો, ચૈત્ર 1983, (સને 1927) પૃ. 111)

*

## શું વિચારી રહ્યા છો?

આજે તો આપણે હજારો રૂપિયા આપણી પાયમાલી કરનાર રિવાજો પાછળ વેડફી રહ્યા છીએ, બારમા અને બાળલગ્ને નિઃસત્વ અને કંગાલ કરી મૂક્યા છે. ઘર વેચી, જમીન વેચી, દેવું કરી, છોકરાંને અભણ રાખી, આપણે આ ઘાતકી રિવાજોનો ભોગ બનવા પતંગિયાની માફક સળગતી જ્વાળામાં ઝંપલાવી રહ્યા છીએ. હવે તો આંખ ઉઘાડશો? ક્યાં સુધી આ ગાઢ અંધકારમાં પડી રહેવા ધાર્યું છે? ક્યાં સુધી મૂંગે મોંએ સામાજિક અપમાનો સહન કરી દીન અને લાચાર સ્થિતિ ભોગવવા ધારી છે?

આપણે તો ભૂલા પડ્યા, પાટું ખાધાં પણ આપણાં બાળકોને તો બચાવીએ? સ્વતંત્ર અને તેજસ્વી કેળવણીથી જ આપણું કામ સાધી શકીએ.

આવી કેળવણી માટે જ, છ વર્ષથી પાટીદાર કેળવણી મંડળ કડી પ્રયત્ન કરી રહ્યું છે. તેના કાર્યકર્તાઓ રાતદિવસ ગામડે-ગામડે સંસ્થાના ફંડ માટે ઘૂમી રહી જાગૃતિનો મંગળમય પ્રકાશ ફેલાવી રહ્યા છે. લાખ રૂપિયા ખર્ચ્યા છતાં હજુ સંસ્થાનું વિશાળ મકાન અધૂરું પડ્યું છે. બીજા લાખ રૂપિયા ખર્ચાય તો જ મકાનની અગવડ ટળે તેમ છે. દરવાજાનો ઉપલો ભાગ ઉઘાડો પડ્યો છે, પાયા પુરાયેલા પડ્યા છે, અખાડાને મકાન નથી, ઓરડીઓ વિદ્યાર્થીઓથી ભરાઈ ગઈ છે. નવી ઓરડીઓ ઊભી કર્યા વિના નવા વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે તેમ નથી.

સંસ્થાનું મકાન પૂરું કરવા અને સંસ્થાના પંદર હજાર વાર્ષિક ખર્ચને નિભાવવા પાટીદાર ભાઈઓ પોતાની લક્ષ્મીનો સદ્દુપયોગ કરી સ્વઉન્નતિ કરવા આંખો ઉઘાડશે? આથી વધારે સુપાત્રે દાન ક્યાં થવાનું હતું?

(**સૌજન્ય**: 'કેળવણી' વર્ષ 1-લું, અંક 4થો, અષાઢ 1983, કવર પૃ. 4)

*

## ઉદાર ધનાઢ્ય ભાઈઓને વિનંતી

આપ જાણો છો કે આ સંસ્થા જનસમાજની દાનવૃત્તિ અને સહાનુભૂતિ ઉપર ટકી રહી છે. બાળકનો સર્વમુખી વિકાસ સાધવા આ સંસ્થા પ્રયત્ન કરી રહી છે, એટલે દર વર્ષે તેનું ચાલુ ખર્ચ નિદાન દશથી પંદર હજાર રૂપિયા થાય છે.

મુખ્યત્વે કરીને વર્ષોવર્ષ સંસ્થા ગામડાંના સામાન્ય સ્થિતિના માણસો પાસેથી એકેક રૂપિયો ઉઘરાવી પોતાનું ખર્ચ કાઢે જાય છે. અત્યાર સુધી ગામડાંના પાટીદારભાઈઓ ઉદાર દષ્ટિથી આ સંસ્થાને પોષવા તન, મન, અને ધનથી મદદ કરતા આવ્યા છે.

ચાલુ સાલે આખાય ગુજરાતમાં અતિવૃષ્ટિને લીધે ગામડાં અને તેની ખેડૂત પ્રજા બહુ જ કફોડી સ્થિતિમાં આવી પડી છે, અનેક જણ ઘરબાર વિનાના થઈ પડ્યાં છે. ખેતરો ધોવાઈ ગયાં છે. પ્રથમ પાક નિષ્ફળ ગયો છે. અમૂલ્ય ખાતરો પાણીથી ઘસડાઈ ગયા છે. જ્યાં આવી સ્થિતિ પ્રવર્તતી હોય, ત્યાં સંસ્થા પોતાના ફાળાની શી આશા રાખી શકે? કોઈ પણ ગામમાં જઈ સંસ્થા માટે આ સાલે ઉઘરાણું કરવા જેવું રહ્યું નથી અને કદાચ ફંડપ્રવૃત્તિ માટે ફરવામાં આવે તોપણ નિષ્ફળતા સિવાય બીજું શું હોઈ શકે?

સંસ્થા પાસે સ્થાયીફંડ નથી કે તે પોતાનું ચાલુ ખર્ચ તેના વ્યાજમાંથી કાઢી શકે. આવી સ્થિતિમાં મારી નજર જ્ઞાતિના કે અન્ય ધનાઢ્ય ભાઈઓ તરફ જ સ્વાભાવિક રીતે પડે છે. **જે ધનાઢ્ય ભાઈઓએ, અતિવૃષ્ટિના સંકટમાં સપડાયેલાં ભાઈ-બેનોને ઉદાર દિલે મદદ કરી છે અને કરી રહ્યા છે. તે ભાઈઓ ખેડૂતના પૈસા ઉપર નભતી આ સંસ્થાને પણ પોતાના હૂંફાળા આશ્રય તળે લેશે જ એવી મને**

**આશા રહે છે.** ભલે સંસ્થા ઉપર અતિવૃષ્ટિની સીધી અસર ન થઈ હોય! પણ તેની આડકતરી અસર તો ઘણી જ છે. જેના વડે સંસ્થા જીવે છે તે જ મૂળ ઉપર પ્રહાર થયા છે, એટલે તે પ્રહારો સંસ્થા ઉપર જ પડ્યા છે એમ સમજવાનું છે.

ભાઈઓ, આ મારી નમ્ર યાચના પ્રત્યે પૂર્ણ ધ્યાન આપી 'ફૂલ નહિ તો ફૂલની પાંદડી'ના ન્યાયે આ સંસ્થાને મદદ કરી તેની ઊગતી પ્રવૃત્તિઓને પોષણ આપવા ઉદાર હાથ લંબાવશો જ.

(**સૌજન્ય**: 'કેળવણી' વર્ષ ૨જું, અંક 1લો, આસો. 1983, પૃ. 23)

*

## અમારી બે માગણીઓ

આપ જાણો છો કે આ સંસ્થાની સ્થાપના સમાજની અને મુખ્યત્વે કરીને આપણી જ્ઞાતિની ઉન્નતિ કરવાના હેતુથી કરવામાં આવી છે. આપણી જ્ઞાતિ મ્હોટી છે, તેટલી જ અજ્ઞાન, વહેમ અને ભોળપણમાં ડૂબેલી છે. તેનો ઉદય કરવા કેળવણી સિવાય અન્ય માર્ગ નથી જ. જ્ઞાતિના બાળકોની કેળવણી ઉપર આપણી ભાવિ ઉન્નતિનો આધાર રહેલો છે.

આવી પરિસ્થિતિમાં અમે જ્ઞાતિભાઈઓ આગળ બે માગણીઓ મૂકીએ છીએ : **"આ સંસ્થાનો વિકાસ કરવા તેને મદદ કરો અને તમારાં બાળકોને અવશ્ય આ સંસ્થામાં ભણવા મોકલો."** આ બે બાબતોનું રહસ્ય સમજી જો આપણે તેનું પાલન કરતાં થઈ જઈએ તો સમજજો કે આપણી ચઢતી બહુ દૂર નથી.

તમે ધારો તો શું ન કરી શકો? દર સાલ હજારો મણ અનાજ પકવી જગતને જીવાડનાર આપણે શું ન કરી શકીએ? વધી પડેલા ખર્ચા કમી કરતા જઈ તેનો ઉપયોગ કેળવણીની દિશામાં કરવા ધારીએ તો શું ન કરી શકીએ? ઘરદીઠ સંસ્થાને દર વર્ષે પાંચ-પાંચ રૂપિયાની મદદ કરીએ તો સંસ્થા, કડી પ્રાંતમાં એક નમૂનેદાર સંસ્થા બની રહે. આપણી સંસ્થા એ તો આપણા અજ્ઞાનરૂપી દુશ્મનની સાથે લડવાનો મહાન કિલ્લો છે. તેને જેટલો બળવાન, વિશાળ અને સંગીન બનાવીશું તેટલું આપણે આપણી જાતનું વધારે રક્ષણ કરવા સમર્થ થઈશું અને અજ્ઞાનરૂપી શત્રુને દૂર નસાડીશું. બાળકોને સારી કેળવણી આપવી એ તો પિતૃધર્મ છે. માતા જેમ બાળકને ધવરાવવાનો પોતાનો ધર્મ સમજે છે તેમ બાળકને સુકેળવણી આપવી એ પિતાનું કર્તવ્ય છે. આ કર્તવ્ય નહિ બજાવનાર પિતા પાપમાં પડે છે. બાળકને ઝટ પરણાવી દેવાની જેવી ચિંતા અને તાલાવેલી આપણને રહ્યાં કરે છે, તેવી જ ચિંતા તેની કેળવણી માટે રહેવી જોઈએ. બાળકની કેળવણી પાછળ થતું ખર્ચ ઊગી નીકળવાનું છે. સુકેળવણી લઈ સુખી થનાર પુત્રો માબાપ ઉપર જે ઉપકારની અમી દૃષ્ટિ ફેંકશે તેનાથી વડવાઓ તરી જશે અને આખુંય કુળ સુખી થશે.

માટે આજે જ મનમાં દૃઢ સંકલ્પ કરો અને અમારી આ બે માગણીઓ **"મદદ કરો અને બાળકો મોકલો"** ધ્યાનમાં રાખી કર્તવ્યનું પાલન કરો. પ્રભુ, આપણને આપણી ઉન્નતિ સાધવાનું બળ આપે!

आत्मैवह्यात्मनो बन्धुरात्मैव रिपारुत्मनः ॥ गीता ॥

પોતે જ પોતાના મિત્ર છીએ અને પોતે જ પોતાના શત્રુ છીએ.

(**સૌજન્ય**: 'કેળવણી' વર્ષ ૨જું, અંક 2જો, પોષ 1984, પૃ. 66)

*

## અમારી વિનંતી

જમાને-જમાને ધર્મો બદલાય છે. આ ધર્મોને જે સમાજ ઓળખીને અનુસરે છે તે જ જીવનપંથમાં આગળ વધે છે. **કેળવણી** એ આ જમાનાનું સૂત્ર છે. જે સમાજ બાળકોની કેળવણી માટે બેદરકાર રહે છે, તે ભાવિ પ્રજાની ઉન્નતિનો માર્ગ બંધ કરે છે અને જમાનાના કાર્યને પાછું ધકેલે છે. આ મંડળે કેળવણીનું કાર્ય હાથ ધર્યું છે. આ જ નવ વર્ષથી તેનાં કાર્યો દિન-પ્રતિદિન આગળ વધે જાય છે. હવે એવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે કે થોડુંઘણું પણ સ્થાઈ ફંડ સંસ્થા પાસે હોય તો જ આગળ પ્રગતિ થઈ શકે તેમ છે. એ ઉદ્દેશથી **સંસ્થા માટે એક લાખ રૂપિયાના ફંડની માગણી જાહેર પ્રજા પાસે કરી છે.**

વાચક, તું ગરીબ હો કે ધનવાન હો, વૃદ્ધ હો કે યુવાન હો, ખેડૂત હો કે વેપારી હો નોકર હો કે મજૂર હો, તું આ કેળવણીના, આ પ્રજા ઉન્નતિના કાર્યમાં યથાશક્તિ તારો ફાળો, તારી સેવા જરૂર અર્પજે અને જીવનને કૃતાર્થ કરજે!

**છગનભા**

(**સૌજન્ય**: 'કેળવણી' વર્ષ ૨જું અંક 3, ચૈત્ર, 1984 પૃ. 101)

*

# (અંતર)નેટવર્ક બહારનો પ્રદેશ
# મણિપુર-બહારના લોકો મણિપુરી

તુલા-સંજય

સેવાગ્રામમાં ગાંધીજીની ઝૂંપડી વચ્ચેથી શૉર્ટકટ લઈને પોતાની ઓરડીમાં જવા નીકળેલી વિદેશી મહિલા પત્રકારને ગાંધીજી સૂતેલા લાગતાં એમને ખલેલ ન પહોંચે એવા આશયથી એ પંજા પર દબાયેલા પગે ચાલવા માંડે છે. જાગતા ગાંધી પત્રકાર મહિલાને આ રીતે ચાલવાનું કારણ પૂછે છે. મહિલા કારણ કહે છે ત્યારે ગાંધી રમૂજમાં કહે છેઃ 'આ તો જાણે ઠીક છે પણ Never Tiptoe to my Memory!!"

ગાંધી સાચા છે. ગાંધીને ગુપચુપ રીતે યાદ કરવા સંભવ નથી. જેઓ ગાંધીનાં મૂલ્યો (જેને હું શાશ્વત મૂલ્યો માનું છું) સાથે અસમંત છે એમના માટે ગાંધી અનકમ્ફર્ટેબલ છે – તકલીફ આપનારો છે અને જેઓ ગાંધીમૂલ્યો સાથે સંમત છે એમના માટે ગાંધી ખલેલ પહોંચાડનાર છે અને આવી ખલેલ જ મને આ વેળા મણિપુર લઈ ગઈ...

છેલ્લા પાંચ મહિનાથી હું મણિપુરને ઠીક-ઠીક નજીકથી નિહાળી રહ્યો હતો અને દાઝેલા મણિપુરની ગંધ મારા નાકમાં ભરાયે જતી હતી! અને છેલ્લે બે કૂકી બહેનો અને પછી બે મઇતિ કિશોર-કિશોરીઓના આર્તનાદે મારા કાનના પડદા ફાડી નાખ્યા ને હું બહેરો થઈ ગયો – હું આંધળો થઈ ગયો – હું બોબડો થઈ ગયો અને હું મણિપુર ચાલી નીકળ્યો!!!

મારી આ ટૂંકી યાત્રા દરમિયાન હું ૩ મઇતિ રાહત શિબિરો અને ૫ કૂકી રાહત શિબિરોમાં ગયો. ત્યાંના ભાઈઓ-બહેનો, યુવક-યુવતીઓ અને બાળકો સાથે વાતો થઈ. શિબિરોમાં એમને મળતું ભોજન – રહેવાની વ્યવસ્થાઓ- ત્યાંનું વાતાવરણ અને ત્યાંનું ભાવાવરણ અનુભવવાનો પ્રયત્ન કર્યો. જુદા જુદા સમૂહના કેટલાક મહત્ત્વના લોકોને મળવાનું બન્યું. મણિપુરના રાજ્યપાલને પણ બે વખત મળ્યો. ભીના હૃદયે મણિપુર પહોંચ્યો હતો અને ભારે હૃદયે પાછો આવ્યો...

આજે સમગ્ર દેશમાં પ્રશ્નના પક્ષે ઊભા રહેનારાઓ ભારે બહુમતીમાં છે ને ઉત્તરના પક્ષે ઊભા રહેલાઓ અલ્પસ્વરૂપા લઘુમતીમાં છે ત્યારે ઉત્તરના પક્ષે ઊભા રહેલાઓ માટે એક ઊંડી શ્રદ્ધા સાથે આ થોડુંક લખી રહ્યો છું.

### નામરૂપ જૂજવાં અંતે તો જેલની...

મણિપુરની અંદાજિત પાંત્રીસ લાખની વસ્તીમાંથી લગભગ ૬૦,૦૦૦ લોકો મે મહિનાની શરૂઆતથી રાહત છાવણીઓમાં રહી રહ્યા છે. આમાંની એક ૮૦૦ લોકોની છાવણીમાં હું ગયો. આ છાવણી ઈમ્ફાલની જેલની બાજુમાં આવેલી હતી. સાંજ હજી પડી નહોતી, પણ ઉદાસી ઘુંટાયેલી સાંજ જેવી જ હતી અને જેલની જમીન પર છાવણીના ૪૦-૫૦ ભાઈ-બહેન શાકભાજી વાવી રહ્યાં હતાં. વાવવા માટેના બટાકાના બિયારણના નાનાશા ઢગલા આગળ હું જઉં છું અને જોઉં છું કે આમાંના ઘણાં બધાં બટાકાં ખાવાલાયક જ નહોતા જેને તેઓ વાવવા જઈ રહ્યાં હતાં! હું એમને પૂછું છું કે આ ક્યારે ઊગશે? ભાષાની દીવાલ હોવાને કારણે તેઓ કહે છે કેઃ દસેક દિવસમાં. હું ફરી પૂછું છું કે ખાવાલાયક ક્યારે થશે?! જવાબ મળે છે, અઢી-ત્રણ મહિના પછી. હું ખૂબ જ સ્વાભાવિક રીતે એમને પ્રશ્ન કરું છું કે શું તમને એવું છે કે હજી બીજા ત્રણેક મહિના તમારે અહીં રહેવું પડશે?! ક્ષણભરનો વિલંબ કર્યા વિના એક જણ બોલે છેઃ આવતા વર્ષે પણ વાવવાં પડશે.....

અનેક ભાવચિત્રો સાથે લઈને હું બીજી છાવણીમાં જાઉં છું જ્યાં લગભગ ૧૯૦ જેટલા લોકો છે. ત્યાં એક નાના છોકરાને હું મળું છું. એનું નામ છે 'મેસ્સી'. નૅશનલ ગેમ્સ ચાલતી હતી ત્યારે એનો જન્મ થયેલો અને માતા-પિતા એનામાં એક ફૂટબૉલ પ્લૅયર જોતા હતા એથી નામ રાખેલું મેસ્સી. આ

મેસ્સી સાથેની વાતોમાં એને પૂછું છું: ઘરે જવું છે? પ્રત્યુત્તર મળે છે: હા. ક્યારે જવું છે?(કબ જાના હૈ?) પ્રત્યુત્તર મળે છે: (આજ) આ સાઠ હજાર લોકોને ઘરે આજે જવું છે અને ક્યારે જવાશે એ એમના હાથમાં નથી અને દૂર દૂર સુધી કોઈ આશા પણ નથી. આને પણ જેલ જ કહેવાય ને?! (આમાંના ઘણા બધા લોકો એવા છે કે જેમનાં ઘરબાર વિગેરે લૂંટી લેવામાં આવ્યાં છે – સળગાવી દેવામાં આવ્યાં છે.) **જ્યારે રાજ્ય રાજ્યવિહીન અવસ્થામાં હોય ત્યારે પ્રજાજનો સ્વાભાવિક રીતે જ આશાવિહીન સ્થિતિમાં હોય છે. આનું નામ જ લોકશાહીની પીડા.....**

### જન્મનો આદર તો પછી મૃત્યુનો આદર કેમ નહીં?!

હું એક વિશિષ્ટ પ્રકારના કૅમ્પમાં જાઉં છું, બે કારણે : એક તો એ મણિપુર BJPના પ્રેસિડેન્ટ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે અને બીજું એ પ્રસૂતા બહેનો અને નાનાં બાળકોને દૂધ પીવડાવતી માતાઓ માટેનો છે. અહીં પ્રમાણમાં, હા પ્રમાણમાં સારી સગવડો છે. સેન્સ ઑફ સિક્યોરિટીનું ભાવાવરણ અનુભવાય છે. ગાયનેકોલોજિસ્ટ અને પીડિયાટ્રીશિયન નિયમિત રીતે આવે છે. ખાવા-પીવાનું બીજા કૅમ્પ કરતાં ઘણું-ઘણું સારું છે. હું પણ અહીં ચા પીવું છું ને ચા પીતાં-પીતાં મણિપુર BJPના વાઇસ પ્રેસિડેન્ટ સાથે વાતો કરું છું. (મારી સાથે આવેલા મારા એક સાથી એમનો પરિચય આપતાં કહે છે, એક જમાનામાં એ સ્ટુડન્ટ લીડર હતા ઔર અચ્છા થા) આ કૅમ્પની વધારે અને બીજી થોડીક વાતો પછી એ મને એમની સાથે રૂમોમાં (પરમિશન લઈને) લઈ જાય છે. આ દિવસોમાં અહીં ૮૮ બાળકોએ જન્મ લીધો છે. બ્રાહ્મણ બોલાવીને સૌનાં નામકરણ પણ થયાં છે. એમના થકી એ પણ જાણવા મળે છે કે ભૂપેન હજારિકા ફાઉન્ડેશનની મધ્યસ્થીમાં કૂકી-મઇતિ સંવાદ માટેની પહેલની સંભાવના બની રહી છે.

છેલ્લે નીકળતી વખતે મારી પાસે એક મુલાકાતપોથી મૂકવામાં આવે છે જેમાં મેં લખ્યું: We should love one another or die. અને અમે સ્મિત સાથે છૂટા પડ્યા.....

### મોસ્ટ ડિસઓબિડિયન્ટ વન

કાન્ગપોક્કી કસ્બાના રસ્તા ઉપર અમારી રાહ જોઈને ઊભેલા રેવ. ફાધર પ્રીમ વાઇફાઇ પોતાનો પરિચય 'મોસ્ટ ડિસઓબિડિયન્ટ વન' તરીકે આપી એનું કારણ જણાવતાં કહે છે, ઈમ્ફાલ છોડનારા સૌથી છેલ્લાં કૂકી એ પોતે હતા. આમ તો પ્રીમ ઓલ મણિપુર ક્રિશ્ચિયન ઍસોસિયેશનના પૂર્વ પ્રમુખ છે. મોટી ઉંમરના છે. અત્યંત નમ્ર છે ને ભારે મક્કમ છે. એથી જ તેઓ ૧૬ જૂનના દિવસે પોલીસના કહેવા છતાં ઇમ્ફાલમાં જ રહે છે ને પોલીસને કહે છે કે મોટા ભાગના મઇતિ સારા છે થોડાક જ ખરાબ છે. હું એમને લઈને શું કામ મારું નગર છોડું? જરૂર પડે મને રક્ષણ આપજો. ૮ જુલાઈએ ફરીથી પોલીસ આવે છે, પણ તે લાંબી ચર્ચા કરી નમ્રતાપૂર્વક નહિ જવા મક્કમ રહે છે. એમની ઉપર મઇતિઓની ધમકી આવે છે, તેઓ તંત્રને જાણ કરે છે. ૧ અને ૨ સપ્ટેમ્બરની અડધી રાત્રે તંત્ર આવે છે ને ઘરની બહારથી જ ઉપાડી રાત્રીના અંધારામાં ક્યાંક છોડી દે છે. મને કહે છે કે મારી ઘડિયાળ અને બાઇબલ પણ સાથે લેવા દીધું નહીં. માળી જ કઠિયારો બની ગયો!!

વાતો પતે એ પહેલાં અમે એક રાહત છાવણીમાં પહોંચીએ છીએ. પ્રત્યેક રાહત છાવણી જાણે એની પોતીકી પીડા લઈને જીવી રહી છે. અહીં લગભગ ૧૮૦ જેટલા ''લોકો!' રહે છે ને આખા કૅમ્પમાં એક બાથરૂમ અને બે સંડાસ છે. એક બેન બોલ્યાં કે સુબહ સે હી નોટબંધી જૈસી લાઇને લગને લગતી હૈ યહાઁ!!'

આ છાવણીમાં નાનીશી બેસવાની જગ્યાઓમાં ગોઠવાયેલી આઠ-દસ ખુરશી પર અમને બેસાડવામાં આવે છે ને મારી નજર જાય છે સામેની ભીંત પર જ્યાં રાષ્ટ્રધ્વજ અને ગાંધીજીનું બૅનર લગાવવામાં આવ્યું છે. વાત કરતાં જાણવા મળ્યું કે ૨ ઑક્ટોબરે અહીં ગાંધીજયંતી ઉજવાયેલી જેમાં બાળકોએ ચિત્રો દોરેલાં. આ ચિત્રોમાં ગાંધી હતા અને ઈશુ પણ હતા. ચિત્રો જોતાં મને એક ક્ષણ ભાસ્યું કે ઈશુ અને બાપુ

પાસપાસે બેઠા છે ને ''તમારા પાડોશીને તમારી જાત જેટલો પ્રેમ કરો'' વિધાનમાં પાડોશી કોણનો અર્થ સાથે મળીને વિસ્તારી રહ્યા છેઃ જે દુઃખી છે – જે તકલીફમાં છે તે તમારો-મારો-આપણો પડોશી છે.

## હિંસાની ધરતી પર બદલાનો અને ગુનાખોરીનો ઉગારો

છેલ્લા પાંચ મહિનાથી ચાલતી હિંસાને લઈને મણિપુરની બે જાતિઓનું જાતિમાનસ અને અલગાવ આપણને ધ્રુજાવી દે એવાં છે! ઘણાબધા દેશોની આંતરરાષ્ટ્રીય સરહદો પણ Porous હોય છે!! જ્યારે અહીં તો એક જ રાજ્યના બે જાતિના પ્રદેશો વચ્ચેની અદશ્ય સરહદ એટલી ઊંચી અને ઊંડી છે કે એક નેપાળી ગોરખા યુવાન મને કહે છે કેઃ સર, એક જાતિના વિસ્તારમાં બીજી જાતિની બોલી બોલવા પર પણ પ્રતિબંધ છે. રસ્તાઓ પર blockage છે. અપવાદરૂપ વાહનોની અવરજવર પર વાહનદીઠ ૧૦,૦૦૦ થી ૩૦,૦૦૦ રૂપિયા વસૂલવામાં આવે છે. છડેચોક સેંકડોની સંખ્યામાં બંકરો છે જ્યાં બંદૂકો લઈને યુવાનો બેઠા છે. હથિયારોની ખરીદી માટે લોકો દાન આપી રહ્યાં છે ઉદારદિલે!! એક નિવૃત્ત આર્મી જવાન મને કહે છે કે હું અને મારા જેવા બીજા ઘણાબધા અલગ-અલગ ગામોમાં આ બંદૂકો વિગેરેની મરામત કરવાની ફરજ બજાવીએ છીએ અને મેં પણ ગોળીઓ(Bullets) ખરીદવા ૨૫૦૦૦ રૂપિયાનો સહયોગ કરેલ!! એક નેપાળી ગોરખા ગામના આગેવાન મને કહે છે કે અમારી સ્થિતિ કાયમને માટે દાંત વચ્ચેની જીભ જેવી જ છે, પણ આ વખતે તો?.... અમારા ગામમાંથી ૧૪ લાખ રૂપિયા અમારે પહોંચાડવા પડ્યા છે!!..

અહીં હું અટકું છું, કારણ કે બાત નિકલેગી તો ફિર દૂર તલક જાયેગી... આપ સૌને હાથ જોડીને હું એટલું જ કહું છું કે આપણે સૌએ સાથે મળીને પાંચ મહિનાથી રાહત છાવણીઓમાં રહેતા આ ૬૦,૦૦૦ લોકોના આંસુ લૂછવાં જ રહ્યાં!! ઈશુ અને બાપુએ સાથે મળીને વિસ્તારેલા "પડોશી કોણ?"ના અર્થની આંગળી પકડીને બાપુ સાથે સંવાદ કરતા આર. પ્રસાદ તેમના કાર્ટૂનમાં કહે છેઃ "It takes about 132 hours on feet to reach Imphal from Nuokhali. Shall we go, Bapu?"

આપણે એકાદ મહિના માટે આ ૬૦,૦૦૦માંથી થોડાકનાં આંસુ લૂછવા જવાનો સંકલ્પ કર્યો છે. જેમાં મુખ્યત્વે આપણે બે કામ કરવા જઈ રહ્યાં છીએ. (૧) આરોગ્યનું કામ અને (૨) બાળકો સાથે સર્જનાત્મક અને રચનાત્મક interaction.

આ સંકલ્પને આપણે Shall We go, Bapu? – initiative એવું કહીશું. જેની મુખ્ય જવાબદારી વિશ્વગ્રામ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી અને સ્વપથ ટ્રસ્ટે સ્વીકારી છે. બહુ બધા કલ્યાણ મિત્રો આ સંકલ્પ સાથે સંકળાય અને સહયોગ કરે એવી પ્રાર્થના.

અત્યંત ભાવપૂર્વક
તુલા-સંજય

સંપર્કઃ તુલા-સંજય વિશ્વગ્રામ
મો. ૯૪૨૬૩૮૮૨૩૪
vishwagrambasnagmail.com

*રામકથા ત્રણ વસ્તુ કરે છે. એક, રામકથા આખા સમાજને, આખા વિશ્વને સંદેશ આપે છે. રામકથા દ્વારા કોઈ ને કોઈ મેસેજ જાય છે. આ એની એ જ કથા, પણ છતાં એ જ કથા મને ને તમને ગમે છે; મને તો રોજ નવી લાગે છે, કારણ કે રામકથા રોજ નવો સંદેશ લઈને આવે છે. રામકથાનો એક શુદ્ધ સંકલ્પ છે કે ત્રણ વસ્તુ જગત સુધી પહોંચે. કેવલ ગુજરાત-ભારતમાં જ નહીં, પૃથ્વી પર જ નહીં પણ 'સકલ લોક જગપાવની ગંગા' આ કથા છે, એટલે સમસ્ત બ્રહ્માંડમાં જ્યાં સુધી પહોંચે ત્યાં રામકથા કોઈ ને કોઈ એક નવો સંદેશ લઈને મારી ને તમારી પાસે આવે છે. આવું નિવેદન બહુ જ જવાબદારીપૂર્વક કરી રહ્યો છું. બીજું, રામકથા એક નવો ઉપદેશ લઈને આવે છે; યદ્યપિ ઉપદેશ મારું ક્ષેત્ર નથી, હું ઉપદેશ આપવાને મારી જાતને યોગ્ય માનતો નથી. હું સંદેશ સુધી છું. પણ રામકથા તો ઉપદેશ પણ આપે છે. અને રામકથાને જ્યારે લાગે છે ત્યારે મને ને તમને એ આદેશ પણ આપે છે.*

***(સૌજન્ય : મોરારિબાપુકૃત 'માનસદર્શન' પૃ. 28)***

# આઝાદીના અમૃતકાળમાં ભારતની લોકશાહીનાં લેખાં-જોખાં : ઉપલબ્ધિઓ અને પડકારો

**પ્રવીણ જ. પટેલ**

એક રાષ્ટ્ર તરીકે આપણે હાલમાં એક સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહ્યા છીએ. ઘણીબધી આશાસ્પદ બાબતો બની રહી છે અને કેટલીક ચિંતાજનક બાબતો પણ નજરે પડે છે. જાણે કે સારાં અને નરસાં વચ્ચે એક ગજગ્રાહ ચાલી રહ્યો છે. આ ગજગ્રાહનું પરિણામ એક રાષ્ટ્ર તરીકે આપણું ભવિષ્ય ઘડશે એવું લાગે છે અને આ ભવિષ્ય ઘડતરમાં ખાસ કરીને આપણું રાજકારણ અને લોકશાહી શાસન મુખ્ય ભૂમિકા ભજવશે એ નિશ્ચિત છે. તેથી ભારતની આઝાદીના અમૃતમહોત્સવની ઉજવણી પ્રસંગે આપણે લોકતાંત્રિક માર્ગ પર કરેલી પ્રગતિનાં લેખાં-જોખાં કરવાનું પણ જરૂરી થઈ પડે છે.

I

## પૂર્વ ભૂમિકા

ઈ.સ. 1947માં સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી તરત જ ભારતને ઘણા મહત્ત્વપૂર્ણ પડકારોનો સામનો કરવો પડ્યો હતો. ભારતના ભાગલાને કારણે પાકિસ્તાનનું નિર્માણ થયું અને ધાર્મિક આધાર પર લાખો લોકોનું વિસ્થાપન થયું. આના પરિણામે વ્યાપક હિંસા, કોમી રમખાણો અને સામૂહિક હિજરત થઈ. આ એક ઘણો મોટો પડકાર હતો. ખાસ કરીને, સાંપ્રદાયિક દંગાઓને કાબૂમાં લઈને લઘુમતી સમુદાયોના રક્ષણ અને અધિકારોની ખાતરી આપતા બિનસાંપ્રદાયિક અને સર્વ સમાવેશક સમાજનો પાયો નાંખવાનો એ પડકાર હતો. વધુમાં, નવા રચાયેલા રાષ્ટ્રમાં ઘણાં રજવાડાં હતાં. આ રજવાડાંઓને ભારતીય યુનિયનમાં જોડવાનાં હતાં અને એક મજબૂત લોકતંત્રની સ્થાપના કરવાની હતી તથા ભારતને કૃષિ આધારિત અર્થતંત્ર વારસામાં મળ્યું હતું. વસ્તી વિશાળ હતી. આધુનિક ઉદ્યોગો ખૂબ જ ઓછા હતા. ગરીબી, બેકારી અને અસમાનતા વ્યાપક હતી. તેથી આધુનિકીકરણ અને ઔદ્યોગિકીકરણ તરફ આગે કૂચ કરીને વિકસિત સમાજનું નિર્માણ કરવાનું આવશ્યક હતું. તદુપરાંત, ભારતની વસ્તીનો મોટો હિસ્સો નિરક્ષર હતો. ભારતની ઈ.સ. 1951ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં એકંદર સાક્ષરતા દર લગભગ 18 ટકા હતો. જાતિ, લિંગ અને વર્ગ પર આધારિત સામાજિક અસમાનતાઓનાં મૂળ ઊંડાં હતાં. વિકાસના લાભો તમામ નાગરિકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા શિક્ષણના વિસ્તારનો, સામાજિક ભેદભાવને દૂર કરવાનો અને સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોના ઉત્થાનનો પડકાર હતો. સાથે-સાથે અસરકારક સરકારી સંસ્થાઓ, કાનૂની પ્રણાલીઓ અને વહીવટી તંત્રોનું નિર્માણ કરવાનું હતું. વિવિધ સાંસ્કૃતિક, ભાષાકીય અને ધાર્મિક ઓળખને સાચવીને સામાજિક ઐક્ય જાળવી રાખવાનું હતું. વધુમાં, કાશ્મીરના મુદ્દે પાકિસ્તાને યુદ્ધ પણ શરૂ કર્યું હતું. આવા વિવિધ પડકારોનો સામનો કરવા છતાં દેશ સરમુખત્યારશાહી અથવા લશ્કરીશાસન ટાળવામાં સફળ રહ્યો. ભારતે નવા સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે એક મજબૂત બંધારણીય અને સંસ્થાકીય માળખું રચીને લોકશાહીશાસન સ્થાપિત કરવાનો નિર્ધાર કર્યો.

II

## આઝાદી પછી ભારતીય લોકશાહીની ઉપલબ્ધિઓ

છેલ્લા સાત દાયકાઓમાં ભારતે લોકતાંત્રિક સિદ્ધાંતો પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવી છે તથા એક વૈવિધ્યસભર, સર્વસમાવેશક અને ગતિશીલ રાષ્ટ્રનો પાયો નાખ્યો છે. જેને કારણે ભારતની ઓળખ વિશ્વની એક સૌથી મોટી અને જીવંત લોકશાહી તરીકે સ્થાપિત થઈ છે. તેથી અહીં આપણે ભારતીય લોકશાહીની કેટલીક મહત્ત્વની ઉપલબ્ધિઓનો ટૂંકમાં ઉલ્લેખ કરીશું.

**સાર્વત્રિક મતાધિકાર**: લોકોનું રાજકીય સશક્તિકરણ અને પ્રતિનિધિ લોકશાહી આઝાદી પછીની આપણી સૌથી મોટી અને સૌથી વધુ નોંધપાત્ર ઉપલબ્ધિ હતી: આપણું લોકશાહી-પ્રજાસત્તાક બંધારણ. આઝાદી પછી તરત જ ભારતના નેતાઓએ લોકશાહી માળખું બનાવવાનું મુશ્કેલ કાર્ય શરૂ કર્યું હતું. ભારતની

વૈવિધ્યપૂર્ણ વસ્તીની આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે તેવા ન્યાયી સમાજની રચના કરવાનો નિર્ધાર કર્યો હતો. તેથી ઈ.સ. 1950માં અપનાવવામાં આવેલ ભારતીય બંધારણમાં સાર્વત્રિક મતાધિકાર, સમાનતા, સ્વતંત્રતા, સર્વ સમાવેશકતા અને ન્યાયના લોકતાંત્રિક સિદ્ધાંતો સમાવિષ્ટ છે.

સાર્વત્રિક પુખ્ત મતાધિકાર અપનાવવાથી દરેક નાગરિકને, તેમની સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના, મતદાન કરવાનો અધિકાર મળ્યો. તેથી નાગરિકોનું લોકશાહી પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લેવા માટે સશક્તિકરણ થયું તથા દેશમાં થતી નિયમિત, નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણીઓએ સત્તાના શાંતિપૂર્ણ પરિવર્તનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સ્થાનિક, રાજ્ય અને રાષ્ટ્રીયસ્તરે ચૂંટાયેલા પ્રતિનિધિઓ ધરાવતા ભારતના બહુ-સ્તરીય લોકશાહી માળખાંએ લોકોને તેમનો અવાજ ઉઠાવીને તેમની સમસ્યાઓ રજૂ કરવા અને તેનું નિરાકરણ લાવવામાં મદદ કરી છે. શાસનને લોકોની નજીક લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ઈ.સ. 1975-77ના કટોકટીકાળ સિવાય ભારતમાં લોકશાહી સતત કાર્યરત રહી છે. શાસનની સ્થિરતા, નાગરિકોના અધિકારો અને આકાંક્ષાઓનો આદર તથા સામાજિક માળખાંમાં લોકશાહી મૂલ્યોનું દ્રઢીકરણ ભારતીય લોકશાહીની મજબૂતાઈ અને પરિપક્વતા દર્શાવે છે. ભારતે તેની લોકશાહીમાં જનભાગીદારીને મજબૂત બનાવીને ભાવિ પેઢીઓ માટે લોકશાહી શાસન સુનિશ્ચિત કરવાનું ચાલુ રાખ્યું છે.

### સત્તાનું શાંતિપૂર્ણ હસ્તાંતરણ અને રાજકીય સ્થિરતા

દર પાંચ વર્ષે એક વાર થતી સામાન્ય ચૂંટણીમાં કરોડો મતદારો તેમના પ્રતિનિધિઓને પસંદ કરવાના તેમના અધિકારનો ઉપયોગ કરે છે. નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી પ્રક્રિયાઓ સુનિશ્ચિત કરવા માટે ભારતીય ચૂંટણીપંચ (Election Commission of India) ની સ્થાપના કરવામાં આવી હતી. જે સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીઓ કરાવવા માટે જવાબદાર સ્વતંત્ર બંધારણીય સંસ્થા છે. દરેક ચૂંટણી વખતે નિયમિત રીતે સુધારવામાં આવતી મતદાર યાદી, મતદાર ઓળખપત્ર, ઇલેક્ટ્રોનિક વૉટિંગ મશીનો, મતદાર શિક્ષણની પહેલ વગેરે જેવાં પગલાંએ ચૂંટણી પ્રણાલીને વધુ કાર્યક્ષમ અને વિશ્વસનીય બનાવવામાં ફાળો આપ્યો છે.

દરેક સામાન્ય ચૂંટણી પછી વિવિધ રાજકીય પક્ષો વચ્ચે સત્તાનું શાંતિપૂર્ણ હસ્તાંતરણ ભારતીય લોકશાહીની બીજી નોંધપાત્ર સિદ્ધિ છે. ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ લોકશાહી ધોરણોની સ્થાપના અને જાળવણીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે બિનસાંપ્રદાયિકતા, નાગરિક સ્વતંત્રતા અને વ્યક્તિગત અધિકારો પર ભાર મૂકીને લોકશાહી રાજકીય સંસ્કૃતિ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કર્યું હતું. ઈ.સ. 1962ના ચીન-ભારત યુદ્ધ જેવા પડકાર જનક સમયમાં પણ લોકતાંત્રિક સિદ્ધાંતોનું પાલન તેમની લોકશાહી પ્રક્રિયા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ઈ.સ. 1967ની સામાન્ય ચૂંટણીઓ પછી ભારતની લોકશાહીએ પોતાની સ્થિતિસ્થાપકતાનું નોંધપાત્ર ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આઝાદી પછી બહુમતીનું સમર્થન મેળવીને સતત સત્તા ભોગવનાર ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ પક્ષ સામે વિરોધ પક્ષોનો પડકાર નોંધપાત્ર બન્યો હતો. રાજ્ય અને કેન્દ્ર બંને સ્તરે બિન-કૉંગ્રેસી સરકારોના ઉદભવે ભારતીય રાજકીય લૅન્ડસ્કૅપમાં વિવિધતા અને સ્પર્ધાની શરૂઆત કરી હતી. ઈ.સ. 1975-77ની કટોકટી પછી ઈ.સ. 1977ની સામાન્ય ચૂંટણીઓમાં કૉંગ્રેસ પાર્ટી રાષ્ટ્રીયસ્તરે પ્રથમ વખત સત્તામાંથી બહાર થઈ ગઈ હતી. જય પ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ વિપક્ષી પાર્ટીઓના ગઠબંધન 'જનતા પાર્ટી'નો વિજય થયો હતો, પરંતુ ત્યાર બાદ ઈ.સ 1980માં થયેલ ચૂંટણીમાં કૉંગ્રેસ પક્ષ ફરીથી નોંધપાત્ર બહુમતી સાથે સત્તામાં પાછો ફર્યો હતો. ત્યાર બાદ સત્તાનું આવું શાંતિપૂર્ણ હસ્તાંતરણ કેન્દ્રમાં અને ઘણાં રાજ્યોમાં થતું આવ્યું છે. આ પરંપરા ભારતના મજબૂત લોકતંત્રની ઓળખ બની રહી છે. આવી રીતે વારંવાર વિવિધ સ્તરે રચાતી સરકારો ભારતીય લોકશાહીના બહુપક્ષીય સ્વરૂપ અને સર્વસંમતિ-નિર્માણની ક્ષમતા તથા લોકશાહી ધોરણોની મજબૂતી દર્શાવે છે. એટલું જ નહીં, આ પ્રક્રિયા ભારતીય મતદારોની પરિપક્વતા અને બદલાતી રાજકીય પરિસ્થિતિ સાથે તેમની અનુકૂલન કરવાની ઇચ્છા અને ક્ષમતા પણ દર્શાવે છે. ભારતમાં નિયમિત રીતે થતાં સત્તાનાં આવાં શાંતિપૂર્ણ હસ્તાંતરણોએ સામાજિક-રાજકીય સંવાદિતા જાળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેથી રાષ્ટ્રની નિરંતર પ્રગતિ વાસ્તે સ્થિર અને સુરક્ષિત વાતાવરણ મળે છે, વિદેશી મૂડીરોકાણ વધે છે અને આર્થિક વૃદ્ધિ સુનિશ્ચિત થાય છે.

### પંચાયતીરાજનું મજબૂતીકરણ અને સત્તાનું વિકેન્દ્રીકરણ

ઈ.સ. 1992ના 73મા અને 74મા બંધારણીય સુધારાએ પંચાયતીરાજ સંસ્થાઓની સ્થાપના ફરજિયાત કરી. પંચાયતીરાજ પ્રણાલીએ સ્થાનિક સરકારોને બંધારણીય માન્યતા અને વહીવટી સત્તા આપી તથા ગ્રામ સભાઓની ભૂમિકાનું મહત્ત્વ વધાર્યું. તેથી ભારતમાં સત્તાના વિકેન્દ્રીકરણ સાથે પાયાની લોકશાહી મજબૂત બની છે. સંસાધનોની ફાળવણી અને સ્થાનિક જરૂરિયાતોને આધારે વિકાસ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવા તથા સ્થાનિક સમસ્યાઓનું નિરાકરણ કરવા લોકો સક્ષમ બન્યા છે. જેમ કે, ગરીબી નિવારણ અને મહિલા સશક્તિકરણ માટેની કેરળની કુડુમ્બશ્રી (મલયાલમ ભાષામાં તેનો અર્થ થાય છેઃ કુટુંબની સમૃદ્ધિ) યોજનાથી મહિલાઓને આવક પેદા કરતી પ્રવૃત્તિઓમાં જોડવામાં આવી. અને રાજસ્થાનના "મુખ્યમંત્રી જલ સ્વાવલંબન અભિયાન"થી રાજસ્થાનની વિકટ જળ સમસ્યાના નિવારણમાં સ્થાનિક શાસન અસરકારક ભાગીદાર બન્યું. તદુપરાંત, પંચાયતીરાજ સંસ્થાઓમાં મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાથી મહિલાઓનું પ્રતિનિધિત્વ અને પ્રભાવ વધ્યો, તેમનું રાજકીય સશક્તિકરણ થયું. આમ પંચાયત રાજથી સ્થાનિક સરકારો લોકો પ્રત્યે વધુ જવાબદાર બની. નાગરિકોને તેમની સ્થાનિક સમસ્યાઓના સમાધાન માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે સીધા જોડાવાની તક મળી.

### ન્યાયતંત્રની સ્વતંત્રતા

ભારતીય ન્યાયતંત્રે કાયદાના શાસનને જાળવી રાખવામાં, નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવામાં અને વહીવટીતંત્ર પર નિયંત્રણ જાળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે અને દેશમાં લોકશાહી મૂલ્યોના પાલનની પરંપરા મજબૂત કરી છે. અનેક સીમાચિહ્નરૂપ ચુકાદાઓ દ્વારા ન્યાયતંત્રે બંધારણની સર્વોપરિતા સ્થાપિત કરી છે. ઉદાહરણ તરીકે, ઈ.સ. 1973માં કેશવાનંદ ભારતી વિ. કેરાલા રાજ્યના કેસમાં ભારતની સર્વોચ્ચ અદાલતે ભારતના બંધારણના 'મૂળભૂત માળખાં'ના સિદ્ધાંતની સ્થાપના કરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે સંસદ પાસે બંધારણમાં સુધારો કરવાની સત્તા હોવા છતાં તે તેના મૂળભૂત માળખાંમાં ફેરફાર કરી શકતી નથી. એ જ રીતે મેનકા ગાંધી વિ. યુનિયન ઑફ ઇન્ડિયા (ઈ.સ.1978)ના કેસમાં સર્વોચ્ચ અદાલતે જીવનના અધિકાર અને વ્યક્તિગત સ્વતંત્રતાની બાંયધરી આપતી બંધારણની કલમ 21ના અર્થઘટનને વિસ્તૃત કરીને જણાવ્યું હતું કે વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો પણ સમાવેશ થાય છે. તેથી રાજ્યની મનસ્વી કાર્યવાહી સામે નાગરિકોને તેમના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવામાં મદદ મળી. મિનર્વા મિલ્સ લિ. વિ. યુનિયન ઑફ ઇન્ડિયા (ઈ.સ. 1980)ના કેસમાં સુપ્રીમ કોર્ટે 42મા બંધારણીય સુધારા અધિનિયમ સંદર્ભે ચુકાદો આપ્યો હતો કે બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા બંધારણ દ્વારા મર્યાદિત છે, સંસદ પોતાને અમર્યાદિત સત્તા ન આપી શકે. આ ઉપરાંત, અદાલતે એવું પણ જાહેર કર્યું હતું કે સંસદની બંધારણમાં સુધારા કરવાની સત્તા બંધારણનો નાશ કરવાની સત્તા નથી. વધુમાં, ભારતની વડી અદાલતે જાહેર હિતની અરજીઓ દ્વારા કોઈ પણ નાગરિક કે બિનસરકારી સંસ્થાઓ (NGO) ને જાહેર હિતની બાબતોને અદાલતો સમક્ષ લાવવાની મંજૂરી આપીને સમાજને અસર કરતા મુદ્દાઓ સાથે ન્યાયતંત્રની સંલગ્નતાનો વિસ્તાર કર્યો છે અને છેલ્લાં દસ-પંદર વર્ષોમાં આધુનિક ટૅક્ નૉલૉજીના ઉપયોગ દ્વારા ન્યાય પ્રક્રિયા વધુ ને વધુ સરળ, ઝડપી તથા પારદર્શી બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

### અભિવ્યક્તિની સ્વતંત્રતા :

ભારતીય બંધારણની કલમ 19 તમામ નાગરિકોને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની ખાતરી આપે છે. આ બંધારણીય પ્રાવધાનથી રાજકીય પક્ષો, સામાજિક-રાજકીય કાર્યકરો અને સામાન્ય નાગરિકો નિર્ભય બનીને સરકારની આર્થિક, સામાજિક, વિદેશી સંબંધો જેવી નીતિઓની ટીકા કરવામાં સક્ષમ બન્યા છે તથા અનેક રાષ્ટ્રીય અને પ્રાદેશિક અખબારોને સમાચારોની વિવિધતા તથા ખોજી પત્રકારત્વ માટે પ્લૅટફૉર્મ પૂરું પાડ્યું છે. આ બધાં સમાચારપત્રોએ જાહેર હિતના મુદ્દાઓ પર રિપોર્ટિંગ કરીને સરકારને પ્રમાણમાં વધુ પારદર્શી અને જવાબદાર બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જોકે, ઈ.સ. 1975-1977 દરમિયાનના કટોકટીના ટૂંકા સમયગાળા દરમિયાન સરકારે મીડિયા પર નિયંત્રણો લાધ્યાં હતાં અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં ઘટાડો કર્યો હતો, પરંતુ આ પડકારજનક સમય દરમિયાન પણ કેટલાંક મીડિયા આઉટલેટ્સ પ્રતિકૂળતાનો સામનો કરીને પણ વિરોધી અવાજોને જાહેર કે છૂપી રીતે જનતા સુધી પહોંચાડવામાં સફળ રહ્યા હતા. ત્યાર બાદ પણ અનેક સરકારોને જવાબદાર ઠેરવવામાં, ભ્રષ્ટાચારને ઉજાગર કરવામાં અને

અન્યાય પ્રત્યે અવાજ ઉઠાવવામાં મીડિયાએ મદદ કરી છે. જેમ કે, ઈ.સ. 2010માં ભારતીય મીડિયા દ્વારા પ્રકાશમાં આવેલ 'રાડિયા ટેપ્સ' કૌભાંડથી એક કૉર્પોરેટ લૉબિસ્ટ અને કેટલાક પત્રકારો, રાજકારણીઓ તથા કેટલીક અગ્રણી વ્યક્તિઓ વચ્ચેની રેકોર્ડ કરેલી ફોન વાતચીતથી કૉર્પોરેટ હિતો, રાજકારણીઓ અને મીડિયા વચ્ચેની સાંઠગાંઠ છતી થઈ હતી. ઈ.સ. 2012માં દિલ્હી ગેંગ રેપ તરીકે ઓળખાતા 'નિર્ભયાકાંડ'ને વ્યાપક મીડિયા કવરેજ મળતાં દેશની કાનૂની અને ન્યાયિક પ્રણાલી વધુ મજબૂત અને જવાબદાર બની હતી. ઈ.સ. 2016માં 'ધ પનામા પેપર્સ' નામના દસ્તાવેજો મીડિયા દ્વારા પ્રકાશમાં આવવાથી અસંખ્ય અગ્રણી ભારતીયો સાથે સંકળાયેલી ઑફ શોર નાણાંકીય પ્રવૃત્તિઓનો ખુલાસો થયો હતો. ઈ.સ. 2020-21 દરમિયાન થયેલ કિસાન આંદોલનને કારણે ભારતની સંસદમાં પસાર થયેલા ત્રણ કૃષિ કાનૂનને રદબાતલ કરવા ભારત સરકારને ફરજ પડી હતી. ઈ.સ. 2023માં કથિત યૌનશોષણ અંગેના ભારતની મહિલા પહેલવાનોના આંદોલનને કારણે ભારતીય કુસ્તી સંઘના વડા સામે કોર્ટ કેસ થયો હતો, ન્યાય અને કાનૂની પ્રક્રિયા બહાલ થઈ હતી. અને છેલ્લે, ઈ.સ. 2023ના જુલાઈ મહિનામાં મણિપુરની મહિલાઓ સાથે થયેલ સમગ્ર માનવસમાજને શરમાવે તેવા અત્યાચાર અંગેનો વીડિયો વાયરલ થવાથી ભારતની સર્વોચ્ચ અદાલતને તેનું સ્વતઃ સંજ્ઞાન લઈ કેન્દ્ર અને રાજ્યની સરકારોને દેશના બંધારણની અને કાનૂન-વ્યવસ્થાની રક્ષા માટે જરૂરી પગલાં લેવા આદેશ આપવાની ફરજ પડી હતી. આમ લોકશાહીની રક્ષા અને તેના સશક્તિકરણ વાસ્તે મીડિયાની ભૂમિકા અનેક રીતે ઉપયોગી થઈ છે. આ ઉપરાંત અનેક લેખકો, કવિઓ, ફિલ્મ નિર્માતાઓ, કાર્ટૂનિસ્ટો, મહિલાઓ, રાજકીય નેતાઓ, કિસાન-કામદાર નેતાઓ વગેરેએ પણ અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ઉપયોગ કરીને ભારતની સામાજિક, આર્થિક, રાજકીય સમસ્યાઓને ઉજાગર કરવાના નિરંતર પ્રયત્નો કર્યા છે. આમ અભિવ્યક્તિની સ્વતંત્રતાએ લોકતાંત્રિક મૂલ્યોને જાળવી રાખવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

### સામાજિક વિકાસ : હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોનું સશક્તિકરણ

ભારતીય બંધારણમાં સમાનતા, સમાવેશિતા અને સામાજિક ન્યાયના સિદ્ધાંતો સ્વીકારવામાં આવ્યા છે. અને આ સિદ્ધાંતો મુજબ દાખલ કરાયેલી અનામત પ્રણાલી દ્વારા અનુસૂચિત જાતિઓ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે રાષ્ટ્રનાં ધારા મંડળો તેમજ પંચાયતીરાજ સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ તથા સરકારી નોકરીઓમાં ચોક્કસ સંખ્યામાં બેઠકોની ફરજિયાત ફાળવણી માટે જોગવાઈ કરવામાં આવી છે. તદુપરાંત, સરકારે ઈ.સ. 1990માં શૈક્ષણિક અને આર્થિક રીતે પછાતવર્ગો (Other Backward Classes) માટે અનામત લાગુ કરીને શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં તેમને આરક્ષણ આપ્યું હતું. તેથી છેલ્લા દાયકાઓમાં, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં SC, ST અને OBC વિદ્યાર્થીઓના નોંધણી દરમાં નોંધપાત્ર વધારો થયો છે. ઉદાહરણ તરીકે, ઉચ્ચ શિક્ષણ પરના અખિલ ભારતીય સર્વેક્ષણ મુજબ આ જૂથો માટે ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER) સમયાંતરે નોંધપાત્ર રીતે વધીને ઈ.સ. 2020-2021માં અનુક્રમે 30.8 ટકા, 19.1 ટકા અને 51.1 ટકા સુધી પહોંચ્યો છે. સામાજિક ગતિશીલતા વધારવામાં અને આંતર-પેઢીની ગરીબી ઘટાડવામાં શિક્ષણની આવી પહોંચ નિમિત્ત બની છે. આ ઉપરાંત, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગૅરંટી અધિનિયમ (મનરેગા) અને પ્રધાનમંત્રી જનધન યોજના જેવી વિવિધ યોજનાઓ દ્વારા ઐતિહાસિક રીતે દબાયેલા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની ગરીબી ઘટાડવામાં મદદ કરી છે. ઉદાહરણ તરીકે, નૅશનલ સૅમ્પલ સર્વે ઑર્ગેનાઈઝેશનના સામયિક લેબર ફોર્સ સર્વે અનુસાર, મનરેગાને કારણે, ગ્રામીણ ભારતમાં બેરોજગારીનો દર જે ઈ.સ. 2018-19માં 7.7 ટકા હતો તે ઘટીને ઈ.સ. 2021-22માં 5.8 ટકા થયો હતો તથા ગ્રામીણ ભારતમાં ગરીબીનો દર પણ ઈ.સ. 2018-19માં 21.6 ટકા હતો તે ઘટીને ઈ.સ. 2021-22 માં 19.6 ટકા થયો હતો.

'બેટી બચાવો બેટી પઢાવો' જેવી યોજનાઓ દ્વારા શિક્ષણ તથા રોજગારમાં મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહિત કરીને લિંગ સમાનતા અને સર્વસમાવેશકતામાં ફાળો આપ્યો છે. ઉચ્ચ શિક્ષણ પરના અખિલ ભારતીય સર્વેક્ષણ મુજબ મહિલાઓનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER) વધીને ઈ.સ. 2020-2021માં 48. 7 ટકા થયો હતો. તદુપરાંત, ભૂમિહીન અને ભાડૂત ખેડૂતોને જમીનની પુનઃવિતરણ કરતી જમીન સુધારણા નીતિઓ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક-આર્થિક અસમાનતાઓને ઘટાડવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. વધુમાં, ખેત મજૂરો તથા ઔદ્યોગિક કામદારોના અધિકારોનું રક્ષણ કરવા વાજબી વેતન અને કામ કરવાની સલામત પરિસ્થિતિઓને

સુનિશ્ચિત કરવા માટે કાયદા ઘડવામાં આવ્યા છે. આવાં પગલાંથી ખાસ કરીને ખેતી, બાંધકામ અને કારખાનાં જેવાં ક્ષેત્રોના કામદારોને ઘણો ફાયદો થયો છે.

આ બધી યોજનાઓને લીધે ભારતમાં અત્યંત ગરીબીમાં જીવતા લોકોનું પ્રમાણ જે જુદા જુદા અહેવાલો મુજબ આઝાદી વખતે લગભગ 70 ટકા હતું તે વર્લ્ડ બૅન્કના અંદાજ અનુસાર ઘટીને ઈ.સ. 2019માં લગભગ 10 ટકા થઈ ગયું છે. તે જ રીતે સાક્ષરતા દર જે ઈ.સ. 1951માં 18 ટકા હતો તે ઈ.સ. 2021ના નૅશનલ સ્ટેટિસ્ટિકલ ઑફિસના ડેટા મુજબ નોંધપાત્ર રીતે વધીને 77.70 ટકા થઈ ગયો છે. અને આઝાદી વખતે ભારતના લોકોની સરેરાશ ઉંમર જે લગભગ 32 વર્ષ હતી, તે વધીને અત્યારે લગભગ 70 વર્ષ ઉપર થઈ ગઈ છે. આમ સામાજિક સમાનતા, ન્યાય અને સમાવેશિતા જેવા ભારતીય લોકતંત્રના સિદ્ધાંતો દ્વારા ભારતની વિવિધ સરકારોએ સમાજના ઐતિહાસિક રીતે વંચિત વર્ગોને વિકાસની તકો આપીને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપ્યું છે. રામ નાથ કોવિન્દ (ઈ.સ. 1945-) અને દ્રૌપદી મુરમૂ (ઈ.સ. 1958--) જેવી અનુક્રમે દલિત અને આદિવાસી વ્યક્તિઓ રાષ્ટ્રપતિ બની શકે છે તે હકીકત પણ ભારતીય લોકશાહીની સમાવેશકતાનો પુરાવો છે. તદુપરાંત, બહુજન સમાજ પાર્ટી (BSP) જેવા રાજકીય પક્ષોની રચના બતાવે છે કે હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો હવે રાજકીય એજન્ડાને પ્રભાવિત કરી રહ્યા છે અને તેમની સમસ્યાઓનું પ્રતિનિધિત્વ કરવા માટે સંગઠિત થઈ રહ્યા છે.

### આર્થિક વિકાસ

ઈ.સ. 1947માં આઝાદી મળ્યા પછી ભારતે નિરંતર આર્થિક વિકાસ કર્યો છે. અને એકવીસમી સદીના પૂર્વાર્ધમાં જ ભારત દુનિયાની એક મહા સત્તા બનશે એવું અનુમાન છે. હજુ ઈ.સ. 2022માં જ આપણા ઉપર એક સમયે શાસન કરતા બ્રિટનને પાછળ પાડીને આપણે વિશ્વની પાંચમી આર્થિક વ્યવસ્થા બની ચૂક્યા છીએ. અને એક અંદાજ પ્રમાણે, જો બધું સમુંસૂતરું ચાલે તો ટૂંક સમયમાં આપણે યુ.એસ.એ. અને ચીન પછી પાંચ ટ્રિલિયન અમેરિકી ડૉલર (એક ટ્રિલિયન = એક લાખ કરોડ) ધરાવતી વિશ્વની સૌથી મોટી ત્રીજી આર્થિક મહા સત્તા બનીશું.

આઝાદી પછી લગભગ ચાર દાયકા સુધી સમાજવાદી નીતિ અપનાવીને આર્થિક અને સામાજિક સમરસતા લાવવાના અથાક પ્રયત્નો કર્યા હતા. ત્યાર બાદ ઈ.સ. 1991 માં આર્થિક ઉદારીકરણની નીતિ અપનાવીને ભારત રાજ્ય-નિયંત્રિત અર્થતંત્રમાંથી બજાર-સંચાલિત અર્થતંત્રમાં પરિવર્તિત થયું. આ સુધારાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય અર્થતંત્રને આંતરરાષ્ટ્રીય વેપાર અને રોકાણ માટે ખુલ્લું મૂકવા, સરકારી હસ્તક્ષેપ ઘટાડવા અને આર્થિક વૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપવાનો હતો. લાઇસન્સ-ક્વોટા રાજ્યને નાબૂદ કરી નવ-ઉદારવાદી આર્થિક સુધારાઓ દ્વારા નોંધપાત્ર આર્થિક વૃદ્ધિ થઈ, વિદેશી રોકાણકારો આકર્ષાયા અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન મળ્યું.

ઉદારીકરણના સમયગાળામાં શેરબજારનું વિસ્તરણ અને આધુનિકીકરણ જોવા મળ્યું. નૅશનલ સ્ટોક ઍક્સચેન્જ (NSE)ની સ્થાપનાએ ઇલેક્ટ્રોનિક ટ્રેડિંગની શરૂઆત કરીને બજારને વધુ સુલભ અને પારદર્શક બનાવ્યું. આનાથી રોકાણકારોનો વિશ્વાસ વધ્યો અને મૂડી પ્રવાહમાં વધારો થયો. સ્પેશિયલ ઇકોનોમિક ઝોનની સ્થાપનાથી નિકાસ આધારિત ઉત્પાદન અને સેવાઓને પ્રોત્સાહન મળ્યું. ઉદાહરણ તરીકે, તામિલનાડુના તિરુપુર (જે ભારતની કૉટન નીટવેરની નિકાસમાં 90 ટકા હિસ્સો ધરાવે છે) અને ગુજરાતના સુરત જેવાં સ્થળોએ અનુક્રમે કાપડ અને હીરાની અને બેંગલુરુએ સૉફ્ટવેર સેવાઓની નિકાસ કરીને આવકમાં વૃદ્ધિ કરી. આમ આર્થિક ઉદારીકરણે લોકોને પરંપરાગત ક્ષેત્રોની બહાર ઔદ્યોગિક સાહસની તકો શોધવાની અનુકૂળતા કરી આપી.

ઇન્ટરનેટના વિકાસને કારણે ભારતમાં ઇ-કૉમર્સનો ઉદય થયો. ફ્લિપકાર્ટ અને સ્નેપડીલ જેવા ઑનલાઇન માર્કેટપ્લેસ તથા ઠેર-ઠેર બનેલા મોલ્સ સમગ્ર દેશમાં ગ્રાહકોને ઉત્પાદનો અને સેવાઓની વિશાળ શ્રેણી ઑફર કરે છે. જેથી રિટેલ વેપારમાં પરિવર્તન આવ્યું તથા સ્ટાર્ટઅપ્સની વૃદ્ધિ થઈ. મોબાઇલ ફોનના પ્રસાર અને પરવડે તેવા સ્માર્ટફોનના આગમનથી કનેક્ટિવિટી અને માહિતીની પહોંચમાં ક્રાંતિ આવી. મોબાઇલ ક્રાંતિએ ગ્રામીણ વસ્તીને મોબાઇલ એપ્લિકેશન દ્વારા બૅંકિંગ, શિક્ષણ અને આરોગ્યસંભાળ જેવી સેવાઓનો ઉપયોગ કરવા સક્ષમ બનાવી. Paytm અને યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ જેવા ડિજિટલ પેમેન્ટ પ્લૅટફૉર્મની રજૂઆતે આર્થિક વ્યવહારોની રીતને બદલી નાખી છે. આધાર પ્રોજેક્ટ જેવી પહેલથી દરેક ભારતીય રહેવાસીને અનન્ય ઓળખ નંબર આપીને કલ્યાણ સેવાઓનું વિતરણ

સુવ્યવસ્થિત કરીને જાહેર યોજનાઓમાં ભ્રષ્ટાચાર ઘટાડ્યો છે.

નવ-ઉદારવાદી નીતિ અનુસાર ટેલિકમ્યુનિકેશન અને રિટેલ જેવા ક્ષેત્રોમાં ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટની મર્યાદા હળવી કરવામાં આવી. બહુરાષ્ટ્રીય કોર્પોરેશનોને ભારતમાં રોકાણ કરવાની મંજૂરી આપવામાં આવી. ઉદાહરણ તરીકે, વૉલમાર્ટ, એમેઝોન અને IKEA જેવા અનેક વૈશ્વિક રિટેલ જાયન્ટ્સનો ભારતીય બજારમાં પ્રવેશ એ વિદેશી રોકાણ માટે વધેલ ભારતનું ખુલ્લાપણું દર્શાવે છે. ભારતના ઇન્ફોર્મેશન ટૅક્ નૉલૉજી સેક્ટરનો ઉદય પણ આર્થિક ઉદારીકરણની સફળતાને પ્રમાણિત કરે છે. ઇન્ફોસીસ, વિપ્રો અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ જેવી ભારતીય આઈટી કંપનીઓએ વૈશ્વિક સ્તરે વિસ્તરણ કર્યું, નોકરીની તકો અને રાષ્ટ્રીય આર્થિક વૃદ્ધિમાં નોંધપાત્ર વધારો કર્યો. વધુમાં, કૉલ સેન્ટર્સ અને બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ (BPO) કામગીરીના ઉદ્ભવે ભારતની IT સેવાઓમાં વધુ વૈવિધ્યકરણ કર્યું છે. ઓછા ખર્ચે ગ્રાહક સપોર્ટ અને બેક-ઑફિસ સહાય પ્રદાન કરવાની ક્ષમતાએ આંતરરાષ્ટ્રીય કંપનીઓને ભારતમાં કામગીરી શરૂ કરવા આકર્ષિત કરી છે. જેનપેક્ટ અને ડબ્લ્યુએનએસ જેવી કંપનીઓએ બીપીઓ સેક્ટરમાં લીડર તરીકે પોતાને સ્થાપિત કરી છે. તદુપરાંત, ભારતે પરિવહન, ઊર્જા અને ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રોમાં માળખાંગત વિકાસને પ્રાથમિકતા આપી છે. સુવર્ણ ચતુર્ભુજના વિકાસથી ભારતનાં મુખ્ય શહેરોને જોડતા ધોરીમાર્ગોનું નેટવર્ક આર્થિક વૃદ્ધિ માટે મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે. જાહેર-ખાનગી ભાગીદારી હેઠળ હાઈવે અને ઍરપૉર્ટના નિર્માણથી તથા મૅટ્રો પ્રોજેક્ટ જેવી યોજનાઓથી કનેક્ટિવિટી અને લોજિસ્ટિક્સમાં સુધારો થયો છે. જેથી વ્યવસાયોને ફાયદો થયો છે અને પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન મળ્યું છે

આર્થિક સુધારાના આવા અમલીકરણે ભારતના આર્થિક લૅન્ડસ્કેપને નોંધપાત્ર રીતે બદલી નાખ્યું છે. જે ભારતીય લોકશાહીની બદલાતી વૈશ્વિક પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવાની ક્ષમતા દર્શાવે છે.

III

## પડકારો

ઉપર દર્શાવેલી હકીકતો બતાવે છે કે ભારતીય લોકશાહીએ અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, પરંતુ આપણે એ પણ સ્વીકારવું પડે કે આવી અસામાન્ય સિદ્ધિઓ હોવા છતાં આપણી લોકશાહી શાસન વ્યવસ્થા વર્તમાનમાં અનેક ગંભીર પડકારોનો સામનો પણ કરી રહી છે. આપણે આ સંદર્ભે આર્થિક અસમાનતા, સામાજિક અસમાનતા, સ્વાયત્ત સંસ્થાઓનું રાજનીતિકરણ અને તેમની સ્વાયત્તતાનું ધોવાણ તથા અભિવ્યક્તિની સ્વતંત્રતા અને મીડિયા સ્વતંત્રતા ઉપર કાપ જેવા કેટલાક મુખ્ય પડકારોની ચર્ચા કરીશું.

### આર્થિક અસમાનતા

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતનો આર્થિક વિકાસ અનેક કારણોસર ધીમો પડી ગયો છે, જે જી.ડી.પી.ની ધીમી પડી ગયેલ વૃદ્ધિમાં જોવા મળે છે. વિશ્વની પાંચમી આર્થિક વ્યવસ્થા બન્યા હોવા છતાં માથાદીઠ આવકની દ્રષ્ટિએ ઈ.સ. 2020ના આંકડા મુજબ વિશ્વના 197 દેશોમાં આપણે 142મા સ્થાને છીએ. વધુમાં, આપણી નિકાસ કરતાં આયાત અનેક ઘણી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં બેકારી એક ભીષણ સમસ્યા બની ગઈ છે. અઝીમ પ્રેમજી યુનિવર્સિટીનો "સ્ટેટ ઑફ વર્કિંગ ઇન્ડિયા, 2023" રિપોર્ટ નોંધે છે તેમ ઈ.સ. 2021-22માં ભારતના 25 વર્ષથી ઓછી ઉંમરના 42 ટકાથી વધુ સ્નાતકો બેરોજગાર હતા. સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમી અનુસાર જુલાઈ 2023માં ભારતમાં બેરોજગારીનો દર 7.95 ટકા હતો. જે અર્થશાસ્ત્રીઓ દ્વારા સામાન્ય રીતે સ્વીકૃત બેરોજગારી દર 5 ટકા કરતાં વધારે છે.

ભારતીય રિઝર્વ બૅન્કના ઈ.સ. 2023ના અહેવાલ મુજબ ભારતીય પરિવારોની ચોખ્ખી ઘરગથ્થુ બચતમાં અભૂતપૂર્વ ઘટાડો થયો છે, જે ઈ.સ. 2022ના નાણાં વર્ષમાં GDPના 7.2 ટકા હતી તે ઘટીને ઈ.સ. 2023માં 5.1 ટકા થઈ ગઈ છે. છેલ્લા લગભગ પાંચ દાયકામાં આપણી ઘરગથ્થુ બચત સૌથી નીચા સ્તરે છે. એટલું જ નહીં, પણ પારિવારિક દેવું પણ વધ્યું છે, જે ઈ.સ. 2022ના નાણાં વર્ષમાં જી.ડી.પી.ના 36.9 ટકા હતું, તે ઈ.સ. 2023માં 37.6 ટકા થઈ ગયું છે. આમ થવાનું મુખ્ય કારણ છે મોંઘવારી, ખાસ કરીને ખાવા-પીવાની ચીજો, સ્વાસ્થ્ય સેવાઓ અને શિક્ષણનો વધતો જતો ખર્ચ. છેલ્લાં પાંચ વર્ષમાં મેડિકલ સારવારનો ખર્ચ બમણો થયો છે. આ ઉપરાંત, શિક્ષણના ફુગાવાનો દર પણ 11-12%ના દરે નોંધપાત્ર રીતે ઊંચો રહ્યો છે. યુનાઈટેડ નેશન્સ ડેવલપમૅન્ટ પ્રોગ્રામ દ્વારા સંકલિત ઈ.સ. 2023ના હ્યુમન ડેવેલપમેન્ટ ઇન્ડેક્સમાં કૂલ 191 દેશોમાં ભારત

132મા સ્થાને છે.

તદુપરાંત, ગ્લોબલ હન્ગર ઇન્ડેક્ષમાં ભારત ઈ.સ. 2013માં 120 દેશોમાં 97મા સ્થાને હતું, જ્યારે ઈ.સ. 2022માં 131 દેશોમાં 107માં સ્થાને આવી ગયું હતું. કેન્દ્ર સરકારના ઈ.સ. 2023-24ના બજેટમાં લગભગ 80 કરોડ લોકોને, અર્થાત્ ભારતની કુલ વસ્તીના લગભગ 57 ટકા લોકોને, પાંચ કિલો અનાજ મફત આપવાની યોજના કરવી પડી છે. અર્થાત્ દેશની અડધા ઉપરાંતની વસ્તીને બે ટંક ભોજનનાં પણ સાંસાં પડે છે. આ ઉપરાંત નૅશનલ ફૂડ સિક્યુરિટી ઍક્ટ, 2013, હેઠળ દેશની 50 ટકા શહેરી વસ્તી અને 75 ટકા ગ્રામીણ વસ્તી વાસ્તે સરકારને રાહત દરે, દર મહિને, અનાજ આપવું પડે છે. કુલ મળીને દેશના લગભગ 120 કરોડ (લગભગ 86 ટકા) લોકોને જુદી-જુદી રાહત યોજનાઓ હેઠળ આવરી લેવા પડ્યા છે.

વધુમાં, દેશમાં ગરીબી, સંસાધનોનું અસમાન વિતરણ અને સર્વસમાવેશક વિકાસનો અભાવ યથાવત રહ્યો છે. વધુ ચિંતાજનક બાબત એ છે કે તાજેતરનાં વર્ષોમાં આર્થિક અસમાનતા વધતી ગઈ છે. ઉદાહરણ તરીકે, ઓક્સફામ નામની બ્રિટનની સંસ્થાના જાન્યુઆરી 2023ના 'સરવાઈવલ ઑફ ધ રિચેસ્ટ: ધ ઇનઈકવાલીટી ક્રાઇસીસ ઇન ઇન્ડિયા' નામના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે ઈ.સ. 2021માં સૌથી અમીર એક ટકા ભારતીયો પાસે દેશની 40.5 ટકાથી વધુ સંપત્તિ હતી, જ્યારે સૌથી નીચેની 50 ટકા વસ્તી પાસે માત્ર ત્રણ ટકા સંપત્તિ હતી. આ પરિસ્થિતિમાં એક તરફ ગરીબો માટેની સામાજિક ન્યાયની યોજનાઓમાં કાપ મુકાતો જાય છે, ધનિકોનાં સેંકડો કરોડોનાં દેવાં માફ કરવામાં આવે છે અને કૉર્પોરેટ ટેક્ષમાં પણ ઘટાડો કરવામાં આવે છે. જેથી અમીર વધુ અમીર બની રહ્યા છે અને ગરીબ વધુ ગરીબ બની રહ્યા છે. જે ભારતની સામાજિક સ્થિરતા અને લોકશાહી માટે ખતરો બની શકે છે.

**સામાજિક અસમાનતા :**

આર્થિક અસમાનતા ઉપરાંત પ્રાદેશિક અસમાનતા, ગ્રામીણ-શહેરી અસમાનતા, શૈક્ષણિક અસમાનતા, જાતિ આધારિત અસમાનતા, લિંગ અસમાનતા જેવી સામાજિક અસમાનતાઓ પણ એક મોટો પડકાર છે.

**પ્રાદેશિક અસમાનતાઓ :**

આર્થિક વિકાસ ભારતના વિવિધ પ્રદેશોમાં અસમાન રીતે થયો છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને પંજાબ જેવાં કેટલાંક રાજ્યોમાં વધુ ઝડપી આર્થિક અને ઔદ્યોગિક વૃદ્ધિ થઈ છે. કર્ણાટક, તમિલનાડુ અને કેરળ જેવાં દક્ષિણી રાજ્યોએ પણ પ્રમાણમાં સારો વિકાસ કર્યો છે. જ્યારે પશ્ચિમ બંગાળ, બિહાર, અને ઓડિશા જેવા પૂર્વીય રાજ્યો અને ઉત્તરપૂર્વીય પ્રદેશોનાં લગભગ બધાં રાજ્યો આર્થિક વૃદ્ધિમાં ખૂબ પાછળ રહી ગયાં છે. અવિકસિત રાજ્યો ઓછાં સંસાધન, નબળું ઇન્ફ્રાસ્ટ્રક્ચર, અવિકસિત શિક્ષણ અને નબળી આરોગ્ય સંભાળ પ્રણાલી જેવા પડકારોનો સામનો કરી રહ્યાં છે. આવું પ્રાદેશિક અસંતુલન અવિકસિત પ્રદેશોમાં ઘણી વાર ઉપેક્ષા અને હતાશાની લાગણીઓ ઉત્પન્ન કરે છે, જે વારંવાર પ્રાદેશિક ચળવળો દ્વારા વ્યકત થતી રહે છે.

**શહેરી-ગ્રામીણ અસમાનતા :**

ભારતમાં સામાજિક અસમાનતાનું બીજું પરિમાણ છે: શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચેનો તફાવત. ઉદાહરણ તરીકે, ઈ.સ. 2019-20નો ભારતનો આર્થિક સર્વે દર્શાવે છે કે છેલ્લા દાયકા દરમિયાન ગ્રામીણ વિસ્તારોની સરખામણીમાં શહેરી વિસ્તારોમાં આવક-વૃદ્ધિ ઝડપી થઈ છે; શહેરી વિસ્તારોની માથાદીઠ વાર્ષિક આવક આશરે રૂ. 1,23,662 હતી, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તે માત્ર રૂ. 50,296 હતી. વધુમાં, નાના અને સીમાંત ખેડૂતો તેમની આજીવિકા માટે સંઘર્ષ કરી રહ્યા હોય છે. શહેરોમાં જીવનધોરણ પ્રમાણમાં ઊંચું હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરો તરફના સ્થળાંતરમાં વૃદ્ધિ થતી રહે છે. તદુપરાંત, શહેરોમાં પણ વ્યાપક અસમાનતા પ્રવર્તે છે. ઝડપી શહેરીકરણને કારણે શહેરોમાં ઝૂંપડપટ્ટીનો વિકાસ તીવ્ર ગતિથી છે, જ્યાં જીવનધોરણ ખૂબ નીચું હોય છે. અનૌપચારિક શ્રમ ક્ષેત્રો, શ્રમ સુરક્ષાનો અભાવ, ઘણા શહેરી કામદારો માટે ઓછા વેતન અને અપૂરતા જીવનધોરણ વગેરે આવી અસમાનતા ઊભી કરવામાં ફાળો આપે છે. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના ઈ.સ. 2018-19ના ઇન્ડિયા વેજ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે ભારતમાં વધુ-કુશળ અને ઓછા-કુશળ કામદારો વચ્ચે વેતનનો તફાવત પણ વધી રહ્યો છે.

**શૈક્ષણિક અસમાનતા:**

આર્થિક ગતિશીલતાનું મુખ્ય કારણ શિક્ષણ છે. શૈક્ષણિક અસમાનતા આર્થિક અસમાનતાને વધારે છે. શિક્ષણનો વિસ્તાર થયો છે, પરંતુ સમગ્ર ભારતમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની પહોંચ એક સમાન નથી. ઉદાહરણ તરીકે, ઘણાં રાજ્યોમાં, ખાસ કરીને

ગ્રામીણ વિસ્તારોમાં, લાયકાત ધરાવતા શિક્ષકોની અછત, શૈક્ષણિક સંસ્થાઓનું અપૂરતું ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને અપર્યાપ્ત સંસાધનો જોવા મળે છે. પરિણામે, આ પ્રદેશોનાં બાળકો તેમના શહેરી સમકક્ષોની તુલનામાં નીચી ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે છે, જે તેમની ભાવિ આર્થિક સંભાવનાઓને કુંઠિત કરે છે. આર્થિક રીતે વંચિત પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓને પણ ગુણવત્તાયુક્ત શિક્ષણની પહોંચનો અભાવ હોય છે.

**જાતિ આધારિત અસમાનતા:**

જાતિ-આધારિત અસમાનતા એ ભારતના સામાજિક માળખાંનું અભિન્ન અંગ છે. ઊંચ-નીચના વિચાર ઉપર આધારિત જાતિ વ્યવસ્થાએ ઐતિહાસિક રીતે કેટલીક જાતિઓને સામાજિક ગતિશીલતા અને સમાન તકોથી વંચિત રાખ્યા છે. બંધારણીય જોગવાઈઓ અને હકારાત્મક પગલાં હોવા છતાં, અસ્પૃશ્યતા અને સામાજિક ભેદભાવ કેટલાંક સમૂહોને સંસાધનો અને આવશ્યક સેવાઓથી વંચિત રાખવાનું ચાલુ રાખે છે. ઐતિહાસિક રીતે વંચિત જાતિઓ શિક્ષણ, રોજગાર અને આર્થિક તકો સહિત જીવનના વિવિધ ક્ષેત્રોમાં ભેદભાવનો સામનો કરે છે. ઓછા પગારવાળા વ્યવસાયોમાં રોકાયેલા હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની આવક પ્રમાણમાં ઓછી હોય છે. કેટલાક સમુદાયોને અનામતનો લાભ મળે છે, પણ નોકરીઓ નથી. શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓ અતિશય મોંઘાં છે. નૅશનલ સૅમ્પલ સર્વે ઑર્ગેનાઈઝેશનના ડેટા દર્શાવે છે કે ભારતમાં અનુસૂચિત જાતિ (SCs) અને અનુસૂચિત જનજાતિ (STs)નું સામાન્ય વસ્તીની સરખામણીમાં આવકનું સ્તર નીચું હોય છે. તેથી દલિતો અને આદિવાસી સમુદાયો ઘણી વાર ગુણવત્તાયુક્ત શિક્ષણ અને આરોગ્યસંભાળ મેળવવા માટે સક્ષમ નથી હોતા, જે તેમના સામાજિક ગેરફાયદાને વધારે છે.

**લિંગ આધારિત અસમાનતા:**

લિંગ-આધારિત અસમાનતા એ ભારતમાં પ્રવર્તમાન સામાજિક અસમાનતાઓનો એક ભાગ છે. ઈ.સ. 2021ના ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ અનુસાર, લિંગ સમાનતાના સંદર્ભમાં ભારત 156 દેશોમાંથી 140મા ક્રમે છે. સંપત્તિની માલિકીમાં પણ લિંગ-આધારિત અસમાનતા જોવા મળે છે; દેશની માત્ર 12 ટકા સંપત્તિ મહિલાઓ પાસે છે. તદુપરાંત, ઊંચા લિંગ ગુણોત્તર, બાળ જાતિ ગુણોત્તર અને માતા મૃત્યુદર ભારતમાં પ્રવર્તમાન લિંગ ભેદભાવ ઉજાગર કરે છે. લિંગ ગુણોત્તર (1000 પુરુષ દીઠ સ્ત્રીઓની સંખ્યા) ઈ.સ. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે 940 છે. બાલિકાઓમાં શિશુ મૃત્યુદર વધારે છે. માતૃ મૃત્યુદર પણ ઊંચો રહે છે

રાજકારણમાં મહિલાઓની ભાગીદારી મર્યાદિત છે, સત્તાધારી હોદ્દાઓ પર પુરુષોનું વર્ચસ્વ છે. ઈ.સ. 2023ના ઍસોસિયેશન ફોર ડેમોક્રેટીક રીફોર્મ્સના અહેવાલ મુજબ હાલની સત્તરમી (ઈ.સ. 2019-2024) સંસદમાં મહિલા સાંસદોનું પ્રમાણ લગભગ 15 ટકા છે. તેવી જ રીતે, રાજ્યની વિધાનસભાઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ અત્યંત ઓછું છે. ઘરેલુ હિંસા, સ્ત્રી ભ્રૂણહત્યા, દહેજ મૃત્યુ અને સ્ત્રીઓ સામે જાતીય હુમલાના કિસ્સાઓ નિયમિતપણે હેડલાઇન્સ બને છે. ઈ.સ 2023માં થયેલ મહિલા પહેલવાનોના યૌનશોષણ વિરુદ્ધનું આંદોલન અને મણિપુરમાં બનેલી જઘન્ય ઘટનાઓ આ હકીકતનું સમર્થન કરે છે.

**સામાજિક સંઘર્ષો, ભ્રષ્ટાચાર અને રાજનીતિનું અપરાધીકરણ**

આર્થિક અને સામાજિક અસમાનતાઓને લીધે સામાજિક સંઘર્ષો, ભ્રષ્ટાચાર અને રાજનીતિનું અપરાધીકરણ જેવાં દૂષણો પણ વધ્યાં છે.

**સામાજિક સંઘર્ષો:**

ભારતનું બંધારણ બિનસાંપ્રદાયિક હોવા છતાં આઝાદી પછી જાતિગત અને ધાર્મિક વિભાજન સામાજિક સમરસતા માટે નોંધપાત્ર પડકાર તરીકે સતત ચાલુ છે. તાજેતરમાં ચાલતો સનાતન ધર્મ અંગેનો વિવાદ આવા પડકારનું એક ઉદાહરણ છે. વિવિધ રાજકીય પક્ષો પોતપોતાની મતબૅંકોના તુષ્ટીકરણની હોડ કરે છે. યેનકેનપ્રકારેણ ચૂંટણી જીતવા માટે જ્ઞાતિ તથા ધર્મનાં સમીકરણો ઉપર વધુ ભાર મુકાતો જાય છે, પરન્તુ આવું સાંપ્રદાયિક અને જાતિ વિભાજનનું રાજનીતિકરણ સામાજિક સંઘર્ષોને ઉત્તેજન આપે છે. ખાસ કરીને જુદા-જુદા ધાર્મિક સમુદાયો વચ્ચેનું વૈમનસ્ય ઘણી વાર હિંસક સંઘર્ષો તરફ દોરી જાય છે. ઉદાહરણ તરીકે ઈ.સ. 2019માં નૅશનલ રજિસ્ટર ઑફ સિટીઝન્સ અને સિટીઝનશિપ એમેન્ડમૅન્ટ ઍક્ટ પસાર થવાથી સમાનતા અને બિન-ભેદભાવના અધિકારના સંભવિત ઉલ્લંઘન અંગેની ચિંતાઓને લીધે હિંસા ફેલાઈ હતી. ઈ.સ. 2023માં થયેલ મણિપુરની અને હરિયાણાની કોમી હિંસાના પરિણામે વ્યાપક વિનાશ, જાનહાનિ અને વિસ્થાપન થયું હતું. આવી વારંવાર થતી ધાર્મિક હિંસા

ઘટાડવામાં કે રોકવામાં જુદી-જુદી સરકારોની નિષ્ફળતા લોકશાહી તંત્રની ખામીઓ દર્શાવે છે, જે સામાજિક સંવાદિતાને જોખમમાં મૂકે છે અને સામૂહિક રાષ્ટ્રીય ઓળખના વિકાસમાં અવરોધ ઊભો કરે છે.

તે જ રીતે જાતિ આધારિત અનામત પરની ચર્ચાનો ઉપયોગ મોટા ભાગે રાજકીય માઈલેજ મેળવવા માટે થતો હોય છે. જે જાતિના વિભાજનને વધુ ઊંડું કરે છે અને સામાજિક સમાનતા તરફની પ્રગતિને અવરોધે છે. મહારાષ્ટ્રના મરાઠા સમાજ દ્વારા ઈ.સ. 2023માં થયેલ અનામત આંદોલન તેનું તાજું ઉદાહરણ છે. રાજકીય લાભ માટે આવા સામાજિક વિભાજનોનો ઉપયોગ હિંસા, અવિશ્વાસ અને સામાજિક એકતાના ભંગાણ તરફ દોરી જાય છે.

**ભ્રષ્ટાચાર અને રાજકારણનું અપરાધીકરણ :**

ભારતની રાજકીય અને વહીવટી પ્રણાલીમાં પ્રવર્તમાન વ્યાપક ભ્રષ્ટાચાર દેશના લોકશાહી વિકાસમાં એક મોટો અવરોધ છે. લાઇસન્સ-ક્વોટા રાજ અને બ્લૅકમાર્કેટ ઇકોનોમીનો ભારતની આઝાદીથી જ ઉદ્ભવ થયો હતો. સમય જતાં ભ્રષ્ટ અધિકારીઓએ દાણચોરો અને સંગ્રહખોરો સાથે મિલી ભગત કરી આ ભ્રષ્ટાચારમાં વધારો કર્યો છે. સંરક્ષણ કરાર, શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી નોકરીઓ માટેની ભરતી, જમીન, મિલકત, આરોગ્ય, વાણિજ્ય, ઉદ્યોગ, કૃષિ અને અને કાયદા અમલીકરણ એજન્સીઓ સુધી ભ્રષ્ટાચાર વિસ્તર્યો છે.

મતદારોને લાંચ આપવા સહિતની ચૂંટણી પ્રક્રિયાઓમાં ભ્રષ્ટાચાર સામાન્ય બાબત છે. રાજકારણીઓ વારંવાર ચૂંટણી દરમિયાન મતદારોને પ્રભાવિત કરવા માટે પૈસા અને ભેટ-સોગાદોનો ઉપયોગ કરે છે. કેટલાક કિસ્સાઓમાં શ્રીમંત વ્યક્તિઓ સંસદીય બેઠક મેળવવા માટે રાજકીય પક્ષોને આર્થિક મદદ કરે છે અને તેમના અંગત હિતોની તરફેણમાં નીતિ-નિર્માણ પ્રક્રિયાઓને પ્રભાવિત કરવા સક્ષમ બને છે. ઘણી વાર સરકારો ધનિકોના હિતોની રક્ષા માટે કાયદા ઘડે છે કે કાયદાઓમાં ફેરફાર કરે છે. સરકારી પ્રોજેક્ટ અને સરકારી અનુદાનની ફાળવણીમાં ભ્રષ્ટાચારના કારણે વિકાસ ભંડોળનો દુરુપયોગ થતો આવ્યો છે. ઉદાહરણ તરીકે, ગરીબી નાબૂદી કાર્યક્રમો અને જાહેર માળખાંકીય પ્રોજેક્ટસ માટે નિર્ધારિત ભંડોળની ઉચાપતની ફરિયાદ વારંવાર થતી આવી છે. બૉફોર્સ કૌભાંડ (ઈ.સ. 1986), હવાલા કૌભાંડ (ઈ.સ. 1991), 2G સ્પેક્ટ્રમ ગોટાળો (ઈ.સ. 2008), કેશ-ફોર-વોટ કૌભાંડ (ઈ.સ. 2008), કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડો (ઈ.સ. 2010), આદર્શ હાઉસિંગ સોસાયટી કૌભાંડ (ઈ.સ. 2010), કૉલગેટ કૌભાંડ (ઈ.સ. 2012), પંજાબ નેશનલ બૅન્કનો ગોટાળો (ઈ.સ. 2018) અને અદાણી કાંડ (ઈ.સ. 2023) અને ઈ.સ. 2023માં આવેલ ભારત સરકારના કોમ્પ્ટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયાના અહેવાલોમાં બહાર પડેલ બીજા અનેક ગોટાળાઓ જેવા ઘણા ઉચ્ચ-પ્રોફાઇલ કૌભાંડોએ વ્યાપક ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો છે. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા રજૂ કરાયેલ ઈ.સ. 2022ના કરપ્શન પર્સેપ્શન ઇન્ડેક્સ અનુસાર સૌથી ઓછા ભ્રષ્ટ રાષ્ટ્રોમાં ભારતનો ક્રમાંક 180 દેશોમાં 85મા સ્થાને છે. ભ્રષ્ટાચારથી ભારતમાં કાયદાનું શાસન નબળું પડ્યું છે અને વહીવટી તંત્રમાં લોકોનો વિશ્વાસ ઓછો થઈ ગયો છે. ક્યારેક દેશમાં અણ્ણા હજારેના નેતૃત્વમાં થયેલ ઇન્ડિયા અગેઇન્સ્ટ કરપ્શન જેવી ભ્રષ્ટાચાર વિરોધી ચળવળો પણ થાય છે.

તદુપરાંત, ભારતમાં રાજકારણનું અપરાધીકરણ એ પણ એક મહત્ત્વનો મુદ્દો છે. કેટલાક રાજકીય તત્વો હિંસા અને અલોકતાંત્રિક પદ્ધતિઓનો આશરો લે છે જે લોકશાહી મૂલ્યોની વિરુદ્ધ છે. ઈ.સ. 2023ના ભારતના ઍસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સના, ઈ.સ. 2019ની લોકસભા ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા દાખલ કરાયેલ સ્વ-ઘોષિત એફિડેવિટના વિશ્લેષણ પર આધારિત, અહેવાલ મુજબ વર્તમાન સંસદના 65 ટકા સાંસદો કોઈ ને કોઈ નાના-મોટા અપરાધિક મામલામાં સંડોવાયેલા છે. જેમની સામે સી.બી.આઈ., ઈ.ડી. અને ઇન્કમ ટેક્સ વિભાગ દ્વારા ગંભીર ગુનાઓ નોંધાયા છે, જેમની કરોડોની સંપત્તિ જપ્ત થઈ છે અને જેમની સામે વ્યભિચાર અને ખૂન જેવા ગંભીર આરોપો છે તેવી વ્યક્તિઓ સંસદ અને વિધાનસભાઓમાં સભ્ય કે મંત્રી બને છે. સૌથી મોટી વિડંબના એ છે કે કાનૂનનો ભંગ કરનારાઓ કાનૂન બનાવવાનો અધિકાર મેળવે છે.

પરંતુ વધુ ચિંતા ઉપજાવનારી વાત એ છે કે ધીમે ધીમે માત્ર વિચારધારાને આધારે જ રાજકીય પક્ષો ચૂંટણીઓ જીતી શકે એવો તેમનામાં વિશ્વાસ ઓછો થતો જતો લાગે છે. આપણી ચૂંટણીઓમાં વિચારોની લડાઈ કરતાં સત્તા પ્રાપ્ત કરવાની સાઠમારી વધતી જાય છે. ઈ.સ. 2023માં દિલ્હી નગર નિગમની મેયરની ચૂંટણીમાં થયેલો સત્તા માટેનો પ્રલંબ અને હીણપત ભર્યો કજિયો, વિચારધારાવિહીન માત્ર અને માત્ર સત્તા પ્રાપ્તિ વાસ્તે

થતા સામૂહિક પક્ષપલ્ટાઓ અને ગોઠવાતાં કે તૂટતાં ગઠબંધનોનું વધતું જતું પ્રમાણ આ હકીકતની સાક્ષી પૂરે છે.

**સ્વાયત્ત સંસ્થાઓનું રાજનીતિકરણ અને સંસ્થાકીય સ્વાયત્તતાનું ધોવાણ :**

છેલ્લાં કેટલાંક વર્ષોમાં અનેક સ્વાયત્ત સંસ્થાઓનું રાજનીતિકરણ થઈ રહ્યું છે અને તેમની સ્વાયત્તતાનું ધોવાણ થઈ રહ્યું છે તે પણ એક ચિંતાનો વિષય છે.

**ન્યાયિક સ્વતંત્રતા સામેના પડકારો :**

ન્યાયતંત્રમાં થતી નિમણૂકોની પ્રક્રિયા અંગે વિવાદો જોવા મળે છે. ન્યાયતંત્રમાં ન્યાધીશોની નિમણૂક સામાન્ય રીતે સર્વોચ્ચ અદાલતની 'કૉલેજિયમ' તરીકે ઓળખાતી પાંચ ન્યાયધીશોની સમિતિની ભલામણોને આધારે કેન્દ્ર સરકાર કરતી હોય છે. પરંતુ કૉલેજિયમ દ્વારા થતી ભલામણોમાં પક્ષપાત થવાના અને તેની ભલામણોને આધારે સરકાર દ્વારા થતી ન્યાયાધીશોની નિમણૂકોમાં વિલંબ થતો હોવાની ફરિયાદો થતી રહી છે. જેને કારણે ન્યાયતંત્ર અને કારોબારી વચ્ચે ટકરાવ થઈ રહ્યો છે અને ન્યાયતંત્રની સ્વાયત્તતા કુંઠિત કરવામાં આવી રહી છે તેવી છાપ ઊભી થઈ રહી છે. ઉદાહરણ તરીકે, ઈ.સ 2014માં સરકારે નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમૅન્ટ કમિશન ઍક્ટ પસાર કર્યો હતો. જેમાં ન્યાયાધીશોની નિમણૂકમાં સરકારી હસ્તક્ષેપની જોગવાઈ કરવામાં આવી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે ઈ.સ. 2015માં આવું પ્રાવધાન ન્યાયતંત્રની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે તેમ કહીને સંસદ દ્વારા પારિત આ કાનૂનને ફગાવી દીધો હતો. ત્યાર બાદ સત્તાધારી નેતાઓ દ્વારા ન્યાયાલય તથા સરકાર વચ્ચે સંઘર્ષ પેદા કરે તેવી સર્વોચ્ચ અદાલતની જાહેરમાં ઘણી ટિપ્પણીઓ કરવામાં આવી હતી. જે ભારતના અત્યાર સુધીના ઇતિહાસમાં કદી બન્યું નહોતું. વધુમાં, ભારતીય અદાલતોમાં હાલમાં લગભગ પાંચ કરોડ કેસો પડતર છે. કેસોના આ બૅકલૉગનું એક કારણ ભારતનાં ન્યાયાલયોમાં ન્યાયાધીશોની કમી છે. ઉદાહરણ તરીકે, ઈ.સ. 2022માં ભારતની ડિસ્ટ્રિક્ટ કોર્ટોમાં 44,271 જગ્યાઓ, હાઈકોર્ટોમાં 559 જગ્યાઓ અને સુપ્રીમ કોર્ટમાં 34 જગ્યાઓ ખાલી હતી. જોકે વસ્તી વધારાને કારણે દાવાઓમાં થયેલ વધારો તથા ધીમા અને બિનકાર્યક્ષમ ન્યાયતંત્રને કારણે પણ ચુકાદા આવવામાં લાંબો સમય લાગી રહ્યો છે. ન્યાય માટે લાંબા સમય સુધી રાહ જોવાથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોને વધુ અસર થાય છે. મોડો તથા મોંઘો થતો ન્યાય ન્યાયતંત્રની અસરકારકતામાં લોકોનો વિશ્વાસ ઘટી શકે છે, જે ભારતની લોકશાહી માટે એક અત્યંત ચિંતાજનક બાબત છે.

**ચૂંટણીપંચની સ્વાયત્તતા સામેના પડકારો :**

ભારતનું ચૂંટણીપંચ કેટલીક વાર ચૂંટણીનું સમયપત્રક ગોઠવવામાં અથવા ચૂંટણીપંચના આદેશોનું પાલન કરાવવામાં સત્તાધારી પક્ષોની તરફેણ કરતું હોય છે તેવી ફરિયાદો વારંવાર થતી હોય છે. ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીનથી કાગળના મતપત્રો સાથે સંકળાયેલ ગેરરીતિઓને ઘટાડીને ભારતીય ચૂંટણી પ્રક્રિયા સરળ અને ઝડપી બની છે, પરંતુ આવાં મશીનોની કથિત ખામીના કિસ્સાઓ અને કેટલીક ચૂંટણીઓમાં તેમની સાથે ચેડાં થયાના આક્ષેપો મતદાન પ્રક્રિયાની ચોકસાઈ અને સુરક્ષા અંગે શંકાઓ ઊભી કરે છે. જોકે આવી ફરિયાદોને દૂર કરવા વાસ્તે વૉટર વેરિફાઈડ પેપર ઑડિટ ટ્રેલ વપરાશમાં લાવવામાં આવ્યાં હતાં, પરંતુ તેમની અસરકારકતા અંગે પણ શંકાઓ સર્વોચ્ચ ન્યાયાલયમાં વ્યક્ત થઈ છે.

સરકાર દ્વારા ઈ.સ. 2017માં શરૂ કરવામાં આવેલ ઇલેક્ટોરલ બોન્ડથી પણ રાજકીય ફંડિંગમાં પારદર્શિતા અંગે ચિંતા વધી છે. આ યોજના લોકો કે કંપનીઓ દ્વારા રાજકીય પક્ષોને અજ્ઞાત રૂપે નાણાંનું દાન આપવાની મંજૂરી આપે છે, પરંતુ આ યોજનાની પારદર્શિતાના અભાવથી રાજકારણમાં ભ્રષ્ટાચારની વધતી સંભાવના માટે ટીકા કરવામાં આવી રહી છે. આ મુદ્દો પણ સર્વોચ્ચ અદાલતમાં વિલંબિત છે.

**વહીવટી તંત્રની સ્વતંત્રતા ઉપર કાપ :**

કેન્દ્રિય જાંચ બ્યૂરો, ઇન્કમ ટૅક્સ અને એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરેટ જેવી ભારતની મુખ્ય તપાસ એજન્સીઓ તથા ભારતીય રિઝર્વ બૅંક, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, રાષ્ટ્રીય શૈક્ષણિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ અને યુનિવર્સિટી જેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં રાજકીય હસ્તક્ષેપના થતા આરોપો પણ તેમની નિષ્પક્ષતા અંગે ચિંતા ઊભી કરે છે. જેથી અમલદારશાહીની સ્વતંત્રતા ઘટે છે અને અધિકારીઓ માટે અસરકારક રીતે કામ કરવું વધુ મુશ્કેલ બને છે.

**સંસદમાં સંવાદનો ઘટાડો :**

અમર્ત્ય સેન (Amartya Sen : ઈ.સ. 1933--) અને ભીખુ પારેખ (Bhikhu Parekh: ઈ.સ. 1935--) જેવા

વિચારકો જણાવે છે તેમ ભારતમાં ચર્ચા અને સંવાદની પરંપરા સદીઓ પુરાણી છે. આધુનિક ભારતમાં પણ અનેક સ્તરે ચર્ચા અને સંવાદ ચાલતાં રહેતાં હોય છે. જેમ કે ચૂંટણી ઝુંબેશ દરમિયાન વ્યાપક અને ખુલ્લી ચર્ચા થાય છે. મીડિયામાં દરરોજ ચર્ચા થાય છે, પરંતુ લોકશાહીમાં ચર્ચા અને સંવાદનું સૌથી મોટું અને સૌથી અગત્યનું પ્લૅટફૉર્મ છેઃ સંસદ (Parliament). કારણ કે, સમાજમાં થતી બધી જ ચર્ચાનું અંતિમ સમાપન સંસદમાં ઘડાતા કાનૂનોમાં થાય છે. આમ તો ભારતની સંસદ તેની ઉન્નત સંસદીય પ્રણાલીઓ અને ખાસ કરીને તેમાં થતી ઉચ્ચ કક્ષાની ચર્ચા માટે જાણીતી છે. જેમ કે, ઈ.સ. 1975-77ના કટોકટી કાળમાં જ્યારે સંવાદ લગભગ તૂટી પડ્યો હતો ત્યારે પણ ઉમાશંકર જોષી (Umashankar Joshiઃ ઈ.સ. 1911-1988) અને પુરુષોત્તમ માવલંકર (Purushottam Mavlankarઃ ઈ.સ. 1928-2002) જેવા સાંસદોએ સંસદમાં પ્રાણવાન ચર્ચા ચાલુ રાખી હતી, પરંતુ કમનસીબે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં સંસદમાં થતી ચર્ચાનું પ્રમાણ અને ગુણવત્તા બંનેમાં ઘટાડો થઈ રહ્યો છે. સંસદમાં ચર્ચા કરતાં ઘોંઘાટ અને વિક્ષેપો વધુ થઈ રહ્યા છે. અને તેથી પણ વધુ ચિંતા ઉપજાવનારી બાબત એ છે કે ચર્ચાનું પ્રમાણ જ ઘટી રહ્યું છે. ઉદાહરણ તરીકે, ભારતની પી.આર.એસ. લેજિસ્લેટીવ રિસર્ચ નામની સંસ્થાની માહિતી અનુસાર, સોળમી લોકસભા (ઈ.સ. 2014-2019)ની બેઠકના દિવસોમાં તમામ પૂર્ણ મુદતની લોકસભાની સરેરાશ કરતાં અસામાન્ય ઘટાડો થયો હતો અને 40 ટકા ઓછું કામ થયું હતું. આ લોકસભાએ તેના નિર્ધારિત સમયના 16 ટકા વિક્ષેપોમાં ગુમાવ્યા હતા. અને માત્ર 25 ટકા ખરડાને જ ચકાસણી માટે સંસદની વિવિધ સમિતિઓને મોકલાયા હતા, જે ચૌદમી અને પંદરમી લોકસભામાં અનુક્રમે 60 ટકા અને 71 ટકા કરતાં ઘણા ઓછા હતા. સોળમી લોકસભામાં તારાંકિત પ્રશ્નોના 18 ટકાને જ મૌખિક જવાબો મળ્યા હતા અને પ્રશ્નકાળનો સમય તેના નિર્ધારિત સમયના 67 ટકા જ રહ્યો. હાલની સત્તરમી સંસદની સમયાવધિ (ઈ.સ. 2019-2024) હજુ પૂરી થઈ નથી, પરંતુ તેની અત્યાર સુધીની કામગીરી બતાવે છે કે તેમાં સોળમી લોકસભાની સરખામણીમાં કોઈ નોંધપાત્ર તફાવત થયો નથી. વિપક્ષો આને બહુમતી પક્ષની જોહુકમી તરીકે ઓળખાવે છે. પરિણામે રાજકીય પક્ષોનું ધ્રુવીકરણ અને સામાજિક તણાવ વધતાં જાય છે.

આમ, તાજેતરમાં ભારતની સંસદમાં ચર્ચાની ભૂમિકા ઘટી રહી છે. ઉદાહરણ તરીકે ઈ.સ. 2016માં સરકારે કોઈ પણ ચર્ચા વિના ડિમોનેટાઇઝેશન દ્વારા દેશમાં વપરાતી 86 ટકા નોટોને નાબૂદ કરી હતી. જેથી સામાન્ય લોકોને અભૂતપૂર્વ હાલાકી ભોગવવી પડી હતી. અનેક લોકોનાં મૃત્યુ થયાં હતાં. તે જ રીતે, ઈ.સ. 2020માં સરકારે ત્રણ કૃષિ કાનૂનો વ્યાપક ચર્ચા વિના અને ખેડૂતોને વિશ્વાસમાં લીધા વિના પસાર કર્યા હતા. પરિણામે ઈ.સ. 2020-21 દરમિયાન લગભગ દોઢ વર્ષ સુધી ભારતના કિસાનોએ એક જબરદસ્ત આંદોલન કર્યું હતું. અને સેંકડો કિસાનોનાં મૃત્યુ થયાં હતાં. અંતે સરકારને તે ત્રણ કાનૂનોને રદબાતલ કરવા પડ્યા હતા.

### અભિવ્યક્તિની સ્વતંત્રતા અને મીડિયા સ્વતંત્રતા ઉપર કાપ

ભારતમાં ઈ.સ. 1975-77 દરમ્યાનની આંતરિક કટોકટી વખતે સૌ પ્રથમ વાર અભિવ્યક્તિની સ્વતંત્રતા અને મીડિયા સ્વતંત્રતા ઉપર ખતરો ઊભો થયો હતો. પરંતુ વર્તમાન સમયમાં પણ આમ થઈ રહયું છે તેવી ફરિયાદો દેશ-વિદેશમાં વધી રહી છે. રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ દ્વારા પ્રકાશિત વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ઈ.સ. 2014માં ભારત 180 દેશોમાં 140મા ક્રમે હતું, જે ઈ.સ. 2023માં 161માં સ્થાને આવી ગયું હતું. અર્થાત્, છેલ્લાં નવ વર્ષમાં ભારતની પ્રેસ સ્વતંત્રતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તે જ રીતે, ફ્રીડમ હાઉસના ગ્લોબલ ફ્રીડમ ઑફ ધ પ્રેસ ઇન્ડેક્સમાં ભારતને ઈ.સ. 2014માં પ્રેસ ફ્રીડમના સંદર્ભે “લગભગ ફ્રી” બતાવ્યું હતું, જ્યારે ઈ.સ. 2023 તેને ‘અંશતઃ મુક્ત’ ગણ્યું હતું.

સત્તાધીશ વ્યક્તિઓ અથવા સરકારની ટીકા કરનારા લેખકો કે પત્રકારોને બદનક્ષીના મુકદ્દમાનો અથવા ફોજદારી કાર્યવાહીનો સામનો કરવો પડ્યો છે. ઉદાહરણ તરીકે, ઈ.સ. 2017માં પત્રકાર ગૌરી લંકેશની હત્યાએ સંવેદનશીલ મુદ્દાઓની છાનબિન કરતા અથવા શક્તિશાળી વ્યક્તિઓ અથવા જૂથોની ટીકા કરતા પત્રકારો સામેનાં જોખમો પર પ્રકાશ પાડ્યો હતો. અને તે જ વર્ષે ‘ધ વાયર’ અને તેના સંપાદકો સામે મોટી કૉર્પોરેટ એન્ટિટી દ્વારા બદનક્ષીનો દાવો દાખલ કરવામાં આવ્યો હતો. વળી, તે જ વર્ષે સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશને સરકારની ટીકા કરતા NDTV સમાચાર સંસ્થા પર દરોડા પાડ્યા હતા. ઈ.સ. 2018માં પત્રકાર અને માનવાધિકાર કાર્યકર ગૌતમ નવલખા,

લેખક અને પ્રાધ્યાપક અનંદ તેલતુંબડે, કવિ વરવરા રાવ વકીલ અને ટ્રેડ યુનિયન એક્ટિવિસ્ટ સુધા ભારદ્વાજ, વકીલ અરુણ ફરેરિયા જેવા સામાજિક કાર્યકરોને ભીમા કોરેગાંવ હિંસામાં તેમની કથિત સંડોવણી બદલ ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 2008, હેઠળ રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ઈ.સ. 2020માં દલિત મહિલા પર સામૂહિક બળાત્કાર અને હત્યાના અહેવાલ માટે હાથરસ જવાના આરોપમાં એક પત્રકાર સિદ્દીક કપ્પનની ધરપકડ કરવામાં આવી હતી તથા ઈ.સ. 2022માં કોવિડ-19 રોગચાળાને નિયંત્રિત કરતાં સરકારી પગલાંની ટીકા બદલ બી.બી.સી. અને 'ધ વાયર'ની ઑફિસો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

વધુમાં, વિવિધ બૌદ્ધિક અભિવ્યક્તિને અંકુશમાં લેવા અંગે ચિંતા વધી છે. ઉદાહરણ તરીકે સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) દ્વારા રાજકીય અથવા સામાજિક રીતે સંવેદનશીલ ગણાતી 'પદ્માવત' અને 'ઊડતા પંજાબ' જેવી ફિલ્મોમાં સેન્સરશિપનો સામનો કરવો પડ્યો હતો. ઈ.સ.2002ના ગુજરાત દંગાઓ અંગેની બી.બી.સી.ની ડોક્યુમેન્ટરી ઉપર ઈ.સ. 2023માં પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

નવ-ઉદારવાદને લીધે ઉદ્ભવેલા ક્રોની કૅપિટાલિઝમથી શાસકો અને કોર્પોરેટ્સ વચ્ચેનો નાતો ઘનિષ્ઠ બની રહ્યો છે, જેથી વિરોધી અવાજો સત્તાના કોરિડોર આગળ નબળા પડી રહ્યા છે. સરકારી જાહેરાતો અને કૉર્પોરેટ ફંડિંગ પર આધાર રાખતા મીડિયાનું પ્રમાણ પણ ઘણું વધી ગયું છે. તાજેતરનાં વર્ષોમાં મોટાં કૉર્પોરેટગૃહો પ્રિન્ટ કે ઇલેક્ટ્રોનિક મીડિયા ખરીદીને તેમના તરફી કે તેમને અનુકૂળ સરકારો તરફી સમાચારો ફેલાવીને કે પ્રતિકૂળ હકીકતોને દબાવીને, લોકમતને પ્રભાવિત કરી રહ્યાં છે તેવી ફરિયાદો થતી હોય છે. રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ દ્વારા જાહેર કરાયેલા એક મીડિયા ઑનરશિપ મોનિટર નામનો ઈ.સ. 2019નો અહેવાલ જણાવે છે કે ભારતમાં લગભગ 75 ટકા પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયા મુઠ્ઠીભર કૉર્પોરેટગૃહો દ્વારા નિયંત્રિત છે. આવા મીડિયા આઉટલેટ્સ તેમના નાણાકીય સમર્થકોના અથવા તેમના દ્વારા સમર્થિત સત્તાધીશોના એજન્ડાનો પ્રચાર કરતા હોય છે તેવા આક્ષેપ પણ થઈ રહ્યા છે.

સોશિયલ મીડિયાનો દુરુપયોગ સમાજમાં પ્રવર્તતા ધ્રુવીકરણને વધારે છે. વૉટ્સએપ જેવા પ્લેટફૉર્મ પર ફોરવર્ડ કરેલા સંદેશાઓ દ્વારા ખોટી માહિતી ફેલાવવાથી અનેક અફવાઓ ફેલાય છે, જેના કારણે કેટલાક કિસ્સાઓમાં ગભરાટ અને ટોળાની હિંસા પણ થઈ છે. ઑનલાઇન ટ્રોલ્સ અને સાયબર ધમકીઓ દ્વારા પણ ઘણી વખત વિરોધી રાજકીય વિચારધારાઓ સાથે જોડાયેલી વ્યક્તિઓને લક્ષ્ય બનાવવામાં આવે છે. તાજેતરમાં જ એક અમેરિકન મહિલા પત્રકારને ભારતની લોકશાહી અંગે પ્રશ્ન પૂછવા માટે ભારતના કેટલાક લોકો દ્વારા ટ્રોલ કરીને પરેશાન કરવામાં આવી હતી તેવી જાહેર ફરિયાદ ખુદ યુ.એસ.એ.ની સરકાર દ્વારા થઈ હતી. એટલું જ નહીં, પણ ભારતના સર્વોચ્ચ ન્યાયાધીશને પણ તેમના કેટલાક ચુકાદા પોતાને અનુકૂળ ન હોવાથી કેટલાક લોકો ઘૃણાસ્પદ રીતે સતત અને વારંવાર ટ્રોલ કરે છે. આવું ધાક-ધમકીનું વાતાવરણ ઊભું કરીને પત્રકારો, નેતાઓ, ન્યાયાધીશો અને વિરોધનો અવાજ ઊઠાવનારા નાગરિકોને ડરાવવાના અને ચૂપ કરવાના પ્રયત્નો થાય છે.

સુરક્ષાના કારણે કે ખોટી માહિતીનો ફેલાવો અટકાવવા માટે થતાં ઇન્ટરનેટ શટડાઉનમાં પણ અભિવ્યક્તિની સ્વતંત્રતા ઉપર મુકાતી મર્યાદાઓ જોવા મળે છે. ઈ.સ. 2019માં જમ્મુ અને કાશ્મીરમાં તથા ઈ.સ. 2023માં મણિપુરમાં થયેલ પ્રલંબ ઇન્ટરનેટ શટડાઉન આવી ઘટનાઓનાં તાજાં ઉદાહરણો છે. વળી, એવા પણ આક્ષેપો થાય છે કે ફેસબુક, યૂ ટ્યૂબ અને ટ્વિટર જેવી કંપનીઓ પ્રતિકૂળ સામગ્રીને દૂર કરે છે અથવા સરકાર તેમના વિરોધીઓ દ્વારા મુકાયેલી માહિતી રદ કરવા તેમના ઉપર દબાણ કરે છે. આમ, વિરોધી અવાજોને બંધ કરવા માટે ભયનું વાતાવરણ ઊભું કરવાના પ્રયત્નો દ્વારા ભારતમાં અભિવ્યક્તિની આઝાદી અને મીડિયા સ્વતંત્રતા કુંઠિત કરવામાં આવી રહી છે તેવી ટીકા દેશ-વિદેશમાં કરવામાં આવી રહી છે. ઉદાહરણ તરીકે, અમેરિકાની 'ફ્રીડમહાઉસ' નામની સંસ્થાનો ઈ.સ. 2023નો 'ફ્રીડમ ઇન ધ વર્લ્ડ' રિપોર્ટ નોંધે છે કે ઈ.સ. 2022ના વર્ષ દરમિયાન ભારતમાં અભિવ્યક્તિ અને મીડિયા સ્વતંત્રતામાં ઘટાડો થયો છે. નિષ્કર્ષમાં, અભિવ્યક્તિ તથા મીડિયાની સ્વતંત્રતા સામેના પડકારો દેશના લોકતાંત્રિક માળખાં માટે નોંધપાત્ર જોખમો ઊભું કરે છે.

IV

## સામાજિક સુખાકારીમાં ઘટાડો અને ભારત છોડો આંદોલન પાર્ટ-2

વધતી જતી આર્થિક અને સામાજિક અસમાનતા, ધીમો આર્થિક વિકાસ, ભ્રષ્ટાચાર, કોમી હિંસા, જુદીજુદી સ્વાયત્ત સંસ્થાઓના વધતા જતા રાજનીતિકરણ તથા પ્રેસની સ્વતંત્રતા અને વિરોધ કરવાના અધિકારને કુંઠિત કરવાના પ્રયત્નો જેવી અનેક બાબતોને લીધે ભારતની જનતાની સુખાકારી ઉપર અસર પડતી જોવા મળે છે. અને અસંખ્ય ભારતીય નાગરિકો વર્ષો-વર્ષ વધુ ને વધુ સંખ્યામાં સ્વદેશ છોડીને વિદેશોમાં વસવાનું પસંદ કરે છે.

### સામાજિક સુખાકારીમાં ઘટાડો :

વર્લ્ડ હૅપીનેસ ઇન્ડેક્સ પર ભારતનું રેન્કિંગ છેલ્લાં કેટલાંક વર્ષોમાં સતત ઘટી રહ્યું છે. આવક, આયુષ્ય, સામાજિક સપોર્ટ, સ્વતંત્રતા, વિશ્વાસ અને ઉદારતા જેવાં છ પરિબળો પર આધારિત વર્લ્ડ હૅપીનેસ ઇન્ડેક્સ વ્યક્તિગત સુખાકારીનું માપ માનવામાં આવે છે. ઈ.સ. 2013માં ભારત 156 દેશોમાંથી 111મા ક્રમે હતું. પરંતુ ઈ.સ. 2023માં, તેનો ક્રમ 149 દેશોમાંથી 126માં ક્રમે આવી ગયો હતો. ભારતનું રેન્કિંગ તેના પાડોશી દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકા તથા અન્ય વિકાસશીલ દેશો જેવા કે ઘાના, કેન્યા અને રવાન્ડા કરતાં પણ નીચે છે.

### ભારતછોડો આંદોલન પાર્ટ-2: ભારતથી ભાગતા ભારતીયો :

આપણે આઝાદી મેળવીને વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ બન્યા તેની પાછળ ઈ.સ. 1942માં શરૂ થયેલ 'અંગ્રેજો ભારતછોડો' આંદોલની મહત્ત્વની ભૂમિકા હતી, પરંતુ આજે સૌથી વધુ ચિંતા ઊપજે તેવી બાબત એ છે કે છેલ્લા કેટલાક દશકાથી 'ભારત છોડો આંદોલન પાર્ટ-2' શરૂ થયું છે. અર્થાત્, ભારતીય નાગરિકો વર્ષો-વર્ષ વધુ ને વધુ સંખ્યામાં સ્વદેશ છોડીને વિદેશોમાં વસવાનું પસંદ કરે છે. યુનાઈટેડ નેશન્સના ડિપાર્ટમેન્ટ ઑફ ઇકોનોમિક ઍન્ડ સોશિયલ અફેર્સના ઈ.સ. 2023ના એક અંદાજ મુજબ વિશ્વભરમાં 1.8 કરોડથી વધુ બિનનિવાસી ભારતીયો (એન.આર.આઈ.) વસે છે. મોટી એન.આર.આઈ. વસ્તી ધરાવતા દેશોમાં યુ.એસ.એ., સંયુક્ત આરબ અમીરાત, સાઉદી અરેબિયા, યુ.કે., ઑસ્ટ્રેલિયા અને કેનેડાનો સમાવેશ થાય છે. અને વિદેશોમાં ગેરકાયદે પ્રવેશ કરનારાઓની વિશાળ સંખ્યા બતાવે છે કે જે ભારતમાં વસે છે તેમાંના ઘણા લોકો પણ યેનકેનપ્રકારેણ પરદેશમાં સ્થાયી થવાની ઈચ્છા ધરાવે છે. આવા લોકોને ક્યારેક એન.આર.આઈ. સમુદાયો કટાક્ષમાં આર.એન.આઈ. (રેસિડન્ટ નોન-ઇન્ડિયન્સ) તરીકે ઓળખાવે છે. આ સંદર્ભે નીચે જણાવેલી કેટલીક વિગતો દર્શાવે છે કે ભારતનું બુદ્ધિધન જ નહીં, પણ જે ભારતમાં ભણી-ગણીને તથા વ્યાપાર-ધંધા કરીને શ્રીમંત થઈ છે તેવી હાઈ નેટ-વર્થ વ્યક્તિઓ પણ ચોંકાવી દે તેવી બહુ મોટી સંખ્યામાં ભારતનું નાગરિકત્વ છોડીને વિદેશોમાં સ્થાયી થઈ રહ્યા છે.

### પરદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ

આપણે જાણીએ છીએ કે ઘણા સમયથી ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા મોટા પ્રમાણમાં વધી રહી છે. ઉદાહરણ તરીકે, ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના અહેવાલ મુજબ ઈ.સ. 2022માં 7.7 લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ ગયા હતા. આ સંખ્યા છેલ્લા છ વર્ષમાં સૌથી વધુ છે. વિદેશમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા વાર્ષિક અંદાજે 10-12%ના દરે વધી રહી છે. યુનાઇટેડ સ્ટેટ્સ, કૅનેડા, યુનાઇટેડ કિંગડમ, જર્મની અને ઑસ્ટ્રેલિયા ભારતીય વિદ્યાર્થીઓ માટે સૌથી વધુ લોકપ્રિય દેશો છે. જોકે આ માટે આ દેશોનાં વિશ્વ વિદ્યાલયોની ગુણવત્તા આપણા દેશની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ કરતાં ઘણી ઊંચી છે તે હકીકત જવાબદાર છે એ એક નિર્વિવાદ હકીકત છે. પરંતુ આવા ઘણા વિદ્યાર્થીઓનો ધ્યેય અભ્યાસ પછી જે તે દેશમાં કાયમી રીતે સ્થાયી થવાનો હોય છે તે હકીકત પણ કોઈથી છૂપી નથી.

### ભારતમાંથી સ્થળાંતર કરનાર ઉચ્ચ કુશળતા ધરાવતી વ્યક્તિઓ

તે જ રીતે, ભારતમાંથી સ્થળાંતર કરનાર ઉચ્ચ કુશળતા અને લાયકાત ધરાવતી વ્યક્તિઓની સંખ્યા પણ વધી રહી છે. ઇકોનોમિક ટાઇમ્સના અહેવાલ મુજબ, ઈ.સ. 2022માં બે લાખથી વધુ ઉચ્ચ કુશળતા અને લાયકાત ધરાવતા ભારતીય વ્યવસાયિકો અન્ય દેશોમાં સ્થળાંતરિત થયા હતા. ગ્લોબલ ટેલેન્ટ કૉમ્પિટિટિવનેસ ઇન્ડેક્સના તાજેતરના અહેવાલમાં જાણવા મળ્યું છે

કે પ્રતિભાને આકર્ષિત કરવા અને જાળવી રાખવાના સંદર્ભમાં ભારત 132 દેશોમાંથી 50માં ક્રમે છે. આ રિપોર્ટ જણાવે છે કે ભારતનાં નીચાં વેતન, મર્યાદિત નોકરીની તકો અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની અછત સહિતના અનેક પરિબળો આ માટે જવાબદાર છે. જો કે, આપણે ગુમાવેલા આ ઉચ્ચ કુશળતા અને લાયકાત ધારવનાર પ્રોફેશનલ્સ યુનાઈટેડ સ્ટેટ્સ, કૅનેડા અને યુનાઈટેડ કિંગડમ જેવા અતિ વિકસિત દેશોમાં ટોચનાં સ્થાન ધરાવે છે. આ બાબત આપણા માટે એક રીતે ગૌરવની છે અને બીજી રીતે ચિંતાની પણ.

**ઉચ્ચ નેટ-વર્થ ધરાવતી ધનિક વ્યક્તિઓનું સ્થળાંતર :**

તદુપરાંત, તાજેતરનાં વર્ષોમાં વિદેશમાં સ્થાયી થવા માટે ભારતીય નાગરિકત્વનો ત્યાગ કરનાર ઉચ્ચ નેટ-વર્થ (પાંચ કે સાત કરોડથી વધુ સંપત્તિ ધરાવનાર) વ્યક્તિઓની સંખ્યા પણ વધી છે. ભારતના વિદેશ મંત્રાલય અનુસાર, 2015માં આ સંખ્યા 1,445 હતી તે વધીને ઈ.સ. 2022માં 3, 531 થઈ ગઈ હતી. એક વર્ષમાં તેમની નાગરિકતાનો ત્યાગ કરનાર ઉચ્ચ નેટ-વર્થ ભારતીયોની આ સૌથી વધુ સંખ્યા છે. હેન્લી ઍન્ડ પાર્ટનર્સ તેના ઈ.સ. 2022ના અહેવાલમાં જણાવે છે કે છેલ્લા પાંચ વર્ષમાં તેમની નાગરિકતાનો ત્યાગ કરનારા ઉચ્ચ નેટ-વર્થ ભારતીયોની સંખ્યામાં 50 ટકા નો વધારો થયો છે. અને તેના અહેવાલ મુજબ ઈ.સ. 2023ના અંત સુધીમાં વધુ 6,500 ભારતીય ધનીકો વિદેશમાં સ્થાયી થશે. આનું એક કારણ ભારતની કથળતી જતી સ્થિતિ અને પરદેશોમાં મળતું વધુ આકર્ષક આર્થિક વળતર અને અનન્ય સગવડો છે.

V

## સમાપન

ટૂંકમાં, ભારતની આઝાદીના અમૃતમહોત્સવની ઉજવણીના ટાણે ભારતીય લોકશાહીનાં બહુમૂલ્ય પ્રદાનો હોવા છતાં તે વિવિધ પ્રકારનાં ગંભીર જોખમો અને પડકારોનો સામનો કરી રહી છે. આપણે સાર્વત્રિક મતાધિકાર દ્વારા રાજકીય સમાનતા પ્રાપ્ત કરી છે. પણ, આર્થિક અને સામાજિક અસમાનતા દૂર કરી શક્યા નથી. પ્રવર્તમાન વ્યાપક આસમાનતાઓને કારણે લોકશાહીમાં દરેક નાગરિકને કાનૂનનું સમાન રક્ષણ મળે, દરેક સાથે ન્યાયી વર્તન કરવામાં આવે, કોઈને પણ જાતિ, લિંગ, ધર્મ, જાતીય અભિગમ અથવા અન્ય વ્યક્તિગત લાક્ષણિકતાઓના આધારે પ્રેફરન્શિયલ ટ્રીટમેન્ટ આપવામાં ન આવે તે ભાવનાનો ભંગ થાય છે. તેથી સૌ નાગરિકોને રાજકીય જીવનમાં ભાગ લેવાની સમાન તક નથી મળતી. સામુદાયિક તથા સહિયારી જવાબદારીની ભાવના ઘટે છે અને સમાજ વધુ સમાવિષ્ટ અને સુમેળભર્યો બનતો નથી.

ભારતમાં કાયદાઓનો થતો ભેદભાવપૂર્ણ ઉપયોગ, વધતા જતા દ્વેષપૂર્ણ ગુનાઓ, પ્રણાલીગત પૂર્વગ્રહોમાં વૃદ્ધિ, અમુક જૂથોને હાંસિયામાં ધકેલી દેવાના વધતા જતા પ્રયત્નો, પ્રેસની સ્વતંત્રતા અને વિરોધ કરવાના અધિકારને કુંઠિત કરવાના પ્રયત્નોને લીધે ભારતની લોકશાહી ઉપર પ્રશ્નાર્થ ઊભા થયા છે. ઉદાહરણ તરીકે, યુ. કે.ની ઇકોનોમિસ્ટ ઇન્ટેલીજન્સ યુનિટ નામની સંસ્થા પોતાના ઈ.સ. 2022ના અહેવાલમાં વિશ્વના 108 લોકશાહી દેશોને ત્રણ પ્રકારમાં વર્ગીકૃત કરે છેઃ સંપૂર્ણ લોકશાહી (24 દેશો), ખામીયુક્ત લોકશાહી (48 દેશો) અને સરમુખત્યારશાહીના મિશ્રણ વાળી લોકશાહી (36 દેશો); જેમાં ભારતની ગણના ખામીયુક્ત લોકશાહી તરીકે કરવામાં આવી છે.

તેથી આ પ્રસંગે ભારતના તમામ નાગરિકોએ આપણી લોકશાહીનાં આ લેખાં-જોખાં વિશે ગંભીર અને પુખ્ત વિચારણા કરીને તેને વધુ સ્વસ્થ અને ગતિશીલ બનાવવાના ઉપાયો અંગે ચિંતન કરવાની કરવાની તાકીદની જરૂર છે. જેથી આવતાં લગભગ 25 વર્ષો પછી આપણે જ્યારે આપણી આઝાદીની શતાબ્દી ઉજવીશું ત્યારે આપણા સ્વતંત્રતાસંગ્રામમાં સર્વસ્વ ન્યોછાવર કરનાર સેનાનીઓને સાચી શ્રદ્ધાંજલિ આપી શકીએ અને આપણી ભાવિ પેઢીઓને એક સુદ્રઢ લોકશાહી શાસન વારસામાં આપી શકીએ.

(લેખકઃ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી
ઑફ બરોડાના સમાજશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક
અને વલ્લભ વિદ્યાનગરની
સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ હતા.
સંપર્કઃ 1001, પવનવીર, પ્રતાપગંજ,
વડોદરા 30009,
મોબાઈલઃ 9879763083,
ઈમેલઃ pravin1943@gamil.com.)

# સુપ્રીમ કૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ. હિદાયતુલ્લા

**શરદભાઈ પી. શાહ**

ભારતમાં મહંમદ હિદાયતુલ્લા એકમાત્ર એવી વ્યક્તિ થઈ ગઈ કે જેમણે ભારતની સુપ્રીમ કૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે તેમજ ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે કાર્ય કર્યું હોય. વળી, બે વખત તેમણે કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે પણ સેવાઓ બજાવી હતી. તેઓ નાની ઉંમરે સરકારી વકીલ, એડ્વોકેટ જનરલ, હાઈકૉર્ટ જજ અને સુપ્રીમ કૉર્ટ જજ થયા હતા. તેમણે લાંબો સમય સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ અને મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે સેવાઓ આપી. નિવૃત્ત થયા બાદ પાંચ વર્ષ ઉપરાષ્ટ્રપતિ તરીકે સેવાઓ આપી હતી.

## દાદા, માતા-પિતા અને ભાઈ-બહેનો

એક ખાનદાન અને ખૂબ સુશિક્ષિત કુટુંબમાં મહંમદ હિદાયતુલ્લાનો જન્મ તા. 17 ડિસેમ્બર, 1905ના રોજ થયો હતો. તેમનાં પૂર્વજો ખૂબ જ અભ્યાસુ અને વિદ્વાન હતાં. તેમના દાદા કુદરતુલ્લાહે ઘણાં પુસ્તકો લખ્યાં હતાં. તે બનારસમાં રહેતા હતા અને વકીલ હતા. 1858ની સાલમાં તે બનારસથી મધ્યભારતમાં આવ્યા. તેમને ભોપાલનાં બેગમે સુપરિન્ટેન્ડન્ટ ઑફ સ્ટૅમ્પસ તરીકે નિમણૂક આપી. ભોપાલથી તે રાજગઢના રાજા મોતીસિંહને ત્યાં નોકરીમાં ગયા. રાજાએ તેમને પોલિટિકલ ઍજન્ટની કૉર્ટમાં રિયાસતના વકીલ તરીકે નિમ્યા. 1888માં તે નિવૃત્ત થઈ ફરીથી ભોપાલના મહારાણીને ત્યાં નોકરીમાં જોડાયા. 1902માં તે નિવૃત્ત થઈ પૅન્શન મેળવવા લાગ્યા. ત્યાર બાદ તે શિહોરમાં સ્થાઈ થયા.

હિદાયતુલ્લાના પિતા શ્રી ખાનબહાદુર હાફીઝ મહંમદ વિલાયતઉલ્લાહ ખૂબ જ શાંત પ્રકૃતિના અને દયાળુ હતા. અભ્યાસમાં તેઓશ્રી હંમેશાં પ્રથમ નંબર મેળવતા. તેમની યાદશક્તિ એવી તેજ હતી કે એક વખત વાંચે તે તેમને યાદ રહી જતું હતું. 9 વર્ષની ઉંમરે અરેબિક ભાષામાં 30 પ્રકરણમાં લખાયેલું આખું કુરાન તેમને કંઠસ્થ હતું. તેથી તે હાફીઝ કહેવાયા. તેમને પરદેશમાં જઈ અભ્યાસ કરવા સ્કૉલરશિપ પ્રાપ્ત થઈ હતી, પરંતુ રૂઢિચુસ્ત કુટુંબીજનોના આગ્રહને માન આપી તેમણે સ્કૉલરશિપ સ્વીકારી નહીં અને અભ્યાસ માટે પરદેશ ગયા નહીં. કદાચ તેથી જ તેમણે તેમનાં ત્રણેય પુત્રોને ઇંગ્લૅન્ડમાં કૅમ્બ્રિજમાં ભણાવ્યાં.

તેમણે તેમના ત્રણેય પુત્રોને ખૂબ જ સારું શિક્ષણ અને સંસ્કાર આપ્યા. તેમની ઇચ્છા રહેતી કે તેમનાં સંતાનો અભ્યાસમાં પ્રથમ નંબર જ પ્રાપ્ત કરે. ત્રણેય સંતાનો તેજસ્વી નીવડ્યાં. મોટો પુત્ર ઇકરામઉલ્લાહ આઇ.સી.એસ. થઈ સરકારી નોકરીમાં જોડાયો. પરંતુ ભારતના ભાગલા થતાં પાકિસ્તાન ગયો અને સેક્રેટરી બન્યો. બીજો એહમદુલ્લા ઇન્ડિયન ટેરીફ બૉર્ડમાં સેક્રેટરી થયો. હિદાયતુલ્લા ન્યાયમૂર્તિ અને ઉપરાષ્ટ્રપતિ બન્યા. ત્રણેય અભ્યાસમાં ઉચ્ચ નંબરે રહ્યા અને ઇંગ્લૅન્ડમાં અભ્યાસ કર્યો હતો.

હિદાયતુલ્લાનાં માતુશ્રી ખાસ ભણેલાં નહોતાં, પરંતુ તેમનાં સંતાનો ખૂબ અભ્યાસ કરે તેવી ઇચ્છા રાખતાં હતાં. બાળકોના સારા શિક્ષણ પાછળ ખર્ચ થઈ શકે તે માટે તે કરકસરથી જીવતાં અને ધાર્મિક પ્રકૃતિનાં હતાં. હિદાયતુલ્લા ચાર ભાઈ-બહેનોમાં સૌથી નાના હતા. તેથી તેમની પર ખૂબ જ પ્રેમ રાખતાં. બધાં ભાઈ-બહેનો સ્નેહપૂર્વક ઊછર્યાં અને એકબીજાં પ્રત્યે જીવનના અંત સુધી સ્નેહ દર્શાવતાં રહ્યાં હતાં.. હિદાયતુલ્લાનાં મોટી બહેન બુતુલબેગમનું નાની ઉંમરે લગ્ન થયેલું. લગ્ન પછી તેમના પતિ માત્ર ચાર વર્ષના લગ્નજીવન બાદ ન્યુમોનિયા થવાથી મૃત્યુ પામ્યા. બુતુલબેગમે બીજું લગ્ન ન કર્યું અને જિંદગીભર ભાઈ હિદાયતુલ્લા સાથે રહ્યાં અને એકના એક પુત્રનો સારો ઉછેર કર્યો. તે નાગપુરમાં રહ્યાં. ત્યાં બધાંને પ્રિય થઈ પડતાં અને બધાં તેમને આપા (બહેન) તરીકે બોલાવતાં.

હિદાયતુલ્લાના બંને ભાઈઓ રમતગમતમાં ખૂબ રસ લેતા. જ્યારે હિદાયતુલ્લા વાંચનમાં ઊંડો રસ ધરાવતા હતા. જોકે ત્રણેય ભાઈઓની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જ્વળ રહેવા સાથે ત્રણેયની પોતપોતાના કાર્યક્ષેત્રમાં પણ ઉત્તમ કામગીરી રહી હતી.

1937માં હિદાયતુલ્લાનાં માતુશ્રી અવસાન પામ્યાં. તે પછી 12 વર્ષ તેમના પિતાશ્રી હિદાયતુલ્લા સાથે રહ્યા. તેઓશ્રી ત્રણેય સંતાનોની ઉજ્જ્વળ કારકિર્દી જોઈને 1949માં અવસાન પામ્યા હતા. તેમના છેલ્લા દિવસોમાં હિદાયતુલ્લાએ તેમના પિતાશ્રીની ખૂબ જ કાળજી અને સંભાળ રાખી હતી. તે વખતે તે હાઈકૉર્ટ જજ હતા.

## પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ

સને 1905માં હિદાયતુલ્લાનો જન્મ થયો ત્યારે તેમના પિતાશ્રી નાગપુરમાં નોકરી કરતા હતા. 7 વર્ષની ઉંમર સુધી નાગપુરમાં રહ્યા. પછીનાં 12 વર્ષમાં તેમના પિતાશ્રીની વારંવાર બદલી થતાં તેમણે 8 શાળાઓમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું. ઘણી વાર વર્ષની વચ્ચે પણ સ્કૂલ બદલવાના પ્રસંગ પડ્યા, પરંતુ તેમના અભ્યાસની તેજસ્વી કારકિર્દીને તેની અસર પડી નહીં. હિદાયતુલ્લાએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ નાગપુર, અમરાવતી, શિહોર, અડોલા, છીંદવાડા અને રાયપુરમાં લીધા બાદ નાગપુરની મોરીસ કૉલેજમાં જોડાયા. ત્યાર બાદ ઇંગ્લૅન્ડમાં ટ્રીનીટી કૉલેજ, કેમ્બ્રિજમાં જોડાયા. ઇંગ્લૅન્ડમાં તે બૅરિસ્ટર પણ બન્યા.

હિદાયતુલ્લા રાયપુરના તેમના શિક્ષકોની ખૂબ જ પ્રશંસા કરે છે, પરંતુ તેમને ટ્યૂશન આપનાર ખાનસાહેબ મોહમ્મદખાનના માર્ગદર્શનને કારણે તેમનું સરસ ઘડતર થયું તેમ જણાવે છે. 1922માં જ્યારે મૅટ્રિકની પરીક્ષા આપતાં પહેલાં ખાનસાહેબના આશીર્વાદ લેવા ગયા ત્યારે તેમણે જણાવ્યું ‘‘મેં મારી તમામ શક્તિઓ રેડી તને સંપૂર્ણ જ્ઞાન આપ્યું છે. તું જીવનમાં કદી પાછો પડીશ નહીં.’’ હિદાયતુલ્લા જણાવે છે કે ખાનસાહેબનું માર્ગદર્શન અને પછી નાગપુરની મોરીસ કૉલેજમાં 4 વર્ષના શિક્ષણે મારી કારકિર્દી ઉજ્જ્વળ બની.

મોરીસ કૉલેજમાં 4 વર્ષ અભ્યાસ હૉસ્ટેલમાં રહીને કર્યો. હૉસ્ટેલમાં હિંદુ અને મુસ્લિમ વિદ્યાર્થીઓ હતા. હૉસ્ટેલના સુપરિન્ટેન્ડેન્ટ એન. ગાંગુલી બધાના પ્રિય હતા અને સૌના મિત્ર બની ગયા હતા. વિદ્યાર્થીઓ વચ્ચે ખૂબ જ ભાતૃભાવ હતો. બધા વિદ્યાર્થીઓ ભેગાં મળીને સરખા ઉત્સાહથી ગણેશોત્સવ અને ઈદે-મિલાદની ઉજવણી કરતા. હિદાયતુલ્લા જણાવે છે કે મોરીસ કૉલેજમાં તેમની સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ખૂબ જ તેજસ્વી હતા. તેમાનાં મોટા ભાગના તેમનાં જીવનમાં ઉચ્ચસ્થાન પ્રાપ્ત કરી સારી રીતે સેટલ થયા. પોલીસ ડિપાર્ટમૅન્ટ, ફૉરેસ્ટ ડિપાર્ટમૅન્ટમાં પણ સારાં પદ પામ્યાં. હિદાયતુલ્લાએ બી.એ.માં ગોલ્ડ મૅડલ મેળવ્યો હતો. પછી તેમણે ઇંગ્લૅન્ડ પ્રયાણ કર્યું.

## ઇંગ્લૅન્ડમાં ઉચ્ચ શિક્ષણ

સને 1926માં હિદાયતુલ્લા અને તેમના ભાઈ અભ્યાસ માટે ઇંગ્લૅન્ડમાં ગયા. તેમના ભાઈને 1926થી કૅમ્બ્રિજમાં પ્રવેશ મળી ગયો હતો. હિદાયતુલ્લાને 1927થી મળ્યો હતો. તેથી તે એક વર્ષ ઇંગ્લૅન્ડમાં રહ્યા અને ત્યાં Lawના ક્લાસ ભર્યા. અને I.C.S. માટેની તૈયારી પણ શરૂ કરી. ત્યાં તે ડીબેટમાં પણ ભાગ લેતા. એક વખત ક્રિષ્ણમેનન સામે હતા. તે ડીબેટ રસપ્રદ રહી. વળી, લંડનમાં પત્રકારત્વક્ષેત્રે પણ કામ કર્યું. ટૂંકી વાર્તા લખવા માંડી. લંડન જોવાનો આનંદ પણ માણ્યો. એક વર્ષ પૂરું થતાં કૅમ્બ્રિજમાં અભ્યાસમાં જોડાયા.

હિદાયતુલ્લાની ઇચ્છા અધ્યાપક બનવાની હતી, વકીલ બનવાની નહોતી. તેથી તેમણે English વિષય લીધો. બે વર્ષના અભ્યાસ દરમિયાન તેમણે ઘણી ઊંચી કક્ષાના અધ્યાપકો દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત થયું. તેમણે પણ અંગ્રેજી સાહિત્ય વ્યાપક પ્રમાણમાં વાંચ્યું, પરંતુ અંગ્રેજી સાહિત્યમાં તેમની કારકિર્દી ખૂબ ઉજ્જ્વળ ન રહી. તે ફર્સ્ટક્લાસ મેળવી શક્યા નહીં. તેમનો સેકન્ડ ક્લાસ આવ્યો. ત્રીજા વર્ષમાં તેમણે લૉ વિષય લીધો. તેમણે 1926ના વર્ષમાં લૉનો અભ્યાસ કર્યો તો તે લેખે લાગ્યો. તેમણે ખૂબ મહેનત કરી. લૉની ડિગ્રી પ્રાપ્ત કરી. તેમજ બારની પરીક્ષા આપી બૅરિસ્ટર પણ બન્યા. તે થોડા માર્ક્સ માટે ફર્સ્ટ ક્લાસ ચૂકી

ગયા. તેનું દુ:ખ તેમણે તેમની આત્મકથામાં વ્યક્ત કર્યું છે. આ ચાર વર્ષ દરમિયાન તેમણે ઘણા મિત્રો બનાવ્યા. જે પાછળથી જુદા-જુદા દેશોમાં ખૂબ ઊંચાં સ્થાન પામ્યાં હતાં. બે ભારતીય મિત્રો પૈકી એક સર હોમી ભાભા હતા. બીજા શ્રી અનંતનારાયણ હતા, જે મદ્રાસ હાઈકૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા હતા.

હિદાયતુલ્લાએ અભ્યાસ દરમિયાન ખૂબ નાટકો જોવાનો લાભ પણ લીધો. શેક્સપિયરના 17 જેટલાં નાટકો તેમણે જોઈ નાખ્યાં. બર્નાર્ડ શોના નાટકો પણ જોયાં. નાટકો ઉપરાંત સંગીતના ઑપેરાનો લાભ પણ લીધો. અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો પણ નિહાળતા. ઉપરાંત રમતગમતમાં પણ રસ લેતા. વિશેષ તો ક્રિકેટની મૅચો નિહાળતા. તેમણે બ્રેડમૅનને બૅટિંગ કરતાં જોયેલા. હિદાયતુલ્લા સારા વક્તા હતા. તે ઇન્ડિયન મજલિસમાં વક્તવ્ય આપતા. 1929માં તે ઇન્ડિયન મજલિસના પ્રમુખ પણ ચૂંટાયા. આમ તે અભ્યાસેતર પ્રવૃત્તિમાં સક્રિય રહ્યા. તેમણે વૅકેશનમાં યુરોપના દેશો જોવાનો લાભ લીધો. વૅકેશનમાં તે ટૅનિસ રમતા અને રોલર સ્કૅટિંગ પણ કરતા. તેમણે યુરોપના બધા દેશોનો પ્રવાસ કર્યો. તેમને પૅરિસ અને વિયેના વધુ ગમતાં. તે સ્વિટ્ઝર્લૅન્ડ, ઑસ્ટ્રિયા, ઝેકોસ્લાવેકિયા, હંગેરી વગેરે દેશોમાં ગયા હતા. ચાર વર્ષ બાદ તે વતનમાં આવ્યા. પિતા અત્યંત રાજી થયા. માતાના આનંદની કોઈ સીમા નહોતી. તેમનાં ત્રણેય સંતાનો સફળતા પ્રાપ્ત કરી દેશમાં પરત આવ્યાં હતાં. તેના જેવો બીજો આનંદ શું હોઈ શકે ? હિદાયતુલ્લા તેમની માતાને ભેટી પડ્યા અને કહ્યું, ''મા, હું હંમેશાં તારી સાથે રહીશ.''

## વકીલાતનાં શરૂઆતનાં વર્ષો

હિદાયતુલ્લાને વકીલ નહોતું બનવું, અધ્યાપક બનવું હતું, પરંતુ તે બૅરિસ્ટર બની ગયા તે આપણે જોયું. તેથી તે ભારતમાં આવ્યા અને તરત જ વકીલાતમાં જોડાયા. નાગપુરમાં જ્યુડિશિયલ કમિશનરની કચેરીમાં વકીલાત કરવા એનરોલમૅન્ટ કરાવ્યું. બે કે ત્રણ દિવસ પછી જ તેમણે કૉર્ટમાં દલીલો કરવા તક મળી.

સિનિયર વકીલ શ્રી જકાતદાર પણ ઇંગ્લૅન્ડમાં બૅરિસ્ટર થયેલા. તેમણે એક કેસમાં દલીલો કરવા હિદાયતુલ્લાને જણાવ્યું. મુદ્દો નાનો હતો, પરંતુ હિદાયતુલ્લાએ આખો દિવસ ખૂબ મહેનત કરી ઘણા ચુકાદાઓ પણ શોધી કાઢ્યા. જકાતદારે ન્યાયાધીશ શ્રી જેકશનને કહેલું કે હિદાયતુલ્લાનો આ પહેલો કેસ છે. હિદાયતુલ્લાએ ખૂબ જ જુસ્સાથી અને લંબાણપૂર્વક દલીલો કરી. અંગ્રેજ ન્યાયાધીશ શ્રી જેકશને રસપૂર્વક દલીલો સાંભળી. તેમણે હિદાયતુલ્લાને શુભેચ્છા આપી કહ્યું કે, વકીલાત શરૂ કરતાં જ તને મારી કૉર્ટમાં દલીલો કરવાની તક મળી તેથી આનંદ થયો. તારી સફળતા ઇચ્છું છું. હિદાયતુલ્લાએ વિનયપૂર્વક આભાર માની વિદાય લીધી. કેસનો ચુકાદો પણ હિદાયતુલ્લાના લાભમાં આવ્યો.

જૂનિયર વકીલો પ્રત્યે સિનિયર વકીલોની ભલી લાગણી અને ન્યાયાધીશનું પ્રોત્સાહન જૂનિયર વકીલની કારકિર્દી ઘડવામાં અગત્યનો ભાગ ભજવે છે તે આ પ્રસંગથી સ્પષ્ટ થાય છે.

શરૂઆતથી જ તેમને નાનાં-મોટાં કામો મળતાં, પરંતુ ફીનું ધોરણ ઘણું ઓછું હતું. પહેલા વર્ષની કુલ આવક રૂ. 50 થઈ. જે બીજા વર્ષે વધીને રૂ. 109 થયેલી.

તેમણે ખૂબ જ મહેનતથી વકીલાતનું કામ કરવા માંડ્યું તેથી એક અપહરણનો કેસ તેમને ચલાવવા મળ્યો. તે ચકચારી કેસ હતો અને છાપાંમાં ખૂબ જ રિપોર્ટિંગ થતું હતું. તે કેસમાં તેમને સારો અનુભવ મળ્યો અને પ્રસિદ્ધિ મળી. પછી તો ઘણા કેસો મળવા લાગ્યા અને ટૂંક સમયમાં તે જાણીતા વકીલ બની ગયા.

1936માં જ્યુડિશિયલ કમિશનરની કૉર્ટ સંપૂર્ણરૂપે હાઈકૉર્ટ બની. કૉર્ટ નવા મકાનમાં શિફ્ટ થઈ. હિદાયતુલ્લા તેમાં જ વકીલાત કરવા લાગ્યા. દેશનાં ઘણાં નામી વકીલો હાઈકૉર્ટમાં દલીલો કરવા આવતા. શ્રી હરિસિંગ ગૌર તેમાંના એક હતા, જેમનાથી હિદાયતુલ્લા પ્રભાવિત થયેલા. આ ઉપરાંત બીજા ઘણા સારા વકીલોએ તેમને પ્રેરણા પૂરી પાડી. વળી, તેમને પાર્ટ-ટાઇમ અધ્યાપક તરીકે લૉ-કૉલેજમાં કામ મળ્યું. તેમણે 1942 સુધી તે જવાબદારી સંભાળી અને વિદ્યાર્થીઓમાં ખૂબ પ્રિય થઈ પડ્યા.

હિદાયતુલ્લા હાઈકૉર્ટમાં અપીલનાં કામો વધુ

પ્રમાણમાં કરતા. તેમને 1937માં ફેડરલ કોર્ટ દિલ્હીમાં જઈ કેસ ચલાવવાની તક મળી. તેમણે ખૂબ મહેનતે કેસ ચલાવ્યો અને સફળતા પ્રાપ્ત કરી. તેમનો આત્મવિશ્વાસ વધ્યો. વળી, ઘણા વકીલોનું તેમના પ્રત્યે ધ્યાન દોરાયું.

નાની ઉંમરમાં તે સ્વપ્નાં જોવાં લાગ્યા કે એડ્વોકેટ જનરલ બનું કે પછી ફેડરલ કોર્ટમાં ન્યાયાધીશ બનું. તે કેસોના અભ્યાસ ઉપરાંત ભારતીય બંધારણનો વિશેષ અભ્યાસ કરવા લાગ્યા. 1942ની સાલ હતી. 37 વર્ષની ઉંમર હતી, પરંતુ તેમની કામગીરી અને મહેનત જોઈ તેમને હાઈકોર્ટમાં ગવર્નમેન્ટ પ્લીડર બનાવવામાં આવ્યા. તે મુખ્ય સરકારી વકીલ બન્યા અને તેમની સાથે શ્રી પેંઢારકર પણ સરકારી વકીલ બન્યા, જે દીવાની કામોમાં નિષ્ણાત હતા. તે વખતે એડ્વોકેટ જનરલ સેન. હતા. તેમની સાથે રહી સરકારી વકીલોએ કામ કરવાનું રહેતું. 1943માં શ્રી સેન હાઈકોર્ટ જજ તરીકે નિમાયા. માત્ર 38 વર્ષની ઉંમરે શ્રી હિદાયતુલ્લાને એડ્વોકેટ જનરલ તરીકે નિયુક્તિ મળી. હિદાયતુલ્લાએ તેમના પિતાશ્રીને વાત કરતા તે ખૂબ જ પ્રસન્ન થયા. માત્ર 12 વર્ષની વકીલાત બાદ તેમનો પુત્ર આવા ઉચ્ચ પદ પર પહોંચ્યો તેથી તેમનો હરખ માતો નહોતો. તેમને થયું કે સંતાનોને સારું શિક્ષણ આપ્યું તે તેમણે દીપાવ્યું છે.

## એડ્વોકેટ જનરલ તરીકેની કામગીરી

હિદાયતુલ્લાએ ત્રણ વર્ષ એડ્વોકેટ જનરલ તરીકે કામગીરી કરી. પછી તે 41 વર્ષની ઉંમરે હાઈકોર્ટ જજ તરીકે નિમાયા. જોકે તેમની આ ત્રણ વર્ષની કામગીરી ઘણી કઠિન રહી. હિદાયતુલ્લા લખે છે: ''This was a period of intensive reading and work, full of pleasant surprise and also worries, but I enjoyed it more than any other period in my life except perhaps my retirement.''

સને 1942ની ચળવળ સંબંધમાં તોફાની તત્ત્વોએ સરકારી મિલકતોને ભારે નુકસાન કર્યું હતું. તે અંગે કેસો ચાલતા હતા. પરિણામે ગવર્નરે કેસો ચલાવવા અંગે ઑર્ડિનન્સ બહાર પાડ્યો હતો. તે ઑર્ડિનન્સ ચૅલેન્જ થતાં ફેડરલ કોર્ટમાં સુનાવણી હતી. હિદાયતુલ્લાને તે કેસમાં દલીલો કરવા આમંત્રણ મળ્યું. ફેડરલ કોર્ટમાં જસ્ટિસ સર પૅટ્રિક સ્પેન્સ સમક્ષ દલીલો થઈ. સર અલ્લાદી ક્રિષ્ણા આયર, અન્ય નામી વકીલો અને હિદાયતુલ્લાએ દલીલો કરી. તેમણે ખૂબ મહેનતથી વિવિધ ચુકાદાઓ ટાંકીને રજૂઆત કરી. તેમની રજૂઆતથી બધા પ્રભાવિત થયા. ભારતના એડ્વોકટ જનરલ શ્રી બી. એલ. મીત્તરે પત્ર લખી હિદાયતુલ્લાને અભિનંદન આપ્યા અને જણાવ્યું કે આપણી જીત માટે સૌથી નાની ઉંમરના એડ્વોકેટ જનરલ પણ સરખા અભિનંદનના અધિકારી છે. હિદાયતુલ્લાનો આત્મવિશ્વાસ આ પત્રથી વધ્યો.

હાઈકોર્ટમાં હુલ્લડના કેસોની અપીલમાં ઘણા મુદ્દા ઉપસ્થિત થતા હતા. તેમાં વિશેષ તો આરોપીઓની ઓળખનો મુદ્દો ઉપસ્થિત થતો હતો. તુકડોજી આશ્રમના હુલ્લડના કેસમાં એક પોલીસ ઇન્સ્પેક્ટર અને કેટલાક કોન્સ્ટેબલનાં મૃત્યુ થયાં હતાં. ઘણા આરોપીઓને સજા થઈ હતી. આરોપીઓની ઓળખનો પ્રશ્ન મહત્ત્વનો હતો. હિદાયતુલ્લાએ તટસ્થ વલણ અપનાવ્યું. દોષિત છૂટી ન જાય અને નિર્દોષને સજા ન થાય તે માટે તેમણે સાક્ષીઓની જુબાનીના આધારે ચાર્ટ તૈયાર કર્યો. બચાવપક્ષને પણ ન્યાયમૂર્તિએ ચાર્ટ તૈયાર કરવા કહ્યું. તે આધારે દલીલો થઈ. કોર્ટને યોગ્ય નિર્ણય કરવામાં તેથી મદદ થઈ. કેટલાક આરોપીઓને લાભ મળ્યો.

એડ્વોકટ જનરલ તરીકેની ત્રણ વર્ષની પ્રશંસનીય કામગીરીને કારણે 1946માં 41 વર્ષની ઉંમરે હિદાયતુલ્લા હાઈકોર્ટ જજ તરીકે નિમાયા.

## હાઈકોર્ટ જજ તરીકે કામગીરી

25 જૂન, 1946ના રોજ તે ન્યાયમૂર્તિ બન્યા. તેમણે ન્યાયમૂર્તિ સર ભવાનીશંકર નિયોગી સાથે ડિવિઝન બૅંચમાં કામગીરી શરૂ કરી. શ્રી નિયોગી ઉમદું વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમણે કહ્યું, 'તમે કારકિર્દી શરૂ કરો છો, મારે થોડા દિવસ બાકી છે, હવે તમે જ બધા ચુકાદા લખશો.' આમ, શરૂઆતમાં જ ખૂબ પ્રોત્સાહન મળ્યું. ન્યાયાધીશો અને વકીલોએ ખૂબ જ ઉષ્માભર્યો આવકાર આપ્યો, પરંતુ હિદાયતુલ્લાને શરૂઆતમાં વસવસો રહ્યો કે વકીલ તરીકેની પ્રતિષ્ઠા અને આવક ગુમાવવી પડી. ન્યાયાધીશ તરીકે માન-સન્માન મળ્યું, પરંતુ તે વખતે વકીલની સરખામણીમાં

ન્યાયાધીશના પગારો ઘણા ઓછા હતા, પરંતુ શ્રી નિયોગી સાથે કામ કરતાં ઘણું શીખવા મળ્યું અને ન્યાયમૂર્તિ તરીકે સરસ કામગીરી શરૂ કરી.

હાઈકૉર્ટ જજ થયા પછી પહેલા દિવસથી જ તકરારી કેસોની સુનાવણી શરૂ થઈ. હિંદુ લૉનો પ્રશ્ન હતો. આંધ્રમાં ગોદાવરી નદીના બે કાંઠે રહેતી પ્રજાને મીતાક્ષરી કાયદો લાગુ પડે કે સ્મૃતિચંદ્રિકા કાયદો લાગુ પડે તે પ્રશ્ન હતો. દલીલો 7 દિવસ ચાલી. બંને પક્ષે વિદ્વાન વકીલો હતા. દલીલો દરમિયાન હિદાયતુલ્લાએ પણ હિંદુ લૉનો ઊંડો અભ્યાસ કર્યો. રાત-દિવસ તેમના મનમાં કેસનું ચિંતન ચાલ્યા કરે. જસ્ટિસ નિયોગીએ હિદાયતુલ્લાને ચુકાદો લખવા કહ્યું. તેમણે મહેનત કરી સરસ ચુકાદો લખ્યો. જસ્ટિસ નિયોગીએ તે વાંચીને લખ્યું, ‘હું સહમત છું. આવા વિસ્તૃત, સમગ્ર બાબતો સમાવતા અને વિદ્વતાપૂર્ણ ચુકાદામાં મારે કંઈ ઉમેરવાનું રહેતું નથી.’ આ વાંચી હિદાયતુલ્લાનો આત્મવિશ્વાસ વધ્યો.

બીજો કેસ પાર્ટિશનનો હતો તે પણ અઠવાડિયું ચાલ્યો. હિદાયતુલ્લાએ ખૂબ અભ્યાસ કરી તે કેસનો ચુકાદો લખ્યો. જસ્ટિસ નિયોગીએ તેની પણ પ્રશંસા કરી.

નાની ઉંમરે હાઈકૉર્ટ જજ થયા તે કારણે ઘણા લોકો શંકા કરતા હતા કે તે ન્યાયાધીશ તરીકે સફળ થશે કે નહીં, પરંતુ શરૂઆતની કામગીરીથી જ આ બધી શંકાઓ દૂર થઈ.

તેમણે 1946થી 1954 સુધી હાઈકૉર્ટ જજ તરીકે કામગીરી કરી પછી મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા, પરંતુ આ 8 વર્ષ દરમિયાન તેમણે વિવિધ પ્રકારના કેસ ચલાવ્યા અને અભ્યાયાસ કરી વિદ્વત્તાપૂર્ણ ચુકાદાઓ આપ્યા. તેમણે ચીફ જસ્ટિસ બોઝ સાથે ડિવિઝન બૅંચમાં કામગીરી કરી. તેમણે ક્રિમિનલ અને કંપની લૉની મેટર ચલાવી. એક વકીલ વિરુદ્ધ ખૂનનો આરોપ હતો. સેસન્સ કૉર્ટે સજા કરી હતી. હાઈકૉર્ટ ડિવિઝન બૅંચે વકીલને નિર્દોષ ઠરાવ્યા. હિદાયતુલ્લાએ ચુકાદો લખ્યો. ઘણો તકરારી કેસ હતો. સુપ્રીમ કૉર્ટે સરકારની અપીલ કાઢી નાખી અને હાઈકૉર્ટનો ચુકાદો માન્ય રાખ્યો.

હિદાયતુલ્લા હાઈકૉર્ટ જજ હતા તે દરમિયાન સુપ્રીમ કૉર્ટના ચીફ જસ્ટિસ શ્રી કણિયા અને શ્રી મહાજન હાઈકૉર્ટની મુલાકાતે આવ્યા હતા. બંને ઉપર શ્રી હિદાયતુલ્લાની સારી છાપ પડી હતી. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી મહેરચંદ મહાજન સાથે તો મિત્રતાનો સંબંધ પણ સ્થપાયો.

## હાઈકૉર્ટ જજના સમયગાળાના નોંધપાત્ર બનાવો

1946થી 1954 દરમિયાન દેશ અને કુટુંબમાં ઘણા મહત્ત્વના બનાવો બન્યા.

1947માં ભારતને આઝાદી મળી. હિંદુસ્તાન અને પાકિસ્તાન થતાં અરાજકતા ફેલાઈ. લાખો લોકોના મરણ થયાં. હિદાયતુલ્લાના એક ભાઈ પાકિસ્તાનમાં રહેવા ગયા. હિદાયતુલ્લાને મહમંદઅલી ઝીણા, ગુલામમોહમદ અને ઝાફરઉલ્લાનો અત્યંત આગ્રહ હતો કે તે પાકિસ્તાનમાં રહેવા આવે. તેમને ફેડરલ કૉર્ટના જજ બનાવવામાં આવશે તેમ કહ્યું. હિદાયતુલ્લાએ ઇન્કાર કર્યો. તેમણે કહ્યું, ‘નાગપુરમાં તો હિંદુ અને મુસલિમો પ્રેમથી રહે છે.’

5 મે, 1948ના રોજ હિદાયતુલ્લાનું લગ્ન પુષ્પાબેન સાથે થયું. પુષ્પાબેન શ્રી એ. એન. શાહના પુત્રી હતાં. શ્રી એ. એન. શાહ આઇ.એ.એસ. હતા અને ઑલ ઇન્ડિયા ઇન્કમટૅક્સ ટ્રિબ્યૂનલના ચૅરમૅન હતા. આ લગ્નને હિંદુ તથા મુસ્લિમ સમાજ તરફથી ખૂબ સારો આવકાર મળ્યો અને લગ્નના રિસેપ્શનમાં નાગપુરના તમામ હિંદુ અને મુસ્લિમ આગેવાનો હાજર રહ્યા અને નવદંપતીને આશીર્વાદ આપ્યાં.

1949માં તેમનાં ત્યાં પુત્ર અરશદનો જન્મ થયો. 1952માં પુત્રી અવનિનો જન્મ થયો. 1954માં તેમણે સહકુટુંબ યુરોપ અને ઇંગ્લૅન્ડની વ્યાપક યાત્રા કરી. તેમણે જ્યાં અભ્યાસ કર્યો હતો તે સ્થળોની મુલાકાત લીધી અને સ્મરણો તાજાં કર્યાં. પૅરિસમાં તેમના ભાઈ પાકિસ્તાનના ઍમ્બેસેડર હતા. હિદાયતુલ્લા તેમની સાથે પૅરિસમાં રહ્યા.

આમ, આ આઠ વર્ષમાં તેમણે ઉચ્ચપદ પ્રાપ્ત કર્યું અને મધુર કૌટુંબિક જીવન શરૂ કર્યું.

## ચીફ જસ્ટિસ તરીકેની કામગીરી

ચીફ જસ્ટિસ તરીકેની તેમની 4 વર્ષની કામગીરી બે ભાગમાં વહેંચાયેલી રહી. 1954થી 1956 દરમિયાન તેમણે નાગપુર હાઈકૉર્ટમાં ચીફ

જસ્ટિસ તરીકે કામગીરી કરી. 1956માં મધ્યપ્રદેશનું પુનઃગઠન થતાં મધ્યપ્રદેશની હાઈકૉર્ટ જબલપુરમાં સ્થપાઈ તેથી 1956થી 1958 દરમિયાન જબલપુર ખાતે ચીફ જસ્ટિસ તરીકે કામગીરી કરી. પછી તે ભારતની સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ બન્યા.

## નાગપુરમાં કામગીરી

હિદાયતુલ્લા નાગપુરમાં મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા ત્યારે અન્ય તમામ ન્યાયમૂર્તિ સાથે તેમના ઘણા સારા સંબંધ રહ્યા હતા. તે વખતે બીજા નંબરે ન્યાયમૂર્તિ શ્રી રાવ હતા. શ્રી રાવને કર્ણાટક હાઈકૉર્ટના ચીફ જસ્ટિસ બનવા કહેવામાં આવ્યું. તેમણે ઇન્કાર કર્યો અને કહ્યું કે કર્ણાટકમાં મુખ્ય ન્યાયમૂર્તિ બનવા કરતા અહીં નાગપુરમાં મારા મિત્ર હિદાયતુલ્લા સાથે કામ કરવું મને વધુ ગમશે.

શ્રી રાવનું 1955માં અવસાન થયું. હિદાયતુલ્લા જિલ્લા અદાલતોની વિઝિટે હતા અને તેમને સમાચાર મળ્યા કે શ્રી રાવ બીમાર થયા છે. તે તરત જ પાછા ફર્યા. નાગપુરના સારામાં સારા ડૉક્ટરો એકઠા કર્યા, પરંતુ મેનેન્જાઇટીસને કારણે શ્રી રાવ અવસાન પામ્યા. હિદાયતુલ્લા લખે છે કે નાગપુર હાઈકૉર્ટને ન પુરાય તેવી ખોટ પડી.

નાગપુરમાં બે વર્ષ દરમિયાન તેમણે વિવિધ પ્રકારના કેસો ચલાવ્યા અને સાથે-સાથે વહીવટીય કામગીરી પણ કુશળતાપૂર્વક નિભાવી.

1956માં મધ્યપ્રદેશ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારે કેટલાક જિલ્લાઓ મુંબઈ રાજ્યમાં ભળી ગયા. તે વખતે હિદાયતુલ્લાએ નાગપુર મધ્યપ્રદેશમાં રહે અને ત્યાં હાઈકૉર્ટ બને તે સૂચન કર્યું, પરંતુ નાગપુર મુંબઈમાં ભળી ગયું. પરિણામે જબલપુરમાં મધ્યપ્રદેશની હાઈકૉર્ટ સ્થપાઈ.

## જબલપુર હાઈકૉર્ટમાં કામગીરી

જબલપુર હાઈકૉર્ટમાં બે વર્ષ કામગીરી કરી તે વિવિધ પ્રકારની હતી. નવી હાઈકૉર્ટ સ્થપાઈ હતી તેથી મકાનની રચના, સ્ટાફની નિમણૂક અને લાઇબ્રેરીનાં પુસ્તકોની વહેંચણી વગેરે કામો ખૂબ સમય માંગે તેવાં હતાં. સાથે-સાથે ન્યાયનું અને વહીવટનું કામ કરવાનું હતું. હિદાયતુલ્લાએ રાતદિવસ મહેનત કરી બધાં કાર્યોને ન્યાય આપ્યો.

આ સમય દરમિયાન જ્યારે ડૉ. કૈલાસનાથ કાત્જુ મુખ્ય પ્રધાન બન્યા ત્યારથી હિદાયતુલ્લાનું કામ વધારે સરળ બન્યું. ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે તેમને છૂટો દોર મળ્યો. ડૉ. કાત્જુ કહેતા હતા કે આ તમારો વિષય છે અને સરકાર તમને સહકાર આપશે. તેમની ઘણી ભલામણો સ્વીકારાઈ અને ન્યાયતંત્ર મજબૂત બન્યું.

જબલપુરના 25 માસ ખૂબ જ કામમાં, પરંતુ ખૂબ જ આનંદમાં અને સંતોષકારક રીતે પૂર્ણ થયા. વકીલો અને ન્યાયાધીશોનો સંપૂર્ણ સહકાર મળ્યો. તેથી ન્યાયનું કામ સરળતાથી અને સંતોષકારક રીતે થઈ શક્યું.

જોકે, આ સમય દરમિયાન તેમની નાનકડી દીકરીની તબિયત નરમગરમ રહેતી હતી. તેનો રોગ અસાધ્ય જણાતો હતો અને તેની તેમને બહુ જ ચિંતા રહેતી હતી.

જબલપુરના સમય દરમિયાન વિવિધ પ્રકારના કેસો ચલાવ્યા, પરંતુ ઇલેકશન પિટિશનનો ઉલ્લેખ જરૂરી છે. તાજેતરમાં ચૂંટણી થઈ હતી તેથી ઘણી ઇલેક્શન પિટિશન થઈ હતી.

એક પિટિશનની સુનાવણી હિદાયતુલ્લા અને જસ્ટિસ સેન કરી રહ્યા હતા. તેમાં એક મુસ્લિમ મિનિસ્ટરની ચૂંટણી રદ કરવા માટે જનસંઘના ઉમેદવારની અરજ હતી. તેમના વકીલ યુ. એમ. ત્રિવેદી હતા. તેમણે મુદત લેવા બહુ પ્રયત્ન કર્યા. તેમનાં મનમાં એમ હતું કે હિદાયતુલ્લા મુસલમાન છે અને મિનિસ્ટર મુસલમાન છે. વળી, મિનિસ્ટર શિહોરના છે, જ્યાં હિદાયતુલ્લાનું કુટુંબ રહેતું હતું. હિદાયતુલ્લાએ મુદત આપવા ઇન્કાર કર્યો અને કેસ ચલાવ્યો. તેમને થયું કે સેન હિંદુ છે છતાં મુસલમાનના વકીલ વાંધો લેતા નથી, આવો ભેદ શા માટે ? તેમણે તટસ્થતાપૂર્વક કેસ ચલાવ્યો. પૂરાવો મિનિસ્ટર વિરુદ્ધ હતો અને તેમણે મુસ્લિમ મિનિસ્ટરની ચૂંટણી રદ કરી.

નિષ્પક્ષ રીતે ન્યાય કરવાના હિદાયતુલ્લાના વલણને કારણે તે ખૂબ પ્રશંસા પામ્યા.

## સુપ્રીમ કૉર્ટની કામગીરીની શરૂઆત

ડિસેમ્બર 1958માં હિદાયતુલ્લા સુપ્રીમ કૉર્ટમાં નિમાયા. હાઈકૉર્ટ કરતા સુપ્રીમ કૉર્ટની કાર્યપદ્ધતિ

થોડી અલગ હતી. શરૂઆતમાં ટેવાતા થોડી મુશ્કેલી લાગી. અહીં ન્યાયમૂર્તિઓમાં સિનિયોરિટીનો ખ્યાલ મનમાં રહેતો. બધાને સરખા ગણવાની વૃત્તિ ઓછામાં હતી, પરંતુ ચીફ જસ્ટિસ દાસ અને જસ્ટિસ ભગવતી (સિનિયર) દ્વારા ખૂબ હૂંફ મળી. હિદાયતુલ્લાના ચુકાદાઓ માટે યોગ્ય સૂચનો અને પ્રશંસા પ્રાપ્ત થયાં.

સુપ્રીમ કૉર્ટમાં આવ્યાના બીજા વર્ષે 1959માં તેમની પુત્રી અવનિની તબિયત વધારે ખરાબ થઈ. તેની તબિયતની ખૂબ જ કાળજી લેવા છતાં તેની તબિયત બગડવા લાગી, તેથી તેમના પત્ની પુષ્પાબેન બંને બાળકો લઈ મુંબઈ ગયાં, કારણ દિલ્હીની સખત ઠંડીથી બચી શકાય, પરંતુ ડિસેમ્બર 1959માં મુંબઈથી સંદેશો મળ્યો કે અવનિની હાર્ટસર્જરી તાત્કાલિક કરવી પડે તેમ છે. હિદાયતુલ્લા તરત જ મુંબઈ પહોંચ્યા અને ડૉક્ટરોની સલાહ મુજબ લંડનમાં ઑપરેશન કરાવવાનું નક્કી કર્યું. અવનિને લઈ માબાપ લંડન પહોંચ્યાં. શ્રેષ્ઠ ડૉક્ટરોએ ઑપરેશન કર્યું, પરંતુ ઑપરેશન સફળ ન રહ્યું અને ઑપરેશન પછી બાર કલાકે અવનિનું અવસાન થયું. હિદાયતુલ્લાને ખૂબ જ દુઃખ થયું. તે લખે છે, અવનિ મીઠડી છોકરી હતી. મારા પિતાની યાદશક્તિનો તેણીને વારસો મળ્યો હતો. એક વખત કવિતા વાંચે અને તેને મોંઢે રહી જતી હતી. મેં તો મારી જાતને કામમાં ડુબાડી દુઃખ ભૂલવા પ્રયત્ન કર્યો, પરંતુ મારી પત્ની માટે આ આઘાત જીરવવો ખૂબ મુશ્કેલ હતો.

## સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકેની કામગીરી

સને 1958થી 1968 સુધી હિદાયતુલ્લાએ સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે કામગીરી કરી હતી. તે પછી 25 ફેબ્રુઆરી, 1968ના રોજ ચીફ જસ્ટિસ બન્યા. તેઓ 17 ડિસેમ્બર, 1970ના રોજ નિવૃત્ત થયા. દરમિયાનમાં કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે પણ કામગીરી કરી.

સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકેના 10-11 વર્ષના ગાળામાં તેમણે ઘણા નોંધપાત્ર કેસોનો નિર્ણય કર્યો. કેટલાક કેસોમાં તે બહુમતીના નિર્ણય સાથે સહમત થતા નહીં, ત્યારે પોતાનું Dissenting Judgement લખતા. જે વિગતવાર કારણો સાથે લખતા. જેમાં દર્શાવેલ મંતવ્ય પછીથી સ્વીકારી લેવામાં આવ્યું હોય તેમ પણ બન્યું. તેમના નિર્ણિત કેસો વિવિધ કાયદાના સંદર્ભમાં અને ભારતીય બંધારણના સંદર્ભમાં હતા. તેમણે નિર્ણય કરેલા ખૂબ જાણીતા કેસો પૈકી થોડા કેસો અભ્યાસુઓની જાણ માટે અને સ્વતંત્ર અભ્યાસ માટે રજૂ કરું છું.

(1) સ્ટેટ ઑફ રાજસ્થાન વિ. ચાવલા (એ.આઇ. આર., 1959 સુ. કો. 544)
(2) મહાદેવ વિ. બૉમ્બે (એ.આઇ.આર., 1959 સુ. કો. 735)
(3) બેરૂબારી કેસ (એ.આઇ.આર. 1960 સુ.કો. 845)
(4) અનવંતસિંહ સાહની વિ. ડી. રામનાથન (એ.આઇ. આર, 1967, સુ. કો. 1836)
(5) રણજિતસિંહ ડી. ઉદ્દેશી વિ. મહારાષ્ટ્ર (એ.આઇ. આર., 1965, સુ. કો. 881)

હિદાયતુલ્લા સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ હતા ત્યારે તેમણે એકેડેમિક બાબતમાં ખૂબ જ રસ લીધો હતો. તેમણે દેશ-પરદેશમાં ઘણી સંસ્થાઓમાં અને કૉન્ફરન્સમાં અભ્યાસપૂર્ણ રજૂઆત કરી હતી. તેમણે ન્યાયના કાર્યમાં થતાં વિલંબ અંગે, લોકશાહી કાર્યપદ્ધતિ વિશે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સંબંધો વિશે, પ્રેસ અને જ્યુડિશિયરી વગેરે ઘણા વિવિધ વિષયો પર પ્રવચનો કર્યાં હતાં. જે ગ્રંથસ્થ થયા છે.

હિદાયતુલ્લા લખે છે કે ન્યાયના કાર્યમાં આ સમય ખૂબ જ સારો રહ્યો, પરંતુ અંગત જીવનમાં ઘણા દુઃખદ પ્રસંગો બન્યા. મોટાભાઈ એમ. ઇકરામુલ્લાહ અને બહેન બુતુલબેગમનું અવસાન થયું. મોટાભાઈ રોમમાં અવસાન પામ્યા. તેમના મૃતદેહને કરાંચી લાવ્યા. જ્યાં અંતિમવિધિ થઈ જેમાં તે હાજર રહ્યા. બહેન મામસોરમાં મૃત્યુ પામી. બહેને માતાના મૃત્યુ પછી ઘર સંભાળ્યું હતું. બહેનને ઘણાં વર્ષોથી મળવાનું બન્યું નહોતું. 1968ની સાલમાં તેમના સાસુ કમળાબેન શાહ મૃત્યુ પામ્યાં. હિદાયતુલ્લા લખે છે કે તેમની સાથે મારે ખૂબ સ્નેહનો નાતો હતો તેથી મને પારાવાર દુઃખ થયું.

## સુપ્રીમ કૉર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિ તરીકેની કામગીરી

હિદાયતુલ્લા સુપ્રીમ કૉર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિમાયા, તેને સારો આવકાર મળ્યો. અખબારોમાં અને વ્યક્તિગત પત્રો દ્વારા શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ, પરંતુ એક પોસ્ટકાર્ડ પણ મળ્યું. જેમાં લાલ સહીથી લખ્યું હતું કે આવતા મહિનાના અંત પહેલાં તમારું ખૂન થશે. હિદાયતુલ્લાએ પત્રને ગંભીરતાથી લીધો નહીં અને ફાડી નાખ્યો.

મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા બાદ 18મા દિવસે તા. 13મી માર્ચ, 1968ના રોજ બંધારણીય બૅંચ વીખરાયા પછી ત્રણ ન્યાયમૂર્તિઓ સિવિલ અપીલ સાંભળતા હતા. હિદાયતુલ્લા સાથે બીજા ન્યાયમૂર્તિઓ ગ્રોવર અને વિદ્યાલિંગમ હતા. પ્લૅટફૉર્મની નીચેના ભાગે, બાજુમાં રાઘવન અને બેનરજી ઊભા હતા અને શૉર્ટહૅન્ડમાં ઠરાવ લખતા હતા. તે વખતે અચાનક એક વ્યક્તિ તેના ટેબલ પરથી કૂદીને 9 ફૂટ ઊંચી બૅંચ પર ત્રણ ન્યાયમૂર્તિઓ બેઠા હતા ત્યાં ધસી આવી, તેના હાથમાં છરી હતી. હિદાયતુલ્લા ઊભા થયા અને તેમની ખુરશી પાછી ધકેલી તો તે ખુરશી નીચે જમીન પર પડી. વિદ્યાલિંગમે તે માણસને હાથથી દૂર હડસેલ્યો. ગ્રોવર બહારની તરફ જવા કોશિશ કરી રહ્યા હતા. તે માણસે ગ્રોવરના માથામાં છરી મારી. હિદાયતુલ્લા પાછા વળ્યા અને હુમલાખોરના હાથને મજબૂતાઈથી પકડી લીધો. જેથી તે બીજાને ઘા ન મારી શક્યો. દરમિયાન લાઇબ્રેરિયન અને પોલીસવાળા આવી ગયા અને હુમલાખોર પકડાઈ ગયો. હિદાયતુલ્લાએ પોલીસને જણાવ્યું કે હુમલાખોર પર જુલમ કરશો નહીં અને મારકૂટ કરશો નહીં. તે તરત જ ગ્રોવર તરફ ગયા. ઘા પર રૂમાલનો પાટો બાંધી દીધો. તેમની મોટરમાં બેસાડી જાતે ગાડી ચલાવી હૉસ્પિટલ લઈ ગયા. ઑફિસમાં સૂચના આપી કે હૉસ્પિટલમાં વ્યવસ્થા તૈયાર રાખે. તે પહોંચ્યા ત્યારે ઍમ્બ્યુલન્સ, ડૉક્ટરો બધું તૈયાર હતું. ડૉક્ટરોએ ઘા પર ટાંકા લીધા. ઘા બહુ ઊંડો નહોતો અને અંદરના ભાગને નુકસાન થયું નહોતું. હિદાયતુલ્લાએ તેમનાં પત્નીને ફોન કરીને જણાવ્યું કે બધા સલામત છે. બહાર તો એવી હવા ફેલાયેલી કે ગ્રોવરનું મૃત્યુ થયું છે અને હિદાયતુલ્લા ગંભીર છે, પરંતુ સાચી હકીકત જાહેર થતાં બધાંએ રાહતનો શ્વાસ લીધો. પ્રેસિડન્ટ ડૉ. ઝાકીર હુસેન અને વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ હિદાયતુલ્લાની હિંમત અને બહાદુરી બદલ અભિનંદન પાઠવ્યાં અને વધુ મોટી હાનિ ન થઈ તે બદલ સંતોષ વ્યક્ત કર્યો.

હિદાયતુલ્લા લખે છે કે આ બનાવ પછી મેં બે વર્ષ કામગીરી કરી તે દરમિયાન મારા ખીસ્સામાં નાનકડી પિસ્તોલ મારા સ્વબચાવ માટે રાખી. જોકે આ વાત કોઈને જણાવી નહીં, તેનો ઉપયોગ કરવામાં પણ ન આવ્યો.

હુમલાખોરનું નામ મનમોહન દાસ હતું. તે માનસિક રીતે ક્ષુબ્ધ હતો. તે પહેલાં નાવિક હતો અને કોઈ ગુનામાં સજા થતા તેણે મુંબઈ હાઈકૉર્ટમાં અપીલ કરી હતી. ત્યાં ન્યાયાધીશને છુટ્ટો પથ્થર માર્યો હતો જે ઘા બરોબર ન થતા ન્યાયાધીશ બચી ગયા હતા. જેના કારણે તેને જેલની સજા થઈ હતી. તે ભોગવીને બહાર આવ્યો અને તેના 17 દિવસ બાદ આ હુમલો કર્યો.

તેના વિરુદ્ધ કેસ ચાલ્યો. તેમાં ત્રણેય ન્યાયમૂર્તિ જુબાની આપવા કૉર્ટમાં ગયા. મનમોહન દાસ જાતે ઊલટ કરતો હતો. ગ્રોવરની ઊલટ તેને બૂમબરાડા પાડીને ઉગ્રતાથી કરી. પછી હિદાયતુલ્લા જુબાની આપવા જતા હતા ત્યારે પાંજરામાં બેઠેલા મનમોહન દાસે કહ્યું કે પોલીસે મને માર માર્યો છે. હિદાયતુલ્લાએ પોલીસને જરૂરી સૂચના આપી. તેમણે જુબાની આપી. મનમોહન દાસને ઊલટ તપાસ કરવા કહ્યું તો તેણે કહ્યું કે મારે આમની ઊલટ તપાસ કરવી નથી. તેણે કહ્યું હું તો સચિવાલય (Secretariat)માં પ્રધાન પર હુમલો કરવા ગયો હતો. ત્યાં પ્રવેશ ન મળ્યો તેથી સુપ્રીમ કૉર્ટમાં આવ્યો. અહીં પ્રવેશ મળ્યો તેથી હુમલો કર્યો.

આ બનાવ પછી ન્યાયમૂર્તિઓની સલામતી માટે વધારે બંદોબસ્ત કરવામાં આવ્યો.

હિદાયતુલ્લાના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકેના સમયગાળા દરમિયાન તેમણે ઘણા જાણીતા કેસોનો નિર્ણય કર્યો. ઇન્ટરનૅશનલ લૉના સંદર્ભમાં ઈશ્વરભાઈ પટેલ વિ. યુનિયન (એ.આઇ.આર. 1969 સુ. કો. પાન 783) અને આર.આઇ. મોઇન્ટેરો વિ. ગોવા (એ.આઇ. આર. 1970 સુ. કો., 329) નોંધપાત્ર ચુકાદો છે. ડાહ્યાભાઈ વિ. સ્ટેટ ઑફ એમ. પી.ના કેસમાં સિવિલ કૉર્ટમાં જ્યુરિસ્ડિકશન વિશે સ્પષ્ટતા કરી છે. પ્રિવિ પર્સનો કેસ એ હિદાયતુલ્લાએ નિર્ણય કરેલ છેલ્લો કેસ હતો. તેમણે મહેનત કરીને યાદગાર ચુકાદો લખ્યો છે.

24 જૂન, 1946ના રોજ શરૂ થયેલી ન્યાયમૂર્તિ તરીકેની કારકિર્દીનો તા. 16 ડિસેમ્બર, 1970ના રોજ અંત આવ્યો. હિદાયતુલ્લા લખે છે કે ભારતની હાઈકૉર્ટો, ફેડરેલ કૉર્ટ કે સુપ્રીમ કૉર્ટમાં કોઈ પણ ન્યાયમૂર્તિએ આટલી લાંબી સેવાઓ આપી નથી.

હિદાયતુલ્લા મુખ્ય ન્યાયમૂર્તિ હતા ત્યારે દેશમાં અને પરદેશમાં ઘણા કાર્યક્રમોમાં ભાગ લીધો. ઉપરાંત કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે પણ સેવાઓ આપી.

આ સમય દરમિયાન ઑસ્ટ્રેલિયામાં કૉમનવેલ્થ ચીફ જસ્ટિસિસની કૉન્ફરન્સ યોજાઈ હતી. તેમાં તેમણે ભાગ લીધો. સીડની અને મેલબૉર્નની મુલાકાત લીધી. ત્યાંથી હોંગકોંગ અને મનીલા ગયા, ત્યાંથી બેંગકોક ગયા.

6 ડિસેમ્બર, 1969ના રોજ હિદાયતુલ્લાને લંડનના ભારતીય સમુદાય તરફથી ગુરુ નાનક દેવજી પર પ્રવચન આપવા આમંત્રણ મળ્યું. આલ્બર્ટ હૉલમાં 10 હજાર વ્યક્તિઓની હાજરીમાં તેમણે અભ્યાસપૂર્ણ પ્રવચન કર્યું. જે ઘણાં અખબારોએ છાપ્યું અને વખાણ્યું. તે પણ પ્રકાશિત થયું છે.

ભારતમાં ઘણાં રાજ્યોમાં તેમણે પ્રવચનો કર્યાં. બધાં પ્રવચનો પ્રકાશિત થયાં છે. તેમણે ફિરોજ ગાંધી મેમોરિયલ લેક્ચર સિરીઝમાં 'કી નૉટ ઑફ ધી કોન્સ્ટિટ્યૂશન' વિષય પર પ્રવચન કર્યું તે ખૂબ જ વખણાયું છે.

17મી ડિસેમ્બર, 1970ના રોજ 65 વર્ષની ઉંમર પૂર્ણ થતાં તે નિવૃત્ત થયા. પછી માત્ર 56 કલાક દિલ્હીમાં રહ્યા અને મુંબઈમાં નિવૃત્તજીવન ગાળવાનું નક્કી કર્યું.

## કાર્યકારી રાષ્ટ્રપતિ

3 મે, 1969ના રોજ રાષ્ટ્રપતિ ઝાકીર હુસેન અવસાન પામ્યા ત્યારે વી. વી. ગીરી ઉપરાષ્ટ્રપતિ હતા. તે કાર્યકારી રાષ્ટ્રપતિ બન્યા, પરંતુ તેમને રાષ્ટ્રપતિની ચૂંટણી લડવી હતી અને તે માટે પ્રચાર કરવો હતો, તેથી તેમણે રાજીનામું આપ્યું. પરિણામે બંધારણની જોગવાઈ પ્રમાણે સુપ્રીમ કૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ હિદાયતુલ્લા કાર્યકારી રાષ્ટ્રપતિ બન્યા.

પહેલો પ્રશ્ન હતો કે રાષ્ટ્રપતિભવનમાં રહેવું કે કેમ? અને રાષ્ટ્રપતિના વિશાળ સ્ટાફ, સંખ્યાબંધ મોટરકાર વગેરેનો ઉપયોગ કરવો કે કેમ?

રાષ્ટ્રપતિભવન 2,10,430 ચો. ફુટનું બનેલું છે, જે 330 એકર જમીનમાં પથરાયેલું છે. તેમાં 340 રૂમ છે, 37 ફુવારા છે, 12 એકરમાં પથરાયેલો મુગલગાર્ડન છે, સિનેમાહૉલ છે, સ્વિમિંગ પુલ છે, ગૉલ્ફ કોર્સ છે, હૉકી, ફૂટબૉલ, ક્રિકેટનાં મેદાન છે. ટૅનિસ કોર્ટ પણ છે, પ્રાણીસંગ્રહાલય પણ છે. આ ઉપરાંત સિમલામાં રાષ્ટ્રપતિ માટે 83 રૂમનું મકાન છે. માઓબ્રામાં 26 રૂમનું અને હૈદ્રાબાદમાં 19 રૂમનું મકાન છે. તેમના વપરાશ માટે એક રૉલ્સરૉય, ત્રણ મર્સિડીઝ, ત્રણ કેડીલેક, 4 શેવરોલેટ અને સંખ્યાબંધ નાની કાર પણ છે.

હિદાયતુલ્લાના મિત્રોનો આગ્રહ હતો કે તેમણે ભલે થોડા દિવસ માટે પણ રાષ્ટ્રપતિભવનમાં રહેવું જોઈએ. રાષ્ટ્રપતિપદના ગૌરવ માટે પણ રહેવું જોઈએ. વળી, એક-બે પરદેશના પ્રવાસ કરવા જોઈએ અને ફ્રી કસ્ટમ હોવાથી જરૂરી ખરીદી પણ કરવી જોઈએ.

હિદાયતુલ્લાએ આ બાબતનો ઇન્કાર કર્યો. તેમણે નક્કી કર્યું કે પોતે ચીફ જસ્ટિસના પોતાના નિવાસસ્થળે રહેશે અને રોજ 2 માઈલ દૂર આવેલ રાષ્ટ્રપતિભવનમાં પોતાની કારમાં જશે. પોતે ડ્રાઇવ કરશે.

મિલિટરી સેક્રેટરીએ જણાવ્યું કે પ્રોટોકૉલ પ્રમાણે તમારે રૉલ્સરૉયમાં જ જવું પડે અને જરૂરી વાહન સાથે રહેશે. હિદાયતુલ્લા સંમત થયા. બીજા દિવસે સવારે રૉલ્સરૉય ગાડી લેવા આવી. તેની સાથે સંખ્યાબંધ કાર પણ આવી. પાછળ બે સ્ટૅન્ડ બાય કાર, ઉપરાંત બીજી 8થી 10 કાર, જીપ, ઍમ્બ્યુલન્સ અને મોટરસાઇકલ પર બંને બાજુ અસવાર. હિદાયતુલ્લા અકળાયા. કહે 2 માઈલની સફર માટે આ બધું જરૂરી નથી. બીજા દિવસથી તેમણે એક સ્ટૅન્ડ બાય કાર અને જીપ જ રાખ્યા. સાથે મોટરસાઇકલ પર જરૂરી સલામતી માટે અસવાર.

રાષ્ટ્રપતિભવન પહોંચ્યા ત્યારે બ્યૂગલો વાગ્યાં, ગાર્ડ ઑફ ઑનર આપવામાં આવ્યું. પાછા ફરતા ફરી ગાર્ડ ઑફ ઑનર, જમીને આવ્યા પછી ફરી ગાર્ડ ઑફ ઑનર અને સાંજે પાછું ફરી ગાર્ડ ઑફ ઑનર અપાયું. હિદાયતુલ્લાએ બ્યૂગલો અને વધારાના ગાર્ડ ઑફ ઑનર બંધ કરાવ્યાં. સવારે આવે ત્યારે જ ગાર્ડ ઑફ ઑનર આપવાનું જણાવ્યું.

રાષ્ટ્રપતિભવનમાં આખો દિવસ કાર્યરત

રહેતા. જોકે ખાસ તો મુલાકાતીઓ જ આવતા. રાજા, મહારાજા, ઍમ્બેસેડર, રાજકારણીઓ અને સામાન્ય નાગરિકો પૈકી મોટા ભાગના ખાસ કામે ન આવતા, માત્ર શુભેચ્છા મુલાકાતે આવતા. ન્યાયાધીશો, પાર્લમૅન્ટના સભ્યો પણ આવતા. બાકીના સમયમાં તે વહીવટીય કામ કરતા. તેમણે પ્રેસિડન્ટ નિક્સનની મુલાકાત અંગે, પોતાને કરવાના પ્રવચન અંગે, તેમજ અન્ય વહીવટીય કામો કાળજીપૂર્વક કર્યાં.

અમેરિકાના પ્રેસિડન્ટ નિક્સને 31 જુલાઈ, 1969 તથા 1લી ઑગસ્ટ, 1969 એમ બે દિવસ માટે ભારતની મુલાકાત લીધી હતી. તે વખતે નિક્સન અને તેમનાં પત્ની રાષ્ટ્રપતિભવનમાં રહ્યાં. હિદાયતુલ્લા અને તેમનાં પત્ની પણ રાષ્ટ્રપતિભવનમાં રહ્યાં. આ બે દિવસ ખૂબ જ બિઝી રહ્યાં. હેનરી કિસીંજર વિ. ડિપ્લોમેટ પણ રાષ્ટ્રપતિભવનમાં હતા.

પ્રેસિડન્ટ નિક્સન અને હિદાયતુલ્લાની મિટિંગ ગોઠવાઈ. બંનેએ 20 મિનિટ વાતો કરી. બંનેના પુસ્તકોની વાત થઈ. નિક્સને ભારતના અગત્યના મૂંઝવતા પ્રશ્ન અંગે પૂછ્યું. હિદાયતુલ્લાએ વસતિ નિયંત્રણ પ્રશ્નને મહત્ત્વનો ગણાવ્યો. નિક્સને દુનિયાની, ભારતની વસતિના આંકડા માંગ્યા. આ વિષયે શું થઈ શકે અને અમેરિકા શું મદદ કરી શકે તે અંગે ચર્ચા થઈ.

સાંજે અશોકાહૉલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ થયો. હિદાયતુલ્લા અને નિકસનનાં પ્રવચનો થયાં. ભોજનસમારંભ ગોઠવાયો. હિદાયતુલ્લાનું વક્તવ્ય વખણાયું. બીજા દિવસે વિદાય અને ઍરપૉર્ટ પર ટૂંકી ફૅરવેલ સ્પીચ થઈ. નિક્સને યાદ કરીને હિદાયતુલ્લાનાં પુસ્તકો માંગી લીધાં અને કહ્યું કે વિમાની સફરમાં તે વાંચશે. અન્ય પ્રધાનો, વડાપ્રધાન અને છેલ્લે હિદાયતુલ્લા અને તેમનાં પત્નીની વિદાય લઈ નિક્સન અને તેમનાં પત્ની વિમાનમાં બેઠાં. કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે આ અનુભવ સારો રહ્યો.

## નિવૃત્તિ પછીનું જીવન

ડિસેમ્બર, 1970માં નિવૃત્ત થયા બાદ તરત જ હિદાયતુલ્લા મુંબઈ રહેવા ગયા. ત્યાં કાનૂની અભિપ્રાયો, આર્બિટ્રેશન અને લેખનકાર્ય કરવા લાગ્યા. 65 વર્ષની ઉંમરે તે તદ્દન સ્વસ્થ હતા અને કાર્યરત હતા.

કાનૂની અભિપ્રાયો માટે તેમને મલેશિયા, સિંગાપુર, સિલોન, ગ્રીસ, લંડન, ઑસ્ટ્રેલિયા, સ્વિટ્ઝર્લૅન્ડ વગેરે દેશોમાંથી કેસ મળવા લાગ્યા. તેમણે સૉલ આર્બિટ્રેટર તરીકે સંખ્યાબંધ કેસોમાં અને ખાસ કરીને ઇન્ડિયન ઑઇલ કૉર્પોરેશન અને ગુજરાત ઇલેક્ટ્રિસિટી બૉર્ડના કેસો માટે કામ કર્યું.

નિવૃત્તિમાં તેમણે પુસ્તક લેખન તથા સંપાદન કાર્ય કર્યું. મુલ્લાના મહોમેડન લૉનું સંપાદન કર્યું. તેમનું પુસ્તક A Judge's Miscellany બહાર પાડ્યું. અમેરિકા અને ભારતમાં આપેલાં પ્રવચનોનાં પુસ્તકો પણ પ્રસિદ્ધ કર્યાં. તેમને ઘણાં દેશોમાંથી પ્રવચનો માટે આમંત્રણ મળ્યાં. તે લિબિયા, સ્વિટ્ઝર્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયા ગયા. તેમણે 1971માં બેલગ્રેડમાં ભરાયેલી World Assembly of Judgesમાં ભાગ લીધો. તેમાં અમેરિકાના ફેડરલ કૉર્ટના ચીફ જસ્ટિસ બર્ગરની અધ્યક્ષતામાં યોજાયેલ મૂટ કૉર્ટમાં ભાગ લીધો.

તેમને બે વખત રાષ્ટ્રપતિપદની ચૂંટણી લડવા કહેવામાં આવ્યું હતું, પરંતુ ચૂંટણી લડવા તેમણે વિનયપૂર્વક ના સંમતિ દર્શાવી.

## ઉપરાષ્ટ્રપતિ તરીકે

હિદાયતુલ્લાએ 31 ઑગસ્ટ, 1979થી 30 ઑગસ્ટ 1984 સુધી ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે સેવાઓ આપી હતી.

આ લેખ તેમની આત્મકથા My Own Boswell આધારે લખ્યો છે. તે આત્મકથા આ સમય પહેલાં લખાઈ છે, તેથી તેમના ઉપરાષ્ટ્રપતિ તરીકેના કાર્યોનો આમાં સમાવેશ કરી શકાયો નથી.

## સમાપન

ખૂબ જ પ્રેરણાદાયી જીવન જીવી 18-9-92ના રોજ હિદાયતુલ્લા અવસાન પામ્યા. તેમનાં પત્ની પુષ્પાબેનનો તેમને પૂરો સાથ રહ્યો. તેમનું ખૂબ જ સુખી લગ્નજીવન હતું. તેમના પુત્ર અરશદ સુપ્રીમ કૉર્ટમાં સિનિયર વકીલ છે. અરશદનું લગ્ન નયનતારા દેશપંથી સાથે થયું છે. તેની વકીલ તરીકેની પ્રગતિથી હિદાયતુલ્લા ખૂબ રાજી થતા. ન્યાયતંત્રના તેમનાં અમૂલ્ય પ્રદાન બદલ ન્યાયતંત્ર હંમેશાં તેમનું ઋણી રહેશે.

**શરદભાઈ પી. શાહ**
મહેસાણા, મો. 9429736365

### વિશ્વ સાહિત્યની અટારીએથી

# કાર્લોસ ફ્વેંટિસ : ૧૯૨૮ - ૨૦૧૨ (મેક્સિકો)

## (Carlos Fuentes)

ડૉ. મનીષ વ્યાસ

મેક્સિકોના 'બાલ્ઝાક' તરીકે ખ્યાતિ પ્રાપ્ત એવા કાર્લોસ ફ્વેંટિસનો જન્મ પનામા શહેરમાં ૧૧મી નવેમ્બર, ૧૯૨૮ના રોજ થયો હતો. ૧૯૬૦ અને ૭૦ના દશકાઓમાં લૅટિન-અમેરિકન સાહિત્યને વિશ્વ ફલક ઉપર એક નવું જોમ અને દિશા ચીંધવામાં ફ્વેંટિસનો સિંહફાળો રહેલો છે. તેમના પિતા મેક્સિકન સરકારમાં રાજદ્વારીના હોદ્દા ઉપર હોવાના લીધે ફ્વેંટિસનું બાળપણ ભિન્ન ભિન્ન લેટિન-અમેરિકન રાજધાનીઓમાં વીત્યું હતું. આ સંદર્ભે ૧૯૩૦થી ૧૯૪૦ના દશકમાં તેમના પિતાની બદલી વૉશિંગ્ટન સ્થિત મેક્સિકન ઍમ્બેસીમાં થઈ, જેના પરિણામે ફ્વેંટિસને અંગ્રેજી શાળામાં ભણવાની તક પ્રાપ્ત થઈ. આ સમય દરમિયાન તેમણે માત્ર અંગ્રેજી ભાષા જ નહીં, પરંતુ અંગ્રેજી સાહિત્યની વિશ્વ પ્રસિદ્ધ કૃતિઓનો પણ અભ્યાસ કર્યો હતો. આ દસ વર્ષના સમયગાળામાં તેમણે અંગ્રેજીમાં સર્જનાત્મક સાહિત્ય (creative literature) લખવાનું પણ શરૂ કર્યું. ૧૯૪૦ પછીનો સમય તેમની રાજકીય અને સામાજિક વિચારધારામાં આવેલા કાયમી બદલાવનો ગણી શકાય. ચીલે ખાતે તેમના વસવાટ દરમિયાન તેઓ પાબ્લો નેરુદા (Pablo Neruda)ની કવિતાઓથી વિશેષ પ્રભાવિત થયા હતા અને જીવનપર્યંત સમાજવાદી વિચારધારાને અંગીકાર કરી, જે એમની કૃતિઓમાં સમયાંતરે ઉજાગર થતી જોવા મળે છે.

મેક્સિકોના વતની હોવા છતાં તેઓ છેક ૧૬ વર્ષની વયે પોતાના દેશમાં સ્થાઈ થયા. અહીં તેમણે National Autonomous University of Mexicoમાં કાયદાશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. પિતાની જેમ તેમની પણ રુચિ રાજદ્વારી કારકિર્દીમાં વધુ હતી અને છેવટે ૧૯૫૭માં 'સેક્રેટેરિએટ ઑફ ફોરેન અફેર્સ' ખાતે સાંસ્કૃતિક વિભાગના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા હતા. અલબત્ત, તેમની આ નોકરી ખૂબ જ અલ્પજીવી નીવડી. તેમની નિમણૂકના બીજા જ વર્ષે ૧૯૫૮માં Where the Air is Clear નવલકથા પ્રકાશિત થઈ હતી. આ કૃતિએ તેઓને તુરત જ રાષ્ટ્રીય ફલક ઉપર એક તેજસ્વી અને પ્રતિભાવાન લેખક તરીકે પ્રસ્થાપિત કર્યા. આ સફળતાએ ફ્વેંટિસને પૂર્ણ સમયના લેખક બનવા માટે પ્રેરકબળ પૂરું પાડ્યું અને પોતાની રાજદ્વારી નોકરીને તેમણે અલવિદા કરી દીધી. આ નવલકથા એક રીતે મેક્સિકોની રાષ્ટ્રીય ઓળખ (national identity) છે. આ કૃતિમાં ફ્વેંટિસે જે રીતે સિનેમેટોગ્રાફીની તકનીકો, ફ્લેશબૅક અને એકોક્તિનો ઉપયોગ કર્યો છે તે જોતાં તેમની ઉપર બિન-સ્પેનિશ સાહિત્યકારોની અસર સ્પષ્ટ રીતે જોવા મળે છે. આ નવલકથાનું સમયાવલોકન ૧૯૧૦ પછીના દાયકામાં આવેલી મેક્સિકોની ક્રાંતિથી લઈને કૃતિના પ્રકાશન વર્ષ (૧૯૫૮) સુધી ફેલાયેલું છે. ક્રાંતિ પછી પચાસના દશકા સુધી ઘડાયેલા મેક્સિકન સમાજની વિચારધારાઓ, પ્રણાલીઓ, સાંસ્કૃતિક બદલાવ વિગેરેને ફ્વેંટિસ એક વિવેચકની નજરે મૂલવે છે. આ એ સમય હતો જ્યારે મેક્સિકનસમાજ ક્રાંતિના આદર્શો અને આધુનિક યુરોપિયન સમાજવ્યવસ્થાનાં પ્રલોભનો વચ્ચે ભીંસાતો હતો. આમ, એક રીતે જોવા જઈએ તો આ નવલકથાને પ્રાચીન અને અર્વાચીન મેક્સિકન સમાજના સંક્રાંતિકાળની અગ્રદૂત (harbinger) ગણી શકાય. આ કારણોનાં લીધે આ નવલકથાએ લૅટિન-અમેરિકન સાહિત્યને આગવું કલેવર પ્રદાન કર્યું એમ કહી શકાય. વિશ્વમાં આજ દિન સુધી થયેલી અનેકવિધ લોક-ક્રાંતિઓ ઉપર દૃષ્ટિ ફેરવવામાં આવે તો જણાઈ આવે છે કે જે આદર્શોને પ્રસ્થાપિત

કરવા માટે લોક-બલિદાન આપવામાં આવ્યું હતું તે જ આદર્શોનું હનન બાદમાં થતું જોવા મળે છે. મેક્સિકો પણ આમાંથી અલિપ્ત કેવી રીતે રહી શકે? આ નવલકથાનો મુખ્ય નાયક ફેડેરીકો નોબલ્સ પણ આવા જ કોઈ ભ્રમનિરસન (disillusionment)નો શિકાર બનતો જોવા મળે છે, જે પોતાની એકોક્તિઓ દ્વારા હતાશા અને વ્યથાને વાચા આપવાનો પ્રયાસ કરે છે.

આ નવલકથાના પ્રકાશનના બીજા જ વર્ષે પ્રકાશિત થયેલી અન્ય એક નવલકથા The Good Conscience (Las Buenas Conciencias)માં સમાજવાદી વિચારધારાના આદર્શો અને ભૌતિકવાદની વાસ્તવિકતા વચ્ચે પીસાઈ જતા મધ્યમવર્ગીય કુટુંબની વ્યથા જોવા મળે છે. 'ક્લાસિક માર્કસિસ્ટ' નવલકથાનું બિરુદ પામેલી આ કૃતિ સમાજવાદના આદર્શોની નિષ્ફળતા, નિરર્થકતા અને તેમાંથી જન્મતી હતાશાને બખૂબી વાચા આપે છે. આ પછી 1962માં પ્રકાશિત થયેલી The Death of Artemio Cruz (La muerte de Artemio Cruz) આધુનિક સ્પેનિશ-અમેરિકન સાહિત્યમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે અને ફ્વેંટિસની શ્રેષ્ઠતમ કૃતિઓ પૈકીની એક કૃતિમાં સ્થાન ધરાવે છે. આ નવલકથાની શરૂઆતમાં નાયક આર્ટેમીઓ કૃઝ મરણશૈયા ઉપર પડેલો હોય છે. સમગ્ર નવલકથામાં ફ્લેશબૅકના માધ્યમ દ્વારા કથા-નાયકના પૂર્વ-જન્મનો વૃત્તાંત વાચકો સમક્ષ રજૂ થાય છે. મેક્સિકન ક્રાંતિનો ભૂતપૂર્વ સૈનિક એવા કૃઝે આ ક્રાંતિ દરમિયાન હિંસા, ભ્રષ્ટાચાર, મજૂર-વર્ગના શોષણ, લાંચ અને બ્લૅકમેલ થકી ઘણી સંપત્તિ એકઠી કરી હતી. આ નવલકથા થકી ફ્વેંટિસ મેક્સિકન સમાજમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર, વર્ગ-વિગ્રહ, પ્રચૂર ભૌતિકવાદ, આર્થિક ગોટાળાઓ અને જમીન સુધારાને લગતા કાયદાઓની નિરર્થકતા અને નિષ્ફળતાઓને પ્રકાશિત કરે છે. ઘણા વિવેચકોના મતાનુસાર આ નવલકથાની narrative technique ઑર્સન વેલ્સ (Orson Wells)ની નવલકથા Citizen Kaneથી પ્રભાવિત છે. વેલ્સની જેમ આ નવલકથામાં પણ ફ્વેંટિસે અનેકવિધ સાહિત્યિક ટૅક્નિકસ જેવી કે ફ્લેશબૅક, ક્લૉઝ-અપ, ક્રોસ-કટિંગ વગેરેનો ઉપયોગ કર્યો છે.

ઓગણીસો સાઠના દશકાની અન્ય કૃતિઓમાં Aura (૧૯૬૨), ટૂંકી-વાર્તા સંગ્રહ Cantar de Ciego (1966), નોવેલ Zona Sagrada (૧૯૬૭) અને A Change of Skin (૧૯૬૭)નો સમાવેશ થાય છે. નિયમિત સમયાંતરે પ્રકાશિત થયેલી આ તમામ કૃતિઓએ ફ્વેંટિસને એક બહુપ્રસૂ (prolific) લેખક તરીકે ખ્યાતિ બક્ષી છે. અલબત્ત, ૧૯૭૨માં પ્રકાશિત થયેલી Terra Nostra ફ્વેંટિસની સૌથી મહત્ત્વકાંક્ષી નવલકથા ગણવામાં આવે છે. આ નવલકથાનું માત્ર ફલક જ નહીં, પરંતુ તેનું વિષય-વસ્તુ પણ અતિ વિસ્તૃત છે. આ નવલકથા થકી ફ્વેંટિસ સમગ્ર હિસ્પાનીક (Hispanic) સંસ્કૃતિની કથા કહેવાનો પ્રયાસ કરે છે. The Death of Artemio Cruzની જેમ જ અહીં પણ લેખકે ફ્લેશબૅક પદ્ધતિનો ઉપયોગ પ્રચૂર માત્રામાં કર્યો છે. પ્રવર્તમાન લેટિન-અમેરિકન સમાજનાં મૂળ સુધી પહોંચવા માટે લેખક ૧૬મી સદીથી લઈને વીસમી સદી સુધીની યાત્રા ફ્લેશબેકના માધ્યમ થકી કરતાં જોવા મળે છે. સમગ્ર નવલકથા ત્રણ અલગ-અલગ શીર્ષકો સાથે ત્રણ ભાગમાં વિભાજિત કરવામાં આવી છેઃ 'The Old World', 'The New World', 'The Next World', ૧૯૪૫માં પ્રકાશિત થયેલી 'The Old Gring' (Gringo Viejo) મેક્સિકન લેખક દ્વારા લખાયેલી સૌ પ્રથમ યુ.એસ. બૅસ્ટસેલર બની. પ્રસ્તુત નવલકથા હેરિયટ વિનસ્લો નામની યુવા અમેરિકી સ્ત્રીના મેક્સિકોમાં થયેલા અનુભવોનું વૃત્તાંત આલેખે છે. આ નવલકથાની પશ્ચાદ્‌ભૂમિમાં મેક્સિકન ક્રાંતિ દરમિયાન ગુમ થઈ ગયેલા એબ્રેસ બિયર્સ નામક અમેરિકન લેખકની વાર્તા છે. ફ્વેંટિસની મોટા ભાગની કૃતિઓની જેમ આ નવલકથા પણ ક્રાંતિકારી આદર્શોની નિરર્થકતા ઉજાગર કરે છે. ૧૯૯૦ના દસકાથી લઈને ૨૦૦૮ સુધી પ્રકાશિત થયેલી ફ્વેંટિસની મોટા ભાગની કૃતિઓનો સાહિત્ય પ્રકાર નવલકથા છે જેમાં Dianaઃ The Goddess Who Hunts Alone (1994), The Crystal Frontier (1995), The Year With Laura Diaz (1999), Inez (2001), The Eagles Throne (2002) અને Destiny and Desire (2008) મુખ્ય છે.

૧૯૫૮થી લઈને ૨૦૦૮ સુધી અવિરત સાહિત્ય સર્જન કરતાં રહેલા ફ્વેંટિસે માત્ર મેક્સિકન

સમાજ માટે જ નહીં, અપિતુ વૈશ્વિક સમાજમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર, સત્તાનો દુરુપયોગ, આદર્શોનું હનન અને સામાજિક જવાબદારીઓ પ્રત્યે નાગરિકોની ઉદાસીનતા જેવા વિષયો ઉપર ચિંતન કર્યું છે. સાહિત્યમાં તેમના બહુમૂલ્ય યોગદાન બદલ હાર્વડ વિશ્વવિદ્યાલયે ૧૯૮૩માં, કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયે ૧૯૮૭માં અને ટફ્ટ્સ વિશ્વ વિદ્યાલયે ૧૯૯૩માં તેમને માનદ પીએચ.ડી.ની ઉપાધિથી નવાજ્યા હતા. ૧૫મી મે, ૨૦૧૨ના રોજ મેક્સિકો ખાતે બ્રેઈન હેમરેજના કારણે તેમનું નિધન થયું હતું. તેમની યાદમાં મેક્સિકન સરકારે તે જ વર્ષે Carlos Fuentes International Prize for Literary Creation in the Spanish Languageની ઘોષણા કરી હતી.

## Further Reading


Fuentes, Carlose. La region mas transparente, Fondo de Cultura Economica 1958. Translation by Sam Hileman published as '*Where the Air is Clear'*, Farrar Strausvy, 1960.

- *'Las buenas consciencias'*, Fondo de Cultura Economica, 1959. Translation by Ivan Oblensky published as *'The Good Conscience'*, Farrar Strausvy, NY 1961.
- *'La muerte de Artemio Cruz'*, Fondo de Cultura Economica, 1962. Translation by Sam Hileman published as *'The Death of Artemio Cruz'*, Farrar, Straus (New York, NY), 1964.
- *'Aura'* (also see below), Era, 1962, reprinted, 1982. Translation by Lysander Kemp, Farrar, Straus (New York, NY), 1965.
- *'Zona sagrada'*, Siglo XXI, 1967. Translation by Suzanne Jill Levine published as *'Holy Place'*, Dutton (New York, NY), 1972.
- *'Cambio de piel'*, Mortiz, 1967. Translation by Sam Hileman published as *'A Change of Skin'*, Farrar, Straus (New York, NY), 1968.
- *'Cumpleanos'*, Mortiz, 1969. Translation published as *'Birthday'*.
- *'Terra Nostra'*. Translation by Jill Levine, afterword by Milan Kundera, Farrar, Straus (New York, NY), 1976.
- *'La cabeza de hidra'*, Mortiz, 1978. Translation by Margaret Sayers Peden published as *'Hydra Head'*, Farrar, Straus (New York, NY), 1978.
- *'Una familia lejana'*, Era, 1980. Translation by Margaret Sayers Peden published as *'Distant Relations'*, Farrar, Straus (New York, NY), 1982.
- *'El gringo viejo'*, Fondo de Cultura Economica, 1985. Translation with Margaret Sayers Peden published as *'The Old Gringo'*, Farrar, Straus (New York, NY), 1985.
- *'Cristobal Nonato'*, Fondo de Cultura Economica, 1987. Translated as *'Christopher Unborn'*, Farrar, Straus (New York, NY), 1989.
- *'La frontera de cristal'*, Alfaguara, 1995. Translated as *'The Crystal Frontier: A Novel in Nine Stories.'*
- *'Diana, the Goddess Who Hunts Alone'*, Introduction by Alfred J. Mac Adam, Farrar, Straus (New York, NY), 1995.
- *'Anos con Laura Diaz'*, Alfaguara, 1999. Translation by Alfred Mac Adam published as *'The Years with Laura Diaz'*, Farrar, Straus (New York, NY), 2000.
- *'Instinto de Inez'*, Alfaguara, 2001. Translation by Margaret Sayers Peden published as *'Inez'*, Farrar, Straus (New York, NY), 2002.
- *'La silla del aguila'*, Alfaguara, 2003.
- *'The Argument of Latin America: Words for North Americans'*, Radical Education Project, 1963.
- (Contributor) *'Whither Latin America?'* (political articles), Monthly Review Press, 1963.
- *'Paris: La revolucion de mayo'*, Era, 1968.
- *'La nueva novela hispanoamericana'*, Mortiz, 1969.
- (Contributor) *'El mundo de Jose Luis Cuevas'*, Tudor (Mexico City, Mexico), 1969.
- *'Casa con dos puertas'* (title means "House with Two Doors"), Mortiz, 1970.

– *'Tiempo mexicano'* (title means "Mexican Time"), Mortiz, 1971.
– *'Cervantes; o, La critica de la lectura'*, Mortiz, 1976, translation published as *'Don Quixote'*; or, *'The Critique of Reading'*, Institute of Latin American Studies, University of Texas at Austin (Austin, TX), 1976.
– *'On Human Rights: A Speech'*, Somesuch Press (Dallas, TX), 1984.
– *'Latin America: At War with the Past'*, CBC Enterprises, 1985.
– *'Myself with Others: Selected Essays'*, Farrar, Straus (New York, NY), 1988.
– *'Buried Mirror: Reflections on Spain in the New World'*, Houghton Mifflin (Boston, MA), 1992.
– *'A New Time for Mexico'*, Farrar, Straus (New York, NY), 1996.
– *'El Espejo Enterrado'*, Alfaguara (Mexico City, Mexico), 2001.
– En esto creo, Seix Barral (Barcelona, Spain), 2002, translation by Kristina Cordero published as *'This I Believe: An A to Z of a Life'*, Random House (New York, New York), 2005.



**ડૉ. મનીષ વ્યાસ**
એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી
એન્ડ રિસર્ચ, ગાંધીનગર મો. 9428047463


## પ્રાર્થના

ઉપાસના એ વ્યક્તિગત સાધનાનું સાધન છે, પણ જો તેને સમાજજાગૃતિ તથા એકતાનું માધ્યમ બનાવવામાં આવે તો તેથી મોટો લાભ થઈ શકે. આ માટે વ્યક્તિગત પ્રાર્થનાની માફક સામૂહિક પ્રાર્થનાની પ્રથાને પ્રોત્સાહિત કરવી જરૂરી છે.

હજારો મુસ્લિમો એકસાથે નમાજ પઢે છે. હજારો ખ્રિસ્તીઓ એક સાથે પ્રાર્થના કરે છે. પણ હજારો હિન્દુઓને એકસાથે પ્રાર્થના કરતા જોઈ શકાતા નથી. હા, હજારો હિન્દુઓને ધક્કાધક્કી કરીને ગંગાસ્નાન કરતા જોઈ શકાય છે. મંદિરની જ વ્યવસ્થા એવી છે કે તેમાં હજારો માણસો એકીસાથે બેસી જ ન શકે. દર્શનાર્થી હડબડ કરતો આવે, ટોકરો વગાડે, દર્શન અને ભીડમાંથી માર્ગ કરીને ચાલતો થાય. આપણે ધર્મ તથા અધ્યાત્મનાં ક્ષેત્રમાં સ્વને સ્થાપિત કર્યો છે. હવે જો સ્વકીય (સમાજ) ને સ્થાપિત કરવો હોય તો હજારો હિન્દુઓને કશી જ સામગ્રી લીધા વિના એકસાથે બેસીને પ્રભુની પ્રાર્થના કરતા બનાવવા પડશે. એકસાથે હજારોની પ્રાર્થનાથી સંઘ-સંગઠન દૃઢ થશે. વર્ણભેદની દીવાલો ધરાશાયી થશે. પ્રજાને એક કરવાનાં અનેક નિમિત્તોમાં સૌથી પ્રબળ નિમિત્ત નથી થયો પણ વિભેદનું નિમિત્ત થયો છે. વર્ણભેદ, જાતિભેદ, સંપ્રદાયભેદ, ઇષ્ટદેવભેદ, ગુરુભેદ વગેરે અનેક પ્રકારથી તે વિભાજિત થતો રહ્યો છે. આ કારણે જ્યારે અન્ય ધર્મો ધાર્મિક સંગઠનથી શક્તિશાળી થયાં છે, ત્યારે આપણે ધર્મના કારણે તથા તેના દ્વારા રચાયેલા સમાજના કારણે વધુ ને વધુ વિભાજિત થતા રહ્યા છીએ. આ દુર્બળતામાંથી મુક્ત થવાના શીઘ્ર ઉપાયોમાં પ્રથમ ઉપાય છે સામૂહિક પ્રાર્થના. વર્ણ કે નાત-જાતનો ભેદ રાખ્યા વિના હિન્દુમાત્ર એક સાથે બેસીને પ્રભુપ્રાર્થના કરે. પ્રભુપ્રાર્થના પછી એકબીજા પ્રત્યે પ્રેમ વધારવા એકબીજાને ભેટે.

શું આપણે હવે આવું કરી શકીશું ? આ માટે આટલું કરવાની તરત જ જરૂર છે: (1) મંદિરોની એવી ડિઝાઈન બનાવવી કે જેમાં સેંકડો માણસો એકસાથે બેસીને પ્રાર્થના કરી શકે. (2) મંદિરોને સોના-ચાંદી તથા અન્ય આડંબરોથી મુક્ત કરી સાત્ત્વિકતા તથા સ્વચ્છતાભર્યાં બનાવાય. (3) મંદિરોને વ્યક્તિગત, વર્ણગત, વંશગત એકાધિકારની પકડથી છોડાવીને પૂરી પ્રજાના વહીવટમાં મુકાય. (4) મંદિરોમાં અસ્વચ્છતા વધે તેવી પૂજાપદ્ધતિ સમાપ્ત કરાય. જેમ કે દૂધ, જળ, નૈવેદ્ય વગેરેને વારંવાર ચઢાવવાથી અસ્વસ્થતા વધે છે. ઘોંઘાટ તથા ધક્કાધક્કી ન થાય તે માટે પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે. મંદિરમાં પૂર્ણ શાન્તિ તથા અધ્યાત્મ-પૂર્ણ વાતાવરણ નિર્માણ થાય. (5) મંદિરોને રાત્રીના નિશ્ચિત સમય સિવાય આખો દિવસ ખુલ્લાં રાખવામાં આવે, જેથી પ્રાર્થનાર્થી કે દર્શનાર્થી ગમે ત્યારે પ્રાર્થના-દર્શન કરી શકે. (5) દર્શનાર્થી, પ્રાર્થનાર્થી અને યાત્રાળુઓને હેરાન પરેશાન કરનાર વર્ગથી મંદિરો મુક્ત કરાય. (6) કાંઈ પણ સામગ્રી વિના અથવા ઓછામાં ઓછી સામગ્રીથી પ્રાર્થના વગેરે થઈ શકે તેવી પદ્ધતિનો ધૂમ પ્રચાર કરવામાં આવે. પ્રાર્થના સસ્તી-સરળ તથા સ્વાધીન હોય, કોઈની પણ તાબેદારીની તેમાં જરૂર ન રહે. ભક્ત અને ભગવાનની વચ્ચે ત્રીજો માણસ આડખીલીરૂપ બને છે.

જો આટલું તથા બીજું જે કાંઈ જરૂરી હોય તે કરવામાં આવે તો આપણાં મંદિરો પણ ધાર્મિક સંગઠન, સદ્ભાવ તથા ભક્તિનાં પ્રતીક બની શકે.

**(સૌજન્ય : સ્વામી સચ્ચિદાનંદકૃત 'ચાલો અભિગમ બદલીએ' પૃ. 156-157)**

# ધૂમકેતુઓ (Comets)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

નવેમ્બર 1680માં સૂર્ય તરફ જતો ધૂમકેતુ સવારના આકાશમાં દેખાયો, પણ ડિસેમ્બર 8, 1680ના રોજ દેખાતો બંધ થયો. ડિસેમ્બર 10, 1680ના રોજ સાંજના આકાશમાં ધૂમકેતુ સૂર્યથી દૂર જતો માર્ચ 1681 સુધી જોવા મળ્યો. પ્રશ્ન એ સમયે એ હતો કે આ બંને સમયે દેખાતા ધૂમકેતુઓ જુદા જુદા છે કે એક જ ધૂમકેતુ જુદા જુદા સમયે દેખાયો છે. આની ચર્ચા એ સમયે બરાબર ચાલેલી. તે સમયના ખગોળશાસ્ત્રી રૉયલ ફ્લેમસ્ટીડ (Royal Flamsteed) એક જ ધૂમકેતુ છે તેમ માનતા. તેઓ માનતા કે ધૂમકેતુ સૂર્યની નજીક પહોંચતા પહેલા આકૃતિ-1માં બતાવ્યા પ્રમાણે વળે છે. આથી એક જ ધૂમકેતુ છે. 1680-81નો ધૂમકેતુ ન્યૂટન માટે ખરો પડકાર હતો. તે સમયે ધૂમકેતુની ભ્રમણકક્ષાનો પણ બરાબર ખ્યાલ ન હતો. ઘણાબધા ખગોળશાસ્ત્રીઓ ધૂમકેતુના કારણે ખગોળશાસ્ત્ર ભણી આકર્ષાયા છે. તેમાં ન્યૂટન પણ આવે.






Figure 25.3. Newton's drawing of the 1680–1681 comet. *D* is the Sun, and *GH* is the intersection of the sphere containing the Earth's orbit with the plane of the comet's orbit. (From *The Principia*, trans. Andrew Motte [Amherst, NY: Prometheus Books, 1995].)

**આકૃતિ - 1**


સૂર્યમંડળ બન્યું પછી જે વધ્યું તેમાંથી ધૂમકેતુઓ બન્યા છે. ધૂમકેતુઓ પથ્થરો, બરફ અને ધૂળના બનેલાં છે. દરેક ધૂમકેતુનું હૃદય નક્કર ઠરેલું હાર્દ છે. જે ધૂમકેતુના ગર્ભ (Nucleus) તરીકે ઓળખાય છે. આ ગર્ભ ગોળો છે જેની ત્રિજ્યા અઢાર કિલોમીટરથી ઓછી છે. જ્યારે ધૂમકેતુ સૂર્યની નજીક આવે છે, ત્યારે ધૂમકેતુ ગરમ થવા માંડે છે અને આખરે બરફ પણ વરાળ થાય છે. આ વરાળ અને રજ ભેગાં થઈને ધૂમકેતુની દીવાલ તોડીને હાર્દમાંથી બહાર ધસી આવે છે, જ્યારે વરાળ અને રજ ભેગાં થઈને મોટું ધૂંધળું વાદળ ગર્ભની આસપાસ બનાવે છે. આ ગર્ભ (Neucleus) કોમા (Coma) તરીકે ઓળખાય છે.

જ્યારે રજ વરાળ ગર્ભમાંથી ધસીને આવતાં હોય ત્યારે સૂર્યમાંથી આવતો સૂર્યપ્રકાશ અને કણો વરાળ અને રજને ધક્કો મારે છે. જે ધૂમકેતુની પાછળ પ્રકાશિત પૂંછડી જેવું લાગે છે. આ પૂંછડીઓ લાખો કિલોમીટર લાંબી હોય છે.  આકૃતિ-2માં બતાવ્યું છે.





**આકૃતિ - 2**

જ્યારે ખગોળશાસ્ત્રીઓએ ખૂબ જ નજીકથી ધૂમકેતુઓનો અભ્યાસ કર્યો, ત્યારે તેમણે ધૂમકેતુની બે પૂંછડીઓ આકૃતિ-3માં બતાવ્યા પ્રમાણે જોઈ. એક રજોની બનેલી સફેદ છે, જે પહોળી છે અને ધીરે રહીને વાંકી વળે છે, જ્યારે બીજી પૂંછડી વાદળી રંગની છે અને જે વીજભારિત વાયુઓના અણુઓની બનેલી છે.



**આકૃતિ - 3**

ધૂમકેતુઓ સૂર્યમંડળમાં ઘણે દૂર મળે છે. આકૃતિ-4માં બતાવ્યા પ્રમાણે નેપ્ચુનની ભ્રમણકક્ષા પછી આવેલા પટ્ટામાં 200 વર્ષથી ઓછી આવર્તતાવાળા (periodi city) ધૂમકેતુઓ રહે છે. આ પટ્ટો ડચ ખગોળશાસ્ત્રી ગેરાર્ડ કુઈપીરે (KUiper) શોધેલો. આથી આને 'કુઈપીર પટ્ટો' તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે 200 વર્ષથી વધારે આવર્તવાળા ધૂમકેતુઓ કુઈપીરથી દૂર આવેલા ઊર્ટ વાદળમાં (oort) આવેલા છે. આ ઊર્ટ વાદળમાં લાંબા આવર્તવાળા ધૂમકેતુઓ છે. 250,000 વર્ષના આવર્તવાળા ધૂમકેતુઓ ઊર્ટ વાદળમાં છે.




**આકૃતિ - 4**

The Kuier Belt Beyond the orbits of the planets in our solar system.

The Oort Cloud is far beyond the kuiper belt. Credit NASA/JPL Caltech.

ધૂમ (ધુમાડો) + કેતુ (ધજા) : તેની ધજા ધુમાડાની છે. આને પૂંછડિયા તારા તરીકે પણ ઓળખવામાં આવે છે. શરૂઆતમાં ધૂમકેતુ તારા જેવો દેખાય છે. અમુક માસ પછી તેની પૂંછડી દેખાવવા માંડે છે. Comet જૂના અંગ્રેજી શબ્દ 'Cometa'માંથી આવ્યો છે. 'cometa' લૅટિન શબ્દ 'cometa or cometes'માંથી આવ્યો છે.

દર વર્ષે આશરે 10 નવા કે જૂના ધૂમકેતુઓને શોધાય છે. દૂરબીન શોધાયા પહેલાં 400 ધૂમકેતુ જાણીતા હતા. ઘણાબધા ધૂમકેતુઓમાંથી 2021 સુધીમાં 4,584 ધૂમકેતુઓ જાણીતા હતા. સામાન્ય રીતે શોધનારના નામથી ધૂમકેતુ ઓળખાય છે. આથી ધૂમકેતુઓ શોખીન અને ખગોળશાસ્ત્રીઓ ધૂમકેતુઓ શોધે છે. જૂના જમાનામાં કોઈ કોઈ વખત ઇનામ પણ અપાતાં. ડેનમાર્કના રાજા ફ્રેડરિક VI ઈ.સ. 1831થી 1847 સુધી ધૂમકેતુ શોધનારને સોનાનો ચંદ્રક અને શોધવાનું સર્ટિફિકેટ પણ આપતા. 1900 સુધી આ કામ વિયેના એકેડેમી ઑફ સાયન્સીસે ચાલુ રાખ્યું. 1880થી અમેરિકન એચ. એચ. વાર્નર શોધવા માટે $ 200 આપતા.

ભૂતકાળમાં ધૂમકેતુથી લોકો ડરતા હતા અને તેના દેખાવવાની સાથે એવું અણધાર્યું વિચિત્ર બનતું કે લોકો તેને અશુભ કામ સાથે જોડી દેતા. ધૂમકેતુને લાંબા વાળવાળો તારો ગણતા અને ન્યૂટન પહેલાં લોકો એમ માનતા કે ધૂમકેતુ તેને મન ફાવે ત્યારે દેખાય છે. ન્યૂટનના વિશ્વવ્યાપી ગુરુત્વાકર્ષણના નિયમથી ન્યૂટને ધૂમકેતુની ભ્રમણકક્ષા મેળવવાની રીત પ્રિન્સિપિયામાં આપી છે. હેલીએ 24 ધૂમકેતુની 24 ભ્રમણકક્ષાઓ સરખાવી. હકીકતમાં ગણેલી ભ્રમણકક્ષાઓમાં 1531, 1607 અને 1682માં દેખાયેલા ધૂમકેતુઓની ભ્રમણકક્ષાઓ સરખી હોઈને હેલીએ જણાવ્યું કે આ ધૂમકેતુ 1758 કે 1759 ફરીથી દેખાશે. યુરોપ અને ઇંગ્લેન્ડમાં આ ધૂમકેતુને શોધવાની હરીફાઈ ચાલેલી. આખરે આકાશદર્શનમાં રસ ધરાવનાર ખેડૂત જોહાન્ન જ્યૉર્ગ પાલિટઝે (Johann George Palitzrch) 1758ના નાતાલના દિવસે આ ધૂમકેતુને શોધી કાઢ્યો. હેલીના કામના કારણે આ ધૂમકેતુ, 'Halley's comet (હેલી ધૂમકેતુ)' તરીકે ઓળખાય છે.

**Principia**

And now we have described the system of the Sun, the Earth, Moon, and Planets, it remains that We add something about the comets.

Isac Newton

1713ની પ્રિન્સિપિયાની બીજા આવૃત્તિમાં ધૂમકેતુ માટે 43 પાનામાં સાત ઉપપ્રમેયો IV-X અને ત્રણ પ્રમેયો XL - XLII આપ્યાં છે.

પ્રિન્સિપિયા ધૂમકેતુના પ્રકરણમાં ઉપપ્રમેય 4થી શરૂ થાય છે. એરિસ્ટોટલે (Aristotle) જૂના જમાનામાં જણાવેલું કે ચંદ્રની ઉપરના સંપૂર્ણ સ્વર્ગમાં કશું જ બદલાતું નથી.

ઉપપ્રમેય 4 : That the comets are higher than Moon and in the Regions of the Planets

આ ઉપપ્રમેય 4 એરિસ્ટોટલની માન્યતા વિરુદ્ધ હોઈને, ન્યૂટને છ પાનામાં ચર્ચા કરી છે અને તેમાંથી

ઉપપ્રમેય 1 : Therfore the comets shine by the Sun's light, Which they reflect.

આથી ધૂમકેતુઓ સૂર્યના પ્રકાશથી પ્રકાશે છે અને આ પ્રકાશનું પરાવર્તન થાય છે.

પ્રમેય : XX That the comets move in some of the conic sections,. having their foci in the center of the Sun, and by radii drawn to the Sun describe area proprotional to the times.

પેલા ધૂમકેતુઓ કોઈ શંકુચ્છેદમાં ફરે છે જેની નાભિઓ સૂર્યના કેન્દ્રમાં છે અને સૂર્યમાંથી દોરેલી ત્રિજ્યાઓ સમયના પ્રમાણસર ક્ષેત્રફળો વર્ણવે છે.

પુસ્તક Iના પ્રમેય XIIIના ઉપપ્રમેય I તરીકે આ પ્રમેય છે.


ઉપપ્રમેય 1 : Hence if comets revolve in some orbits returning into themselves, the orbits will be ellipses, and their periodic times will be to the periodic times of the planets as the 3/2th power of their principial axes. And therfore the comets, which for the most part of their course are more remote than the planets, and upon that account describe orbits with greater axes, will require a longer time to finish their revolutions. Thus if the axis of comet's orbit was four times greater than the axis of the orbit of Saturn, the time of the revolution of the comet would be to the time of revolution of Saturen, that is to 30 years as $4\sqrt{4}$ (or 8) is to 1, and would therfore be 240 years.

$$T = a^{3/2} \quad T_e = (4a)^{3/2} = (4)^{3/2} a^{3/2} = \left(2^2\right)^{3/2} a^{3/2} = 8a^{3/2}$$

ઉપપ્રમેય 1 : આ કારણે જો ધૂમકેતુઓ ભ્રમણકક્ષામાં પરિક્રમણ કરીને પાછા ફરતા હોય તો તે ભ્રમણકક્ષાઓ ઉપવલયો બનશે અને તેમના આવર્તકાલો ઉપગ્રહોના આવર્તકાલોની જેમ મુખ્ય ધરીઓની લંબાઈના 3/2 ઘાત બનશે અને એટલા માટે ધૂમકેતુઓ જે મોટા ભાગે ગ્રહોથી વધારે દૂર છે અને આ કારણે ભ્રમણકક્ષાની મોટી ધરી દોરે છે, પરિભ્રમણ કરવા માટે વધારે સમય જોઈશે. જો ધૂમકેતુની ભ્રમણકક્ષાની ધરી શનિની ભ્રમણકક્ષાની ધરી કરતાં ચાર ઘણી મોટી હોય તો ધૂમકેતુના પરિભ્રમણનો સમય, શનિના પરિભ્રમણનો સમય 30 વર્ષનો હોઈને, જેમ $4\sqrt{4}$ પ્રતિ 1, અને આથી 240 વર્ષનો થશે.

ઉપપ્રમેય 2 : But their orbits will be so near to parabolas, that parabolas will be used for them wihout sensible error.

ઉપપ્રમેય 2 : પણ તેમની ભ્રમણકક્ષાઓ લગભગ પરવલયોના જેવી હોઈને, પરવલયોને ખાસ ભુલ વગર વાપરી શકાય.




**આકૃતિ - 5**

જુદી જુદી શંકુચ્છેદની ભ્રમણકક્ષાઓ સૂર્યના નજીક આકૃતિ-5માં દર્શાવી છે, જે સરખી (similar) જ છે. સૂર્ય નાભિ છે. આ કારણે ઉપવલયના બદલે પરવલય સરળતા માટે સૂર્યની નજીક વાપરીએ તો મોટી ભૂલ ન ગણાય. અત્યાર સુધીમાં અગત્યનું પગલું લેવાયું છે : ધૂમકેતુઓ ગ્રહો જેવા છે. પુસ્તક Iનું ગતિવિજ્ઞાન અને ગુરુત્વાકર્ષણ બળ આપણને ધૂમકેતુઓની ભ્રમણકક્ષાઓ મેળવી આપશે.

ઉપપ્રમેય 3 : And therfore (by Cor. VII, Prop. XVI, Book I,) the velocity of every comet will always be to the velocity of any planet, supposed to be revolved at the same distance in a circle about the Sun, nearly as the square root of double the distance of the planet from the center of the Sun to the distance of the comet from the Sun's center. Let us suppose the radius of the great orbit, or the greatest semidiameter of the ellipse which the Earth describes, to consist of 100000000 parts, and then the earth from the daily motion describes on aveage 1720212 parts $\frac{1720212}{24} = 71675\frac{1}{2}$ parts by its hourly motion.

K is called the Gaussion constant of gravitation and is defined as

$$K = \frac{2\pi}{sidereal\ year\left[1+\left(m_e + m_m / m_e\right)\right]}$$

$m_e$ mass of earth, $m_{d}$ - mass of moon $m_5$ - mass of the sun

sidereal year - 365.25636 mean solar days.

$$\frac{m_e}{m_5 + m_m} = 329100$$

$$\therefore K = \frac{2\ x\ 22}{6\ x\ 365.25636}\ x \left(1 + \frac{1}{328100}\right) = 0.017$$

And thus a comet at the same mean distance from the sun, with that velocity which shall be to the velocity of the earth as $\sqrt{2}$ to 1 describes in its daily motion 2 + 32747 $\left(1720212\, x \sqrt{2}\right)$ parts, & in the hourly motion $^{2432747}/_{24} = 101364\frac{1}{2}$ parts. But at greater or less distances both the daily and hourly motion will be to this daily and hourly motion as the square root of the distances, and is therfore given.

ઉપપ્રમેય 3 : અને આથી (ઉપપ્રમેય VII, પ્રમેય XVI, પુસ્તક Iથી) દરેક ધૂમકેતુની ગતિ કોઈ પણ ગ્રહ જે ધારો કે સૂર્યની આસપાસ સરખા અંતરે ફરે છે તેની ગતિ પ્રતિ બરાબર લગભગ ગ્રહના સૂર્યથી બમણા અંતરના વર્ગમૂળ, ધૂમકેતુના સૂર્યના અંતર પ્રતિ થશે.

ઉપપ્રમેય 4 : Therfore if the latus rectum of the parabola is four times the radius of the great orbit, and the square of that radius is supposed to consist of 100000000 parts, the area which the comet will daily describe by a radius drawn to the Sun will be 1216373 1/2 parts and the hourly area will be 50682 1/4 part. But, if the latus rectum is greater or less in any ratio, the daily and hourly area will be less or greater inversely as the Square root of that ratio.

ઉપપ્રમેય 4 : આથી જો પરવલયનો નાભિબંધ (latus rectum) મોટી ભ્રમણકક્ષાની ત્રિજ્યાથી ચાર ઘણો હોય અને ત્રિજ્યાના વર્ગમાં 100000000 ભાગો હોય, ધૂમકેતુથી સૂર્યને જોડતી રેખાઓ દોરતાં જે ક્ષેત્રફળ દિવસ દરમિયાન મળે તે 1216373 1/2 ભાગ હશે અને કલાકના ક્ષેત્રફળનો 50682 1/4 ભાગ હશે, પણ જો નાભિ લંબ વધારે અથવા ઓછો કોઈ પણ ગુણોત્તરમાં હોય, તો દિવસ દરમિયાનનું ક્ષેત્રફળ અને કલાકનું ક્ષેત્રફળ ગુણોત્તરના વર્ગમૂળના વ્યસ્ત પ્રમાણમાં વધારે કે ઓછું હશે.

આ લેખ નીચેનાં પુસ્તકોના અને ગૂગલ (Google) આધારે લખાયો છે :


1. Chandrasekhar S., Newton's Principia for the common Reader, Oxford Clarendon Press, 1995.
2. Cohen I., A guide to Newton's Principia, Berkeley, University of Califronia Press, 1991.



**– વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,

મુ.પો. શેરથા, તા.જી. ગાંધીનગર

મો. 94280 19042

# પોતાની જાતનું મૂલ્યાંકન

ડૉ. ચંદ્રકાન્ત મહેતા

એક ચિંતક પાસે જઈને એક વ્યક્તિએ પૂછ્યું : 'મારે બીજાનું મૂલ્યાંકન કરવું હોય તો શું કરવું ?'

વિચક્ષણ કહ્યું : 'તમે તમારી પોતાની પરીક્ષા કરી છે ખરી ?'

'આપણે આપણી જાતને તો ઓળખતા જ હોઈએ છીએ ને ! એને જાણવાનો પ્રયત્ન કરવાથી શો ફાયદો ?' ચિંતકે કહ્યું : 'આ જ મોટી તકલીફ છે ! માણસ એ ભ્રમમાં રાચે છે કે પોતે પોતાને જાણે છે, પરંતુ હકીકતમાં આપણે આત્મપ્રેમ અથવા આત્મમોહને કારણે જાતની મર્યાદાઓ પરત્વે આંખ આડા કાન કરીએ છીએ. માણસ બીજાને માપવા ટૂંકી ફૂટપટ્ટીનો ઉપયોગ કરે છે. જ્યારે પોતાની જાતને માપવા મોટામાં મોટા ગજનો. જાત પ્રત્યેનો અંધાપો એ ખતરનાક રોગ છે.'

માણસ પોતાની જાતને થાબડે છે અને ખુશામતખોરોએ આપેલા એકતરફી અભિપ્રાયથી ફુલાય છે. આચાર્ય રજનીશજીએ કહ્યું છે તેમ આપણે બીજાના રિમોટ કંટ્રોલનું રમકડું બનીએ છીએ. બીજો હસાવે તો હસીએ, બીજો રડાવે તો રડીએ, બીજો પ્રેમ કરે તો ગદ્‌ગદ થઈએ અને બીજા ચીડવે તો ક્રોધે ભરાઈએ. આમાં આપણું વ્યક્તિત્વ ક્યાં રહ્યું ? બીજા દ્વારા પરિચાલિત થવું એ આત્મસંયમનો પરાજય છે. જે માણસ પોતાની જાતને સાચી રીતે ઓળખે છે એ બીજા દ્વારા પરિચાલિત હોતો નથી ! સંસારને ન જાણે તે અજ્ઞાની નહીં, પણ 'સ્વ'ને ન ઓળખે તે અજ્ઞાની.

સ્વામી રામતીર્થે પોતાની જાતને નહીં ઓળખનાર વિશે કહ્યું છે –

**"ખંજર કી ક્યા મજાલ કિ એક જખ્મ કર સકે,**
**તેરા હી ખ્યાલ હૈ કિ ઘાયલ હુઆ હૈ તૂ"**

માણસ અહંકારને લીધે પોતાની જાતનું મૂલ્યાંકન કરી શકતો નથી. ઘણી વાર ખોટો આત્મવિશ્વાસ જ માણસને પરાજિત કરે છે. ગાંધીજીએ દૃષ્ટાંત સહિત છે કે આત્મવિશ્વાસ રાવણને હતો તેવો ન હોવો જોઈએ, જે માનતો હતો કે મારી બરાબરીનું કોઈ છે જ નહીં. આત્મવિશ્વાસ હોવો જોઈએ, વિભીષણ કે પ્રહ્‌લાદ જેવો. તેમના હૃદયમાં એવી ભાવના હતી કે અમે નિર્બલ હોવા છતાં ઈશ્વર અમારી સાથે છે એટલે અમારી શક્તિ અનંત છે.

ચાર્લ્સ લેમ્બે એક સરસ વાત કરી છે : 'લોકોને હું ગમું, એ મને કેટલું બધું ગમે છે, પણ લોકોને હું ચાહું એ માટે હું શું કરું છું ?'

માણસનો કમજોર આત્મવિશ્વાસ એની અંદર રહેલી મહાન શક્તિઓને બહાર આવવા દેતો નથી. એટલે આત્મશક્તિને નહીં ઓળખનાર પોતાને નિર્બળ માને છે અને કશુંક વિપરીત બને ત્યારે પલાયનવાદી બને છે. એવા સંજોગોમાં રેનહોલ્ડ નેબરની કવિતાની પંક્તિઓ એને જીવનસંઘર્ષમાં ઝઝૂમતા રહેવાનું બળ પ્રદાન કરે છે :

**"ઈશ્વરને પ્રાર્થના કરો કે**
**જે બદલાઈ શકાય તેવું છે, તેને બદલવાની**
**મને શક્તિ આપ,**
**અને જે બદલાઈ શકે તેવું નથી તેને**
**સ્વીકારવાની મને શક્તિ આપ !"**

મિલ્ટને એટલે જ કહ્યું હતું કે મસ્તિષ્ક પોતાની જગ્યાએ એક જ છે, બે નહીં, તે પોતાની અંદર જ સ્વર્ગને નર્ક અને નર્કને સ્વર્ગ બનાવી શકે છે. માણસ જો પોતાની કુંઠિત વિચારધારાનો શિકાર ન બને તો તે હારતો નથી, એટલું જ નહીં કોઈ તેને હરાવી શકતું નથી.

'ઊઠો, જાગો, જીતો'ના લેખક જયંતી જૈને આત્મમૂલ્યાંકનને સફળતા પ્રાપ્તિ માટે અનિવાર્ય માન્યું છે. પોતાની જાતને જાણવી એટલે પોતાની મર્યાદાઓ અને વિશેષતાઓનો તાગ મેળવવો. શ્રી જૈને વ્યક્તિના પોતાના મૂલ્યાંકન વિશે બુનિયાદી પ્રશ્નોની યાદી આપી છે. એ પ્રશ્નોના પોતાની સમજને આધારે જવાબ આપો અને ડાયરીના એક-એક પૃષ્ઠ પર પ્રશ્ન લખી

દરરોજ તેના જવાબ નોંધતા રહો. પ્રત્યેક પ્રશ્ન પર ઈમાનદારી અને ભરોસાપૂર્ણ રીતે ધ્યાન આપો, એ પ્રશ્નો તમારી સફળતાનો માર્ગ ખોલી આપશે :

આત્મમૂલ્યાંકન એટલે તમે જ પ્રાશ્નિક અને તમે જ પરીક્ષક.

* **આત્મમૂલ્યાંકન માટેના પ્રશ્નો :**
* શું હું બોર (કંટાળેલ) હોવાની ફરિયાદ કરું છું ? જો 'હા' હોય તો તેનું કારણ શું ?
* હું ક્યાં ઊભો છું અને શા માટે ? એને માટે જવાબદાર કોણ ?
* મારું લક્ષ્ય સિદ્ધ કરવા માટે મારે શું કરવું જોઈએ ?
* મારી પોતાની ખાસિયતો અને નબળાઈઓ શી છે ?
* મને હરાવનારી ટેવોને હું કેમ સહન કરી રહ્યો છું ?
* હું મારા નકારાત્મક વિચાર, નકારાત્મક કાર્યો અને નકારાત્મક પ્રતિક્રિયાઓને કેવી રીતે દૂર કરી શકું છું ?
* શું હું મારા આરોગ્ય પર ધ્યાન આપું છું ?
* હું મારું મન વારંવાર શા માટે બદલ્યા કરું છું ?
* તમે 24 કલાકમાં કેટલા કલાક નીચે દર્શાવેલાં કામો માટે ફાળવો છો ?
* પોતાની નોકરી, વ્યવસાય, અધ્યયન વગેરે માટે
* ઊંઘ માટે
* રમત અને આરામ માટે
* ફાયદાલક્ષી જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે
* કેટલા કલાક બેકાર વેડફો છો ?
* તમારા પરિચિતોમાં કોણ તમને નીચે દર્શાવેલી બાબતોમાં મદદ કરે છે ?
* ઉત્સાહિત થવામાં
* સાવધાન થવામાં
* હતોત્સાહી બનવામાં.
* હું મારા પરિવાર, મિત્રો અને સંબંધીઓ તરફથી વધુ સહાયતા પ્રાપ્ત કરવા માટે શું કરું ?
* જે સફળતા મળેલી છે, તેના કરતાં વધુ સફળતા પ્રાપ્ત કરવા માટે હું શું કરું ?
* હું મારી જાતની સંભાળ કેવી રીતે રાખું ?
* મારા કાલ્પનિક ભયનો સામનો કેવી રીતે કરું ? એ ભયને હું ટાળું છું, એનાથી બચવાની કોશિશ કરું છું કે તેનો સામનો કરું છું ?
* મારી પૂર્વ સફળતાઓમાંથી શું શીખ્યો ? વધુ કેવી રીતે શીખું અને તેનો લાભ પ્રાપ્ત કરું ?
* શું તમને લાગે છે કે તમે મુખ્ય ઉદ્દેશને ભૂલીને પોતાનો સમય ટી.વી. જોવામાં, ગપસપ કરવામાં અને નકામી વસ્તુઓ વાંચવામાં બરબાદ કરો છો ?
* મારા ક્રોધ માટે કોણ જવાબદાર છે, અને તેનો સામનો હું કેવી રીતે કરી રહ્યો છું ?
* શું હું ખરાબ પરિસ્થિતિમાં મારી મનઃસ્થિતિને જોઈ શકું છું ? ત્યારે તેનાથી બચવાનો પ્રયત્ન કરું છું કે તેનો સામનો કરું છું ?
* શું હું બીજાઓને મંજૂર રાખું છું ?
* શું હું પડકાર અને સમસ્યા વચ્ચેનો ભેદ પારખી શકું છું ? અને પડકારમાં બદલાતી જોઈ શકું છું ?
* શું મારા દ્વારા થનારાં કામની પાછળની પ્રેરણાને સમજી શકું છું ? અને તેના પ્રભાવને જાણી શકું છું ?
* હું મારી જાતને હંમેશાં સાચા ઠેરવવાની કોશિશ કેમ કરું છું ?
* મને ઉપર દર્શાવેલા પ્રશ્નોના જવાબ આપવામાં કેટલો સમય લાગ્યો ?

ઓછામાં ઓછો એક દિવસ આ પ્રશ્નોને તપાસવામાં અને ઉત્તર આપવામાં ફાળવવો જોઈએ.

**પોતાની જાતના મૂલ્યાંકન માટે ધ્યાનમાં રાખવા જેવા સાત મુદ્દા કયા?**

**(1) તમારા પોતાના મૂલ્યાંકન માટે અતિ ઉદાર દૃષ્ટિકોણ રાખશો નહીં.**

**(2) કોઈની પ્રશંસાથી ફુલાતા નહીં કે નિંદાથી વિચલિત થશો નહીં.**

**(3) પ્રશંસા કે નિંદામાંથી સત્ય તારવશો અને આત્મદર્શન કરશો.**

**(4) ગમે તેવા વિપરીત સંજોગોમાં તમારી જાતને પરાજિત કે તિરસ્કૃત માનશો નહીં. આત્મવિશ્વાસ અડગ રાખજો.**

**(5) પડકારો આવે ત્યારે તેમનો સામનો કરવા વધુ મજબૂત બનજો.**

**(6) પ્રત્યેક અંધકારની એક સવાર હોય છે એમ માની શ્રદ્ધાનો દીપક પ્રજ્વલિત રાખજો.**

**(7) વ્યર્થ બાબતો અને કાર્યોથી મુક્ત રહી સકારાત્મકતા અપનાવી ધ્યેયનિષ્ઠ બનો.**

(સૌજન્ય : લેખકકૃત 'વિજયનો ઍરોબ્રિજ' પૃ. 28-31)

# ગ્રંથસૌરભ

## મણિભાઈ પ્રજાપતિ

**વિજયનો ઍરોબ્રિજ (નવી જનરેશન માટે પ્રેરક ચિંતન પાથેય) / ડૉ. ચંદ્રકાન્ત મહેતા,** અમદાવાદઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, 2023. 12+172 પૃ. કિં. 250. ISBN: 978-81-19174-30-0.

પ્રસ્તુત ગ્રંથના સર્જક પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ ગુજરાતી હિન્દી અને અંગ્રેજી ભાષાઓમાં વિવિધ વિષયો અને સ્વરૂપોમાં સાહિત્યનાં વિવિધ સ્વરૂપો, જેમ કે, નિબંધ, એકાંકી, કવિતા, વાર્તા, ચરિત્ર, સમીક્ષા, જીવનઘડતર, બાળસાહિત્ય, પત્રકારત્વ વગેરેનાં 180થી અધિક સત્ત્વશીલ ગ્રંથોનું સર્જન કર્યું છે અને આ પૈકી ખાસ તો 'લોકહિત પ્રહરી' તરીકે પત્રકારિત્વને 'શબ્દવંદના, સમાજવંદના અને લોકવંદના' તરીકે દિલથી આત્મસાત્ કરીને 'સંદેશ'માં 1973થી 1975 અને ત્યાર બાદ 1976થી 'ગુજરાત સમાચાર'માં 'ગૂફ્તેગો', 'એક જ દે ચિનગારી' અને 'કેમ છે દોસ્ત' શીર્ષકો હેઠળ પ્રકાશિત થતી ત્રણ-ત્રણ કૉલમોના આધારે 'જીવનઘડતર', 'ચિંતન', 'સમાજચિંતન', 'યુવાસાહિત્ય', 'નિબંધો' વગેરે વિષયો હેઠળનાં અંદાજિત શતાધિક પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. આ બધાં પુસ્તકોની રચના પાછળ લેખકનો હેતુ માંગલ્યપથદર્શનનો રહ્યો છે. આ પ્રકારના સાહિત્ય થકી સ્વસ્થ અને સમરસ વ્યક્તિ-સમાજ-રાષ્ટ્ર અને અંતતઃ વિશ્વબંધુત્વની ભાવનાના ઘડતરનો રહ્યો છે. તેઓશ્રી ખરા અર્થમાં ભારતીય સંસ્કૃતિથી અનુપ્રાણિત એવા વિશ્વમાનવ સંસ્કૃતિના ઉપાસક અને ઉદ્ગાતા છે, જેની સહજમાં પ્રતીતિ પ્રસ્તુત વિષયક કોઈ પણ પુસ્તકનાં વાંચનથી થાય છે.

સમીક્ષિત પુસ્તક **'વિજયનો ઍરોબ્રિજ'**નું શીર્ષક જ પ્રથમ દૃષ્ટિએ તેના પસંદગીકાર/વાચકને તેના વિષયનો નિર્દેશ કરવાની સાથે તેમાં ડોકિયું કરવા બાધ્ય કરે છે અને આમેય માનવમનમાં કંઈક મેળવવાની / પ્રાપ્ત કરવાની અને વિજયી થવાની ઝંખના તેની પ્રકૃતિ સાથે વણાઈ ગયેલી હોય છે. તેથી હરકોઈ સુજ્ઞ વાચકને અને ખાસ તો યુવાઓ કે જે કંઈક સિદ્ધ કરવા ઇચ્છે કે તેમને 'વિજય' શબ્દ ધ્યાનાકર્ષક બની રહે તે સ્વાભાવિક છે. અને ખાસ તો આજે આપણે ભૂલી જઈએ છીએ કે માનવજીવનમાં ઉતાર-ચઢાવ શાશ્વત છે. મહાકવિ વેદવ્યાસ, ભાસ, જગન્નાથ વગેરેએ જીવનને 'ચક્રવત્' ગણાવ્યું છે. જગન્નિયંતાને અવગણીને ભટકીએ છીએ ત્યારે આપણા આર્ષગ્રંથો અને પ્રશિષ્ટગ્રંથોનું દોહન કરીને સ્વકીય પ્રજ્ઞા થકી તૈયાર કરવામાં આવેલાં આ પ્રકારનાં ચિંતનગર્ભ પુસ્તકો કલ્યાણપથ અપનાવવા ઉપકારક બની રહે છે. જેમ વિમાનમાં પ્રવેશ માટે સીડી કે ઍરોબ્રિજ આવશ્યક છે, તેમ માનવમાત્રને અને સવિશેષતઃ યુવાનોને નિર્ધારિત લક્ષ્યની પ્રાપ્તિ માટે કે લક્ષ્ય વિહોણાઓને લક્ષ્ય નિર્ધારિત કર્યા બાદ સંભવિત અવરોધોનો સામનો કરીને સફળતા મેળવવા માટે સુયોગ્ય દિશાનિર્દેશ / માર્ગદર્શન જરૂરી બની રહે છે. અહીં ક્રાંતદર્શી લેખકે માનવનાં અનેકવિધ દૃષ્ટિએ અનેકવિધ સ્વરૂપો, જેમ કે બાળક, યુવાન, પ્રૌઢ, વિદ્યાર્થી, શિક્ષક, ધર્મગુરુ, સંતાન, માતા-પિતા, પતિ-પત્ની, ભાઈ-બહેન, સંસારી, નોકરિયાત, શેઠ, ગુણી-અવગુણી વગેરેને જીવનવ્યવહારમાં એક યા બીજા સ્વરૂપે સામનો કરવી પડતી અનેકાનેક સમસ્યાઓ, જેમ કે, સ્વાસ્થ્ય, વફાદારી, પાપવૃત્તિ, આત્મઘડતર, આત્મમૂલ્યાંકન, યૌવન, કાર્યસિદ્ધિ, વિકટ પરિસ્થિતિ, દેવદર્શન અને માનસિકતા, ગૃહસ્થજીવન, ક્રોધ, પાપવૃત્તિ, માણસાઈ, સંતાન વગેરેના સુચારુ ઉકેલ માટે વાસ્તવના ધરાતલ ઉપર પ્રતીતિકારક અનુભવાય તેવી ઘટનાઓની 44 સુચિંતનીય નિબંધોમાં ગૂંથણી કરીને જે-તે પરિસ્થિતિમાંથી બહાર નીકળીને વિજયી થવા માટે સ-રસ સમજાવ્યા બાદ જે તે નિબંધના અંતમાં વ્યવહારમાં મૂકી શકાય તેવાં સારરૂપ સુપથ્યકારક સુસંગત સોનેરીસૂત્રો સમાન પાંચ-સાત ઉપાયો સૂચવ્યા છે. આ ઉપાયોમાં સર્જકના અનુભવોનું મૌલિક ચિંતન

દૃષ્ટવ્ય બની રહે છે.

આ સાથે જ નોંધવું રહ્યું કે પ્રસ્તુત ગ્રંથની ઉપયોગિતા માત્ર યુવાઓ સુધી સીમિત ન રહેતાં કોઈ પણ વય કે સ્તરના વાચકને ખપમાં આવે તેવું છે. અહીં વેદ વચન **'मनुर्भव'** (તું માનવ થા)ને સાકાર કરવા માટે એટલે કે માનવતાનું વાવેતર કરીને સ્વસ્થ અને સમરસતાપૂર્ણ સમાજઘડતર કરવાની ગુરુચાવીઓનો ખજાનો સુલભ કરી આપ્યો છે અહીં નાગરિકધર્મ વગેરેનું માહાત્મ્ય સમજાવવા ઉપરાંત રાષ્ટ્રની અને વિશ્વની સમસ્યાઓ, માનવીય મર્યાદાઓ, યુનિવર્સિટીએ કરવા જેવાં કાર્યો વગેરેનો યત્ર-તત્ર નિર્દેશ જોવા મળે છે.

કહેવાયું છે કે, 'જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ' કે, **'अपारे काव्यसंसारे कविरेकः प्रजापतिः'** એ ન્યાયે આપણા આ સર્જકે અને તે પણ voracious વાચક, પ્રબુદ્ધચિંતક અને અભિનવગુપ્તને અભિપ્રેત એવા **'प्रतिभा अपूर्ववस्तुनिर्माणक्षमा प्रज्ञा'** પ્રતિભાપુરુષે માનવમનના ઊંડાણનો તાગ મેળવીને પોતાના ઉદ્દેશની પૂર્તિ અર્થે કરેલ પ્રસ્તુતિમાં ક્યાંય સીધો ઉપદેશ/શીખ કે ઉપાલંભ શોધે પણ ન જડે. વાચક કોઈની વચ્ચેના પ્રભાવક સંવાદો સાંભળી રહ્યો હોય કે પોતાની જાત સાથે સંવાદ કરી રહ્યો હોય તેવા પ્રવાહી ભાષા-શૈલીમાં પ્રેરક સંવાદોની રચના ધ્યાનાર્હ બની રહે છે. આ સંવાદોને વધુ પ્રભાવક બનાવવા હેતુ પ્રસંગોપાત્ત લોકોક્તિઓની ગૂંથણી તેમજ ભારત અને વિશ્વના અન્ય દેશોના પ્રબુદ્ધ ચિંતકો, સારસ્વતો, સર્જકો, ભક્તકવિઓ, સંતો, ન્યાયવિદો, રાજકીય પ્રતિભાઓ વગેરે જેમ કે શ્રીમદ્ રાજચંદ્ર, બુદ્ધ, સ્વામી રામતીર્થ, રવીન્દ્રનાથ ટાગોર, મૈથિલીશરણ ગુપ્ત, મિલ્ટન, શેક્સપિયર, બાયરન, સિકંદર, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાત્મા ગાંધી, નેપોલિયન, લાઓત્સે, વગેરે 60થી અધિકનાં જીવનની પ્રેરક ઘટનાઓ કે તેમનાં વચનામૃતો કે આપણા આર્ષગ્રંથો / પ્રશિષ્ટગ્રંથોનાં વચનો ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે, જે વાચકના હૃદય સોંસરવાં ઊતરી જાય તેવાં છે. આ સાથે જ પ્રસંગોપાત્ત કેટલાંક ઉત્તમ પુસ્તકોનો નિર્દેશ કરવામાં આવ્યો છે, જેમ કે, ઍન્થની ડી. મેલોકૃત 'ધી સોંગ ઑફ બર્ડ' (પૃ. 53), જેક કેનફીલ્ડ અને માર્ક વિક્ટર હેન્સકૃત 'લાગણીઓનો સંવાદ' (અનુવાદિત શીર્ષક) (પૃ.85) વગેરે બહુવિધ દૃષ્ટિએ ઉપકારક બની રહે છે.

પ્રસ્તુત પુસ્તક સુચિંતનીય સૂક્તિઓની ખાણ છે, જેમાં લેખકની ચિંતનપ્રતિભાનાં દર્શન થાય છે. આ પૈકી કેટલાંક આ રહી:

- જે સમાજમાં સ્વાશ્રયીઓ ઘટે છે અને પરાવલંબીઓ વધે છે એ સમાજનું નૈતિક પતન થાય છે. (5)
- જિજ્ઞાસાની ધારા સતેજ ન રાખે તેને વિદ્યાર્થી કહેવાય પણ શી રીતે ? બુદ્ધિ કેળવાય પણ મન અને આત્મા ન કેળવાય તો એને કેળવણી કઈ રીતે કહી શકાય. (7)
- સાધનોના અભાવમાં રોદણાં રડે તે પ્રતિભાહીન, ટાંચાં સાધનોને સફળતાનું સાધન બનાવે તે પ્રયોગવીર. (23)
- જીવનનો સાચો મંત્ર વિવાદ નહી, સંવાદ છે, હરીફાઈ નહીં સામંજસ્ય છે. (37)
- પ્રેરણા લેવા માટે ધર્મસ્થાનો, ધર્મગુરુઓ, તીર્થસ્થાનો વગેરે ઠેકાણે જવાનું જરૂરી નથી. પ્રત્યેક અનુભવ જ આપણો ગુરુ છે. (46)
- 'થેન્ક યૂ' શબ્દ હોઠેથી સરે છે એને બદલે હૈયામાંથી નીકળતો હોત તો ઉપકારક સાર્થક થઈ જાત (77)
- ગૃહસ્થાશ્રમ એ દોષદર્શનનું સ્થાન નથી, પણ સ્વજનોના ઋણદર્શનનું સ્થાન છે. (104)
- 'માણસ આત્મદર્શન કરી શક્તો નથી, એટલે પોતાનું સાચું મૂલ્યાંકન કરી શકતો નથી' (151)
- 'રાવણ મરતો નથી, કારણ કે માણસમાં રહેલું રાવણત્વ રાવણ જેવાં સુખોને જતાં કરવા માગતું નથી' (154)

કહેવાય છે કે 'દુનિયામાં એવી કોઈ વ્યક્તિ નથી, જેને સમસ્યા ન હોય. દુનિયામાં એવી કોઈ સમસ્યા નથી. જેનું સમાધાન ન હોય' આ બાબતને કેન્દ્રમાં રાખીને પ્રસ્તુત પુસ્તક કોઈ વય કે લિંગ કે વ્યવસાયી માટે નહીં, પરંતુ આબાલવૃદ્ધ સૌ કોઈ માટે – સંન્યાસી કે સંસારી – જીવન જીવવાનો રાહ ચીંધતું હોઈ, માનવજીવનને ઊર્ધ્વગામી બનાવવા માટે 'ઍરોબ્રિજ' સમાન હોઈ કોઈ પણ ગ્રંથાલય માટે મૂલ્યવર્ધિત ઉમેરણ બની રહેશે.

**- મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આયુર્વેદ દિવસ

▪ બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ મોડેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદ સાયન્સ, કોલવડા ખાતે આયોજિત આયુર્વેદ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. આ ઉજવણી માટે ગુજકોસ્ટના એડવાઇઝર અને સભ્ય સચિવ ડૉ. નરોત્તમ સાહુ અને વૈદ્ય પ્રો. હર્ષિત શાહનો સહયોગ મળ્યો હતો. આચાર્યશ્રી ડૉ. રમાકાન્ત પૃષ્ટિ દ્વારા સમગ્ર કાર્યક્રમના અમલીકરણ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શરીરની જરૂરિયાત મુજબ સારવાર અને ઋતુચક મુજબના આહાર બાબતે ત્રણ તજજ્ઞ વક્તાઓ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને મેડિકલ કૉલેજ કૅમ્પસ અને આયુર્વેદ વનસ્પતિ ઉદ્યાનની મુલાકાત કરાવવામાં આવી હતી.

### કાર્યશિબિર

▪ એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન અને સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં તા. 16-10-23ના રોજ Vedic Maths વિષય પર કાર્યશિબિરનું આયોજન કરવામાં આવતાં વૈદિક ગણિતના નિષ્ણાત શ્રી યોગેશ પ્રજાપતિએ સેવા આપી હતી. જેમાં તાલીમાર્થીઓને વર્ગ, વર્ગમૂળ, ગણિતની જાદુઈ રમતો, ઝડપથી ઘડિયા કેવી રીતે યાદ રાખવા વગેરે ગણિતની નાની નાની જાદુઈ રીતો શીખવવામાં આવી હતી.

### કાવ્ય લેખનસ્પર્ધા

▪ કડી સર્વ વિશ્વવિદ્યાલયના વુમન ડેવલપમૅન્ટ સેલ દ્વારા કાવ્યસર્જન શક્તિમાં વિકાસ આપવા માટે કાવ્યસર્જન સ્પર્ધા તથા સૂત્રલેખન સ્પર્ધાનું આયોજન તા. 11 ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ કૉલેજોના 50 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સૂત્ર લેખન માટે 'દીકરી બે કુટુંબો તારે' અને કાવ્યલેખન માટે 'સ્ત્રી એટલે સર્જન હાર' વિષય નિયત કરવામાં આવ્યો હતો. વિજેતા વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

### પરિસંવાદ

▪ એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન અને સૂરજબા કૉલેજ ઑફ એજયુકેશનના સંયુક્ત ઉપક્રમે Education in Context of NEP-2020 વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન (IITE)ના કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ ડૉ. મણિભાઈ પટેલ અને ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન ડૉ. વીણાબેન પટેલ હાજર રહ્યાં હતાં. પરિસંવાદના બીજરૂપ વ્યાખ્યાનના વક્તા તરીકે ડૉ. જયેન્દ્રસિંહ જાદવ (મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) અને વિષય નિષ્ણાત તરીકે મેઘરજ સરકારી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. સાગર દવે, જનાર્દન નાગર રાજસ્થાન વિદ્યાપીઠના શિક્ષણ વિભાગનાં ડીન ડૉ. સરોજ ગર્ગ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સેમિનારમાં 141 અધ્યાપકો અને સંશોધકો સહભાગી થયાં હતાં. જેમાં 13 થીમ ઉપર કુલ 92 સંશોધન પેપરો રજૂ કરવામાં આવ્યાં હતાં.

### મેરી મિટ્ટી, મેરા દેશ

▪ બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશન, ગાંધીનગરના NSSના સ્વયંસેવકો સહિત 137 વિદ્યાર્થીઓ 'મેરી મિટ્ટી, મેરા દેશ' કાર્યક્રમમાં જોડાયા હતા. આચાર્ય શ્રી ડૉ. રમાકાન્ત પૃષ્ટિએ કાર્યક્રમનું મહત્ત્વ સમજાવ્યા બાદ યાત્રાની

શરૂઆત કરાવડાવી હતી. પ્રો. અંજલિ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને આજની યાત્રાનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. કળશના વિધિવત પૂજન બાદ માટીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. યાત્રામાં સમાજ જાગૃતિના વિવિધ પોસ્ટર આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. સ્વયંસેવકો દ્વારા રાષ્ટ્રભક્તિના અને સમાજજાગૃતિ વિશેનાં સૂત્રોચ્ચાર કરી વાતાવરણને ઉત્સાહભર બનાવી દીધું હતું. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ કૉલેજ પરિવાર પાસેથી માટી એકત્રિત કરી હતી. બાદમાં શ્રી અરવિંદ કેન્દ્ર ખાતેથી પણ માટી એકઠી કરવામાં આવી હતી અને રાષ્ટ્રીય એકતા માટે દેશના જવાનો, કિસાનો અને નાગરિકોના યોગદાનને દેશની માટી માટે કરેલ કાર્ય તરીકે યાદ કરવામાં આવ્યાં હતાં.

## રાષ્ટ્રીય સેવાયોજના

▪ 'રાષ્ટ્રીય એકતા શિબિર-2023'નું કલ્યાણી યુનિવર્સિટી, નાદિયા, પશ્ચિમ બંગાળના યજમાનપદે તા. 29 નવેમ્બરથી 5 ડિસેમ્બર, 2023 દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. જેનો થીમ 'યુવા ભારત, વિકસિત ભારત, સશક્ત ભારત' હતો. જેમાં ભારતના 16 રાજ્યોના NSSના સ્વયંસેવકો અને પશ્ચિમ બંગાળની સાત યુનિવર્સિટીઓના સ્વયંસેવકો મળી 230થી વધુ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. આ શિબિરમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના NSSના 10 સ્વયંસેવકોએ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરી સમગ્ર ભારતમાં બીજું સ્થાન મેળવ્યું હતું. આ શિબિરમાં યોગ, ધ્યાન, એરોબિક્સ, રંગોળી, સૂત્રલેખન, વક્તૃત્વ, પોસ્ટર પેઈન્ટિંગ વગેરે સ્પર્ધાઓ તેમજ રેલી, શૈક્ષણિકસત્ર, સાંસ્કૃતિક વિનિમય વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. રંગોળી સ્પર્ધામાં ક્રિષા પટેલ અને આર્ય પટેલે તૃતીય સ્થાન અને સૂત્ર લેખનમાં મોટુભા સોલંકી અને જગદીશ રાઠોડે તૃતીય સ્થાન મેળવ્યું હતું. દરેક સ્પર્ધામાં એન.એસ.એસ.ના સ્વયંસેવકોના ઉત્કૃષ્ટ દેખાવથી બેસ્ટ ટીમ તરીકે બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ શિબિરના નેતા તરીકે આસિસ્ટન્ટ પ્રોફેસર અંજલિ પટેલની પસંદગી કરવામાં આવી હતી, તેમજ શ્રેષ્ઠ કાર્યક્રમ અધિકારી તરીકે તેમને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## વ્યાખ્યાન

▪ એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજમાં ICT Applications of Education 4.0 Classrom વિશે ખાસસત્રનું આયોજન તા. 20 ઑક્ટોબરના રોજ કરવામાં આવતાં. ડૉ. વિજયાલક્ષ્મીએ શિક્ષણનાં અંગભૂત ઘટકો, ક્ષમતા, શિક્ષણ પદ્ધતિ, શિક્ષણનું માળખું વગેરે વિશે વિગતે સમજાવ્યું હતું.

## સર્વ નેતૃત્ત્વ

▪ 80 મી સર્વ નેતૃત્વ તાલીમ શિબિરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા 2017માં 'નારી શકિત એવોર્ડ'થી સન્માનિત 'વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) નાં સ્થાપક મિત્તલબેન પટેલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે પોતાના જીવનની સંઘર્ષગાથાની સાથે તેમની સંસ્થા દ્વારા કરવામાં આવતી સેવાકીય અને માનવકલ્યાણની પ્રવૃત્તિઓ વિશે વાત કરીને સમાજના જરૂરતમંદ લોકોને મદદ માટે યુવાનોને આગળ આવી નક્કર પગલાં ભરવા આહ્વાન કર્યું હતું. તેમની ટીમ દ્વારા વિચરતી જાતિને સમાન હક મળે, આધાર, ઓળખ અને રહેવા માટે ઘર, સ્વાવલબંન કાર્યક્રમ અંતર્ગત ધંધા રોજગાર માટે વગર વ્યાજની લોન મળે તે માટે પ્રયાસ કરાઈ રહ્યો છે તેની માહિતી આપી હતી.

▪ સર્વ નેતૃત્વના તાલીમાર્થીઓ માટે 'સ્વ-સંચાલનથી સ્વ-વિકાસ' વિષય ઉપર આકલનસત્રનું આયોજન તા. 12 ઑક્ટોબર, 2023ના રોજ બ્રહ્માણી કૃપા હૉલ, સેક્ટર-23 ખાતે યોજાયું, જેમાં સર્વ વિદ્યાલયની વિવિધ કૉલેજોમાંથી 150થી વધારે યુવાનો જોડાયા હતા. વક્તા તરીકે એડવાઇસ ઍન્ડ અસિસ્ટ સંસ્થાના ડાયરેક્ટર શ્રી પરેશ ભટ્ટે સ્વવિકાસના પાઠ શીખવ્યા હતા. તેમણે સ્વં-સંચાલન માટે 4D'sની ફૉર્મ્યુલા ઇચ્છાશક્તિ (Desire), શિસ્ત (Discipline), સમર્પણભાવ (Dedication) અને નિયતિ (Destiny) વિશે સમજણ આપી હતી. કાર્યક્રમના અંતે જે યુવાનો દ્વારા સમાજોપયોગી વિવિધ પ્રવૃત્તિઓ અને સર્વ નેતૃત્વની તાલીમ શિબિરમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી હોય તેવા તમામને સર્ટિફિકેટ અને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત 'સર્વ નેતૃત્વ'

દ્વારા રોડ સલામતી વિશે અમિત ખત્રીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

▪ સર્વ નેતૃત્વની ટીમ દ્વારા છેલ્લાં કેટલાંય વર્ષોથી સંસ્થાના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ સાહેબની પ્રેરણાથી દર વર્ષે દિવાળી ભેટ પ્રાપ્તિ યોજનાનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે મંડળ સંચાલિત તમામા શાળા, કૉલેજો અને યુનિવર્સિટીમાં ચાલતા નેતૃત્વ ટીમ, NCC, NSS અને લક્ષ્ય સેલના સ્વયંસેવકો દ્વારા દીપાવલીના પાવન પર્વે ગાંધીનગર કૅમ્પસની શાળા/કૉલેજો અને હોસ્ટેલોના વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ દ્વારા પહેરવાલાયક કપડાં, રમકડાં, મીઠાઈ, પુસ્તકો, સ્ટેશનરીની વસ્તુઓ એકત્રિત કરી જરૂરતમંદ ગરીબો, શ્રમજીવીઓ, ઝૂંપડપટ્ટીમાં રહેતાં બાળકોને વિતરણ કરી તેમના જીવનમાં ખુશીઓ વહેંચવાનો અને દિવાળી નિમિત્તે તેમના જીવનમાં આનંદનો દીપ પ્રગટાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### સર્વ નેતૃત્વ-81

▪ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા 81મી સર્વ નેતૃત્વ નિવાસી તાલીમ શિબિરનું આયોજન તા. 4થી 8 ડિસેમ્બર દરમિયાન કરવામાં આવતાં વિશ્વવિદ્યાલયની 15 કૉલેજોમાંથી 70 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય પ્રશિક્ષક તરીકે દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેન તેરૈયાએ રમતો, ટૂંકી ફિલ્મ, સમૂહકાર્ય અને નિયત પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વના વિવિધ પાસાંઓને સાંકળી લઈને તાલીમ આપી હતી. તેમને તાલીમાર્થીઓને આત્મનિરીક્ષણ કરી સ્વમૂલ્યાંકન દ્વારા પોતાની શક્તિને ઓળખી તેનો યોગ્ય ઉપયોગ કરતાં શીખવ્યું હતું. વધુમાં જીવનમાં મા-બાપનું મહત્ત્વ અને તેમના યોગદાનની વાત કરી, સામાજિક પ્રશ્નોથી વાકેફ કરી તેના નિરાકરણ માટેનું માર્ગદર્શન તેમજ ‘વસુધૈવ કુટુમ્બકમ્’નો ભાવ જગાડવા કોમવાદ, જ્ઞાતિવાદથી ઉપર ઊઠી માનવ બનવા સમજાવ્યું હતું. અતિથિ વક્તા તરીકે શ્રી ઉદયભાઈ જાદવ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે પ્રિ. ડૉ. કપિલ ત્રિવેદીએ શરીર અને મનને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્ત્વ સમજાવ્યું હતું. તાલીમના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને હાજીપુર સ્થિત મંથન અપંગ કન્યા સંકુલની મુલાકાત કરાવી હતી. સમાપન સમારંભમાં ‘કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ’ના પ્રમુખ ડૉ. મણિભાઈ એસ. પટેલે સમાજ અને રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કૉ-ઑર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે રાહુલભાઈ સુખડિયા અને પ્રો. વરુણભાઈ શેલત દ્વારા કરવામાં આવ્યું હતું.

## શાળા વિભાગ

### પ્રકાશપર્વ

▪ એસ. વી. ઇંગ્લિશ પ્રાઇમરી સ્કૂલ માટે દીવડા સુશોભન તેમજ રંગોળી બનાવવાની પ્રવૃત્તિના આયોજન અંતર્ગત શાળાના આંગણાથી લઈને સમગ્ર શાળામાં સુશોભન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી સુખરામ ચૌધરીએ શાળા પરિવારને દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

▪ એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલમાં ધો.-1થી 4ના વિદ્યાર્થીઓ માટે દિવાળીપર્વ નિમિત્તે દીવડા સુશોભન અને ધો.-5થી 8ના વિદ્યાર્થીઓ માટે હસ્તકલા પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

▪ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધો.-3થી 5ની વિદ્યાર્થિનીઓ માટે દિવાળીકાર્ડ બનાવવાની સ્પર્ધા અને ધો.-6થી 8 માટે રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. આ ઉપરાંત ધો.-5થી 8ની વિદ્યાર્થિનીઓ માટે વિવિધ વૃક્ષોમાં પાંદડાં ઉપર અવનવા રંગો પૂરીને કલાત્મક કૃતિઓ બનાવવાની પ્રવૃત્તિ આયોજિત કરવામાં આવી હતી.

### મોક વિધાનસભા

▪ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધો.-7ની વિદ્યાર્થિનીઓ દ્વારા સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત મોક વિધાનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓમાંથી વિધાનસભાના અધ્યક્ષ, મુખ્યમંત્રી, મંત્રીઓ, વિરોધપક્ષના નેતા વગેરે બનાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થિનીઓ દ્વારા રાજ્યને સ્પર્શતા જુદા-જુદા પ્રકારના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

## રંગોળી

▪ શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં ધો. 3-4નાં બાળકો માટે ફૂલોમાંથી રંગોળી બનાવવાની પ્રવૃત્તિનું આયોજન તારીખ 21-10-23ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં રંગબેરંગી ફૂલો જેવાં કે ગલગોટા, ગુલાબ, ગુલાબની પાંદડી અને પાંદડાંમાથી જુદા જુદા પ્રકારની રંગોળી બનાવવાની તેમજ થાળી સુશોભન, કાગળમાંથી વિવિધ પ્રકારની ક્લાત્મક વસ્તુઓ બનાવવાની અને દીવાસળીની સળીમાંથી મૂળાક્ષર બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વક્તૃત્વસ્પર્ધા

▪ શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા તા. 9 ડિસેમ્બરના રોજ ધો. 6થી 8ના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરલ-6 માટે વૃક્ષોનું મહત્ત્વ, ધો. 7 માટે શિસ્તનું મહત્ત્વ અને ધો. 8 માટે આદર્શવિદ્યાર્થી વિષયો નક્કી કરવામાં આવ્યા હતા. દરેક ધોરણમાંથી વિજેતા પ્રથમ ત્રણ નંબર વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

## વાલીસભા

▪ એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલમાં પ્રથમ શૈક્ષણિકસત્રના સમાપનમાં શિક્ષકો અને વાલીશ્રીઓની બેઠકનું આયોજન તા. 4 નવેમ્બરના રોજ કરવામાં આવ્યુ હતું. જેમાં શિક્ષકોએ વિદ્યાર્થીઓની વિવિધ ક્રિયાત્મક પ્રવૃત્તિ અને અભ્યાસલક્ષી પરિણામ દર્શાવી વાલીશ્રીઓને મૂંઝવતા પ્રશ્નોનું માર્ગદર્શન આપી નવા શૈક્ષણિકસત્રની શુભેચ્છા પાઠવી હતી.

▪ એસ. વી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં વિદ્યાર્થીઓનાં વાલી સાથેની બેઠકનું આયોજન તા. 3 નવેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શિક્ષકો દ્વારા વાલીઓને વિદ્યાર્થીઓની વિવિધ ક્ષેત્રમાં પ્રગતિ વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

## વિજ્ઞાન ગણિત-પ્રદર્શન 2023

▪ શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા ગાંધીનગર ક્લસ્ટર કક્ષાના વિજ્ઞાન મેળામાં રજૂ કરવામાં આવેલી. ત્રણ કૃતિઓ પૈકી કૃષિ વિભાગ-1માં પાક સંરક્ષણની કૃતિએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો. આ કૃતિ તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળામાં રજૂ કરવામાં આવી હતી.

## વિજ્ઞાન નાટક

▪ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓએ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ ઍન્ડ ટેક્નૉલોજી (GUJCOST) દ્વારા પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર, રાજકોટ ખાતે આયોજિત રાજ્ય કક્ષાના 'નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ 2023'માં ભાગ લઈ દ્વિતીય નંબર મેળવ્યો. ચાલુ વર્ષને MILLET વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. ત્યારે આ વિષય અનુરૂપ 'બાજરિયું' નામનું નાટક વિદ્યાર્થિનીઓએ રજૂ કર્યું હતું. શિક્ષિકાઓ સર્વશ્રી પ્રવીણાબેન પટેલ અને વીથીબેન પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ નાટકનું લેખનકાર્ય શાળાની નિવૃત્ત શિક્ષિકાઓ શ્રી ભગવતીબેન પટેલ અને શ્રી જયશ્રીબેન પટેલે કર્યું હતું.

## વ્યાખ્યાન

▪ શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં ભૂતપૂર્વ વિદ્યાર્થી યશ દીપકકુમાર માંકડ કે જેઓશ્રી હાલમાં રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયામાં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે, તેમના વ્યાખ્યાનું આયોજન 14 ઑક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું. તેમણે ધો. 8ના વિદ્યાર્થીઓને પોતાના અનુભવો જણાવવા ઉપરાંત શિક્ષણમાં એકાગ્રતા જાળવીને સર્વાંગી વિકાસ કેવી રીતે કરવો તે બાબતે સમજણ પૂરી પાડી હતી.

▪ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ડબલ્યુડીસી અંતર્ગત ગાયનેકોલૉજિસ્ટ ડૉ. નીતાબેન શેખાતના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે ધો. 6થી 8ની વિદ્યાર્થિનીઓને સ્ત્રી-રોગોની જાણકારી તેમજ આરોગ્ય જાળવણી વિશે જાણકારી આપી હતી.

## શિક્ષક - પ્રશિક્ષણ

▪ એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલના શિક્ષકો માટે ત્રિદિવસીય ફેકલ્ટી ડેવલપમૅન્ટ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. જેમાં 'Mental Health Wellness Department'નાં કાઉન્સેલર શ્રુતિ તિવારી અને માનુષી ઉપાધ્યાય દ્વારા Learning Disabilities' કઈ રીતે સમજવી અને નિવારવી તેમજ ભાવિ પડકારો કઈ રીતે ઝીલવા વિશે ઉપયોગી માહિતી પ્રદાન કરવામાં આવી હતી. જેમાં શિક્ષકોના વિવિધ પ્રકારના પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ મળી રહ્યા હતા.

## શૈક્ષણિક પ્રવાસ /મુલાકાત

▪ શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા ધો.-4-5ના વિદ્યાર્થીઓ માટે તા. 3-11-23ના રોજ પોઈચા અને સ્ટેચ્યૂ ઑફ યુનિટીના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પોઈચામાં વિદ્યાર્થીઓએ ભગવાન નીલકંઠવર્ણીનાં દર્શન કરીને, પ્રદક્ષિણા કરી સમગ્ર નીલકંઠધામનું દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં વ્યૂ-ગૅલેરી, ફ્લાવરવેલી, જુદા-જુદા બગીચા, સરોવર, લેસર શૉ વગેરેની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત તા. 4થી 8 નવેમ્બર, 2023 દરમિયાન ધો. 6થી 8ના વિદ્યાર્થીઓ માટે સૌરાષ્ટ્ર દર્શનનું આયોજન કરવામાં આવતાં સૌએ દ્વારકા, શિવરાજ બીચ, બેટ દ્વારકા, સોમનાથ દર્શન, સાસણગીર, દેવગઢ, જૂનાગઢના શિલાલેખો, ઉપરકોટ કિલ્લો, દામોદરકુંડ, ભવનાથ મહાદેવ, ગિરનાર પર્વત વગેરે તેમજ પોરબંદરમાં કીર્તિમંદિર વગેરેની મુલાકાત લીધી હતી.

▪ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તા. 4થી 7 નવેમ્બર, 2023 દરમિયાન સૌરાષ્ટ્રના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવતાં 104 વિદ્યાર્થિનીઓ તથા આઠ શિક્ષકો જોડાયાં હતાં. આ પ્રવાસમાં સોમનાથ, દ્વારકા, સાસણગીર, કાગવડ, વીરપુર, પોરબંદર વગેરે સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. આ ઉપરાંત ધો. 6થી 8ના વિદ્યાર્થીઓ માટે કેવડિયાની મુલાકાતનું આયોજન તા. 3 નવેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ સરદાર ડેમ, જંગલ સફારી, પેટ ઝોન, ફ્લાવર ઑફ વેલી, સ્ટેચ્યૂ ઑફ યુનિટી, પ્રદર્શન વગેરેની મુલાકાત લીધી હતી.

▪ શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાના ધો. 1થી 2નાં બાળકોને તા.14-10-23ના રોજ દેરોલ, વિજાપુર ખાતે આવેલા તિરુપતિ ઋષિવન ગાર્ડનની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. બાળકોએ રાઈડ્સ તથા ટ્રેનમાં બેસવાનો આનંદ માણ્યો હતો.

▪ એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલનાં ધો. 5થી 8નાં વિદ્યાર્થીઓ માટે સ્ટેચ્યૂ ઑફ યુનિટીના શૈક્ષણિક પ્રવાસનું તા. 1 નવેમ્બર, 2023ના રોજ આયોજન કરવામાં આવતાં વિવિધ સ્થળોની મુલાકાત કરાવવા ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલનાં જીવન અને કાર્યથી પરિચિત કરવામાં આવ્યાં હતાં, જ્યારે ધો. 1થી 4નાં વિદ્યાર્થીઓને ડિલી રિસોર્ટની મુલાકાતે તા. 3 નવેમ્બરના રોજ લઈ જવામાં આવ્યાં હતાં.

▪ એસ. વી. ઇંગ્લિશ પ્રાયમરી સ્કૂલના ધો. 5થી 8નાં વિદ્યાર્થીઓ માટે સ્ટેચ્યૂ ઑફ યુનિટી, કેવડિયા કૉલોનીના પ્રવાસનું આયોજન તા. 27 ઑક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ફ્લાવર ગાર્ડન, મ્યુઝિયમ, લેસર શૉ વગેરેની મુલાકાત લીધી હતી. ધો. 7નાં વિદ્યાર્થીઓને ઇન્ડિઅન સ્પૅસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ની મુલાકાતે તા. 14 ઑક્ટોબરના રોજ અને ધો. 4નાં વિદ્યાર્થીઓને કાંકરિયા સ્થિત પ્રાણીબાગની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં.

## સ્કાઉટ ગાઇડ

▪ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં સ્કાઉટ ગાઇડની વિદ્યાર્થિનીઓની પ્રવૃત્તિના ભાગરૂપે દાન મેળવવાની પ્રવૃતિ અંતર્ગત કપડાં, પુસ્તકો, રમકડાં અને ઉપયોગમાં આવે તેવી વિવિધ વસ્તુઓ 25 જેટલા કોથળા ભરીને દાનમાં મેળવી હતી. આ વસ્તુઓ જરૂરતમંદોને વહેંચી દેવામાં આવી હતી.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૩, અંક :૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૩, સળંગ અંક : ૭૮**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

**શ્રી જે. બી. પ્રાથમિક શાળા, શ્રીમતી એમ. બી. પટેલ કન્યા શાળા, એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ અને એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલનાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી તેનાં દ્રશ્યો.**




















શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓએ Gujcost દ્વારા રાજકોટમાં આયોજિત નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલમાં ‘બાજરિયું’ નાટક રજૂ કર્યું હતું તેનું એક દ્રશ્ય. આ નાટક દ્વિતીય ક્રમે વિજેતા થયું.



‘સર્વ નેતૃત્વ’ દ્વારા આયોજિત આકલનસત્રમાં તજજ્ઞ વક્તા શ્રી પરેશ ભટ્ટ તાલીમાર્થીઓને સ્મૃતિચિહ્ન અર્પણ કરી રહ્યા છે.

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 13, Issue No. 6 November-December 2023
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6




શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં વિદ્યાર્થીઓએ
તિરુપતિ ઋષિવનની મુલાકાત લીધી તેનું દ્રશ્ય.

